
# નિરાળું નેતૃત્વ





સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મ દર્શનનું સાધન છે.
પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું પણ એ જ સાધન છે.

–ભગવાન સ્વામિનારાયણ

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

# અમૃત મહોત્સવ '૯૫




## દાદર, મુંબઈ - ૧૪.



જીવનમાં સંયમ અને આત્મજ્ઞાન આવે એ જ સાચો વિકાસ.

–પ્રમુખસ્વામી મહારાજ

प्रगट ब्रह्मस्वरूप प्रमुखस्वामी महाराज अमृत महोत्सव प्रकाशन
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૦

# નિરાળું નેતૃત્વ

(પ્રમુખસ્વામી મહારાજના વિરલ નેતૃત્વની લાક્ષણિકતાઓ
મેનેજમેન્ટનાં એક ઊંડા અભ્યાસીની કલમે)

: લેખક :
ડૉ. એ.સી. બ્રહ્મભટ્ટ
(Ph.D. FDP (IIMA), L.L.B.)

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ અમદાવાદ -૪

Nirālu Netrutva

by Prof. A. C. Brahmabhatt

Publisher : SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Ahmedabad-380 004. (INDIA)

2nd Edition : March, 1996, Copies : 5000



ISBN : 81-7526-033-5

**દ્વિતીય આવૃત્તિ :**
એપ્રિલ, ૧૯૯૬.

**પ્રત :**
૫૦૦૦ (કુલ પ્રત : ૧૨,૦૦૦)

**આવરણ છબી :**
સાધુ યોગીચરણદાસ

**મૂલ્ય :**
રૂા. ૧૧-૦૦

**મુદ્રક અને પ્રકાશક :**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# આમુખ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતી આ પ્રકાશન શ્રેણીના પ્રત્યેક લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

માનવદેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક પુષ્પમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવમાત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્ પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

આ પુસ્તિકામાં, ડૉ. એ.સી. બ્રહ્મભટ્ટે પરમ પૂજ્ય સ્વામીશ્રીના લોકોત્તર નેતૃત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. મેનેજમેન્ટના એક ઊંડા અભ્યાસી તરીકે પરમ પૂજ્ય સ્વામીશ્રીના વ્યક્તિત્વથી અત્યંત પ્રભાવિત થનારા અનેક મહાનુભાવોનાં પ્રતિબિંબ આ પુસ્તિકામાં ઝિલાયાં છે. ડૉ. એ.સી. બ્રહ્મભટ્ટ વર્ષોથી મેનેજમેન્ટ ક્ષેત્રના અધ્યયન અને અધ્યાપનના અનુભવી તરીકે, સ્વામીશ્રીનાં વિરલ નેતૃત્વના જુદા જુદા પાસાઓ રજૂ કરે છે. આ લેખન બદલ અમે તેઓના આભારી છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

**- પ્રકાશન સમિતિ**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

# હૃદયોર્મિ...

સ્વામી !
આપ સ્વયં અમૃત છો.
આપના અમૃત સભર અમૃત મહોત્સવે,
સૌ અમૃત સંતાનો,
અમૃત સાથે રસબસ થશે, અમૃતરૂપ (બ્રહ્મરૂપ) થશે.

સ્વામી ! બે-એક વર્ષ પહેલાંનો એ દિવસ અમને યાદ છે.
આપના અમૃત મહોત્સવની ઊજવણીની દરખાસ્ત લઈને અમે
આપની પાસે આવ્યા'તા ! રસાકસી જામી'તી !
'શાનો અમૃત મહોત્સવ ? શું છે આ બધું ? કંઈ નથી ઊજવવું. બધું ઉજવાઈ ગયું....'
આપની નારાજ મુખાકૃતિ અને આ ઉદ્ગારો અમને યાદ છે.
આપ સંમતિ આપતા જ નહોતા !
છેવટે સાક્ષાત્ શ્રીહરિ અમારા પક્ષે ભળ્યા ને આપ હાર્યા !
આપને હરાવવાનું અમે આપની પાસેથી જ શીખ્યા છીએ ને !
ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના
જયંતી મહોત્સવની ઊજવણી વખતે
આપે એમને આમ જ હરાવ્યા'તા ને !

સ્વામી !
જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે પણ આપનામાં ભગવાન સિવાય બીજું કંઈ જ નથી !
આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી.
સ્વયંસહજ ભગવાનના ધારક છો.
કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.
ઠરાવેલું કેટલું ચાલે ?
સિંહણનું દૂધ સુવર્ણપાત્ર જ માંગે !
એટલે જ ,
આ એક અમૃત મહોત્સવ તો શું ?
અનેકાનેક આવા અમૃત મહોત્સવો ઓછા પડે
એવું આપનું વ્યક્તિત્વ છે,

એવું આપે અમારા માટે, જીવપ્રાણીમાત્ર માટે કર્યું છે.
ભક્તો જ આપનું જીવન, ભક્તો જ આપના શ્વાસોચ્છ્વાસ !

આપના અમૃત મહોત્સવે
આપની સદા વહેતી દિવ્યતા અને કાર્યધારા,
અનેક આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં નવતરરૂપે વહેશે.
તેમાં, લેખન દ્વારા,
આપના અમૃત વ્યક્તિત્વનાં આરાધન, ચિંતન, મનન
અને અનુભવપૂત નિદિધ્યાસનની છોળો ઊડશે.
જો કે અહીં ફરી પાત્રતાનો, ક્ષમતાનો ગજાનો સવાલ આવે છે.
આપના માટે લખવું એટલે
આકાશનો પરિચય કરાવવો.
ગુરુત્વાકર્ષણની બહાર ગયેલા અવકાશયાત્રીઓને
જે અનુભવ થયો તેનું વર્ણન પૃથ્વી પર રહેલાથી કઈ રીતે થાય ?
એ વર્ણવવા જાત-અનુભવ જ લેવો પડે. તેમ,
આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત, અખંડ ભગવાનમય.
આપ દેહાતીત નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ.
કઈ રીતે આપને શબ્દોમાં મૂકવા ?
છતાં, કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
'હાં હાં ગડથલ' રૂપે કંઈક કરવાનો ઊમળકો છે.
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણુ જેટલી અમારી સેવાને આપ મેરુતુલ્ય માનો છો,
તેથી અમે વિશેષ ફાવ્યા છીએ. અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવાહ નથી,
કોઈને દેખાડવાના અભરખા નથી,
માત્ર હૃદયોર્મિ ઠાલવી છે.
આ હૃદયોર્મિઓ સ્વીકારશોને સ્વામી ?

**પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ સમિતિ વતી**
**સાધુ કેશવજીવનદાસ**
(મહંત સ્વામી)

# અનુક્રમણિકા

# પ્રાસ્તાવિક

અધ્યાત્મની, આભ આંબતી ઊંચાઈઓને સર કરતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનનું વ્યક્તિત્વ - વૈવિધ્ય એવું છે કે

लिखति यदि शारदा सर्वकालं तदपि तव गुणानामिश पारं न याति ।

કદાચ શારદાદેવી પણ તેમના ગુણો લખવા બેસે તો પાર પામે નહીં...

ગુણાતીત સત્પુરુષોની એ ખાસિયત રહી છે કે હંમેશાં પોતે પોતાની જાતને, અદનામાં અદના સેવક તરીકે જ ઓળખાવે છે. 'આપણે ક્યાં નેતા છીએ ? આપણે તો સેવક છીએ.' સ્વામીશ્રીની આ જાણે જીવનભાવના છે. અને છતાંય લાખ્ખો અનુયાયીઓને તેમનું જે નેતૃત્વ સાંપડ્યું છે - તેની તુલનામાં રાજકીય, સામાજિક, શૈક્ષણિક કે અન્ય કોઈ ક્ષેત્રનું નેતૃત્વ વામણું લાગે !

આધુનિક વિશ્વમાં, 'વાણિજ્ય અને સંચાલન' ક્ષેત્રે સફળ અને અસરકારક નેતૃત્વ વિષે, એ ક્ષેત્રના તજ્જ્ઞો અને માનવવર્તણૂંકના પ્રખર અભ્યાસીઓના, અધ્યયન અને સંશોધનના પરિણામ રૂપે, કેટલાંક ધોરણો નક્કી થયાં છે; આ તમામ ઉપલબ્ધ ધોરણોના પરિપ્રેક્ષ્યમાં, પૂજ્ય સ્વામીશ્રીના નેતૃત્વને મૂલવવાનો આ એક અતિ નમ્ર પ્રયાસ છે - જેમાંથી ખીલી ઊઠે છે - તેમનું સૌથી નિરાળું, બેમિસાલ નેતૃત્વ !

પ્રસ્તુત પુસ્તકના કોઈક પાને - કોઈક પ્રસંગનિરૂપણમાં વાચકને આ મહાન નેતાને નતમસ્તક થઈ જવાનું મન થઈ જાય, તો તેને તેમની જ કેવળ કરુણા સમજવી અને જો શુષ્કતા દેખાય, પ્રવાહિતા ન અનુભવાય તો તેને લેખકની ઊણપ-અધૂરપ માની ક્ષમ્ય ગણવી.

મને આ સેવાની અણમોલ તક આપવા બદલ હું પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીનો હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રકાશન સમિતિનો પણ હું આભારી છું.

**- ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ**

# ૧. બહુપરિમાણીય વ્યક્તિત્વ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વિરાટ, બહુપરિમાણીય વ્યક્તિત્વનાં વૈવિધ્યસભર પાસાંનો પાર પામી શકાય એમ નથી.

૧.૧

વિદેશીઓને સ્પર્શી ગયું આ પારદર્શક વ્યક્તિત્વ. ૧૯૮૪ની ૨જી જુલાઈની સાંજે, ન્યૂયોર્કમાં માઈકલ ડુન્ઝ નામના એક અમેરિકનને સ્વામીશ્રીનાં દર્શનમાં પોપથી પણ વધુ મહાનતા દેખાઈ; હૉલેન્ડના હનકોપે સ્વામીશ્રીને ગુરુ તરીકે સ્વીકાર્યા; કેન્યાના પ્રૉ. વોશીંગ્ટન ઓકુમુને તેમનાં દર્શન માત્રથી અંતરમાં અદ્ભુત શાંતિનો અનુભવ થયો. ૧૯૮૮ની ૨૮મી એપ્રિલના દિવસે બ્રિટિશ પાર્લામેન્ટમાં પ્રથમ હિંદુ ધર્મગુરુના દિવ્ય પદાર્પણથી પરિપ્લાવિત થયા ત્યાંના સાંસદો - કીથ વાઝ, પૉલ બૉટેન્ગ રોબર્ટ રોલ્ડોન, જેરેમી કોર્બીન અમેરિકાની વાબાશ કૉલેજના 'રીલીજિયન' વિભાગના વડા પ્રૉ. રેમન્ડ વિલિયમ્સે તો સ્વામીશ્રીને લક્ષ્યમાં રાખી 'યોગક્ષેમના વાહક - કુશળ ગુરુ' એ વિષય પર સંશોધનાત્મક અભ્યાસ કર્યો. ગાંધીનગરમાં આવેલા 'અક્ષરધામ'માં મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન (સચ્ચિદાનંદ) કરનાર વિશ્વવિખ્યાત દિગ્દર્શક, ઝેક દેશના પ્રૉ. જેરોસ્લેવ ફ્રિચે, તેમનો દેશ, જ્યાં હમણાં જ લોકશાહીનું પારણું બંધાયું, તેના જટિલ પ્રશ્નોનો ઉકેલ સ્વામીશ્રીમાં જોયો !

૧.૨

ભારતનો અને વિદેશનો સાધુસમાજ તો આ સંતસમ્રાટ પર વારી ગયો.

આંધ્ર પ્રદેશના પૂજ્ય જીઅર સ્વામીએ પ્રમુખસ્વામીમાં 'આધ્યાત્મિક શિલ્પી'નાં દર્શન કર્યાં. નામદાર પોપે તા. ૭મી એપ્રિલ, ૧૯૮૪માં સ્વામીશ્રીની વેટીકન સિટીની મુલાકાત વેળાએ સ્વામીશ્રીને શાંતિ, ન્યાય અને સત્યના પ્રવર્તક તરીકે નવાજ્યા; દિવ્યજીવન સંઘના અધ્યક્ષ ચિદાનંદ સ્વામીએ તેમનામાં 'ઝળહળતો આધ્યાત્મિક તેજપુંજ' જોયો; સત્યમિત્રાનંદ સ્વામીએ સ્વામીશ્રીને 'ભારતીય પરંપરાની અનુપમ ધરોહર' તરીકે ઓળખાવ્યા; શ્રી રામસ્વરૂપ શાસ્ત્રીએ તેમનામાં સ્વામી વિવેકાનંદનું દર્શન કર્યું; ભારતસાધુસમાજના મહામંત્રી હરિનારાયણાનંદ સ્વામીએ તેમને 'સાધુ સમાજના મુકુટમણિ સમાન આધ્યાત્મિક મહાપુરુષ' કહ્યા; અમેરિકા સ્થિત જૈનમુનિ સુશીલકુમારજીએ તેમને 'યુગપુરુષ' તરીકે નવાજ્યા. અડમાર મઠના આચાર્ય વિબુધેશ તીર્થજીએ જણાવ્યું કે ભગવાન પોતાની પ્રિય વ્યક્તિની યાદી બનાવે તો તે યાદીમાં પ્રમુખસ્વામી મહારાજનું નામ પ્રથમ મૂકે !

રામકૃષ્ણ મિશન, રાયપુરના અધ્યક્ષ અને વિદ્વાન્ સંતવર્ય સ્વામી આત્માનંદજીએ સ્વામીશ્રીની અપ્રતિમ પ્રતિભાને નિહાળતાં કહ્યું હતું : 'સ્વામીશ્રી કેટલા દિવ્ય પુરુષ છે ! એટલા વિનમ્ર કે આજે આવા મહાપુરુષ મળવા દુર્લભ છે. તેઓ એક એવા પુરુષ છે જે મને સૌથી વધુ સ્પર્શે છે. તેઓ આધ્યાત્મિક રીતે ઘણા ઊંચા છે અને એટલા મૌન છે, છતાં એમની આસપાસના હજારોને ક્રિયાન્વિત (active) કરે છે.'

૧.૩

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના અગ્રણી સંતવર્યોએ સ્વામીશ્રીમાં શું શું જોયું ?

અક્ષરનિવાસી મહાન સંતવર્ય સંતસ્વામીએ, પ્રમુખસ્વામીના હસ્તે દુનિયાના તમામ દેશોમાં અક્ષરપુરુષોત્તમનાં મંદિરો થશે એવો સ્વામીશ્રીમાં અટલ વિશ્વાસ વ્યક્ત કર્યો; મહંત સ્વામી કઠણમાં કઠણ સંજોગોમાં આ ગુરુહરિની હળવાશ પર વારી ગયા; બાલમુકુંદ સ્વામીએ 'આજ્ઞાપાલનમાં એમની અમીદૃષ્ટિ' થાય એવી અનુભવસિદ્ધ વાત કરી; ડૉક્ટર સ્વામીએ તેમનામાં અખંડ ભગવાનનાં દર્શન કર્યાં, કોઠારી સ્વામીએ તેમને 'જીવનનું સમૂળું રૂપાંતર કરવા સમર્થ' પુરુષ તરીકે ઓળખાવ્યા; ઈશ્વરચરણ સ્વામીએ

'અલખના ઓલિયા' કહી સ્વામીશ્રીને સદાય પરિતૃપ્ત અને પૂર્ણકામ નીરખ્યા; તો સ્વામીશ્રી સાથે વિચરતા અને તેમનું સતત દિવ્ય સાન્નિધ્ય માણતા મેધાવી સંત વિવેકસાગર સ્વામીએ આ સાન્નિધ્યમાં Divine-rays treatment (દિવ્ય કિરણો દ્વારા આધ્યાત્મિક સારવાર)નો અનુભવ કર્યો.

૧.૪

ગુજરાત અને ગુજરાત બહારના લબ્ધ પ્રતિષ્ઠ સાહિત્યકારો, કવિઓ, વિદ્વાનો અને કલાકારો આ વ્યક્તિત્વથી કેવા અંજાયા ?!

પંડિત રામનારાયણને સ્વામીશ્રીમાં 'દિવ્યતાના અંશ' દૃષ્ટિગોચર થયા; સ્વ. કવિશ્રી દુલાભાયા કાગે 'પ્રમુખસ્વામીને સેવતાં રીઝે શ્રી ઘનશ્યામ' એમ ગાયું; કવિશ્રી હરીન્દ્ર દવેએ પોતાના કથન દ્વારા 'ભવનાં જાળાં તોડવા' એમને પ્રાર્થ્યા; તો પંડિત મંછારામ દ્વિવેદીએ 'વેદપુરાણના વ્યાસ પણ આપની સ્તુતિ ગાવા અસમર્થ નીવડે' એવી વાત કહી.

૧.૫

વિદ્વાન ન્યાયમૂર્તિઓ અને કાયદાવિદો સ્વામીશ્રીના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા. ગુજરાત હાઈકોર્ટના માજી મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ શ્રી દીવાન સાહેબને સ્વામીશ્રીનું નિર્માનીપણું સ્પર્શી ગયું. ગુજરાત હાઈકોર્ટના માજી ન્યાયમૂર્તિ શ્રી અરુણ સુરતીએ સ્વામીશ્રીમાં અટલ શ્રદ્ધા વ્યક્ત કરતાં કહ્યું : 'જે દેશના સુકાની આવા સંત છે ત્યાં સુધી ભારતીય સંસ્કૃતિ જોખમાશે નહીં.'

વિખ્યાત કાયદાશાસ્ત્રી અને સુપ્રિમ કોર્ટના સિનિયર ઍડવોકેટ નાની પાલખીવાળાએ તો ત્યાં સુધી લખ્યું છે કે 'અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ જે સિદ્ધિઓ હાંસલ કરી છે, તેને કલમમાં ઉતારવાનું કામ મુશ્કેલ છે. સાથે સાથે જન સમાજ પર જીવન સમર્પિત કરીને આ સંસ્થાના ભક્તોએ જે ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે અને તેનો જે પ્રભાવ જનસમુદાય પર પડ્યો છે, તેને વર્ણવી શકાય તેમ નથી.'

તેમણે આગળ જણાવ્યું કે 'પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ સમર્પિત સંતોનું વૃંદ અહિંસા, ભ્રાતૃભાવ અને આધ્યાત્મિક જાગૃતિના પ્રસારણમાં જે હૃદયપૂર્વકની લગનીથી જોડાયા છે, તે

ભારતીય સંસ્કૃતિની એક મહોર છાપ (Hall mark) બનશે.'

૧.૬

જેમના જીવમાં સત્સંગ ઊતરી ગયો છે એવા સંસ્થાના સંનિષ્ઠ વડીલ હરિભક્તોએ તેમના આ ગુરુહરિને કેવી રીતે નીરખ્યા-નિરૂપ્યા !?

ભક્તરાજ હર્ષદભાઈ દવેએ એમના સ્વરૂપમાં અક્ષરબ્રહ્મનાં દર્શન કરી-શાસ્ત્રીજી મહારાજનો નિરાળો સમન્વય અનુભવ્યો, તો ભક્તરાજ શ્રી હકાબાપુએ તેમનામાં 'બાળ સખા'નાં દર્શન કર્યાં; સુમુલ ડેરીના સ્થાપક શ્રી આશાકાકાએ સ્વામીશ્રીને 'જીવન રક્ષક' કહ્યા, તો ભક્તરાજ શ્રી સી. ટી. પટેલ સાહેબે સ્વામીશ્રીને 'સ્થાવર-જંગમ સચરાચરના નિયંતા' તરીકે નીરખ્યા.

૧.૭

દેશ-વિદેશમાં સ્થિત, જુદાં જુદાં ક્ષેત્રોમાં જેનું સંચાલન અને આયોજનમાં આગવું પ્રદાન હોય તેવા કુશળ સંચાલકો (Managers) અને આયોજકોએ (Planners) પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, સંચાલનશક્તિ અને વહીવટી કુનેહ નજરે નિહાળી પ્રશંસાનાં પુષ્પો વેર્યાં.

મુંબઈના ભૂતપૂર્વ શેરીફ શ્રી મોહનભાઈ પટેલે સ્વામીશ્રીને 'A man of modern management' (આધુનિક મૅનેજમેન્ટના અધિષ્ઠાતા) તરીકે ઓળખાવ્યા; ૧૯૯૧ની ૧૨મી જુલાઈથી ૧૧ મી ઑગસ્ટ, ૧૯૯૧, દરમિયાન અમેરિકાના એડીસન શહેરમાં, મીડલસેક્સ કાઉન્ટી કૉલેજના ૨૦૦ એકરના વિશાળ પ્રાંગણમાં યોજાયેલ Cultural Festival of India નિહાળી, ભારત સરકાર તરફથી આવા જ પ્રકારના વિદેશોમાં યોજાતા ઉત્સવોના ડાયરેક્ટર અને ભારતના ઉદ્યોગમંત્ર્યાલયના સચિવપદે રહી ચૂકેલા શ્રી કરતારસિંઘ લુથરાએ કહ્યું કે 'હું એક ડાયરેક્ટર તરીકે ૫૧ દેશોમાં ફર્યો છું અને કેટલાય ઉત્સવોનું આયોજન કર્યું છે, પરંતુ આવું આયોજન મેં ક્યાંય જોયું નથી... જાપાનના 'એક્સ્પો'માં પણ ગયો છું, પરંતુ ત્યાં પણ આટલું સુંદર મૅનેજમેન્ટ નથી જોયું.'

અમેરિકાના કૉંગ્રેસમૅન કર્ટ વેલ્ડન બોલી ઊઠ્યા : 'એકદમ અસાધારણ આયોજન !' અમેરિકાના તત્કાલીન પ્રમુખ શ્રી જ્યોર્જ બુશની, અંગત સલાહકાર સમિતિના એક સભ્ય શ્રી શંભુ બનિક આયોજનથી પ્રભાવિત થઈ

બોલ્યા કે 'આ મહોત્સવ ૧૯૯૧ની મોટામાં મોટી અજાયબી છે.' અમેરિકા ખાતેના ભારતીય રાજદૂત શ્રી આબીદહુસેને કહ્યું કે 'સ્વામીજી અને તેમના ભક્તોએ અહીંયા ગજબ કામ કર્યું છે... ભગીરથ પ્રયાસ કર્યો છે.' અમેરિકાના નૌકાદળની સૌથી મોટી હૉસ્પિટલ મૅડિકલ સર્વિસીઝ નેવલ હૉસ્પિટલના ડાયરેક્ટર શ્રી ટી.જી.પટેલે કહ્યું : 'It surpasses all kind of management.' (દરેક પ્રકારના મૅનેજમેન્ટ કરતાંયે ચડિયાતું !) જાણીતા ઉદ્યોગપતિ શ્રી રામકૃષ્ણ બજાજ જ્યારે અક્ષરધામની મુલાકાતે આવ્યા ત્યારે બોલી ઊઠ્યા : 'ભવ્ય અને અવર્ણનીય આયોજન !'

ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી એચ. એમ. પટેલે જણાવ્યું કે 'અહીંની વ્યવસ્થા જોઈને લાગ્યું કે આપણા દેશના યુવાનો પાસે કેટલી શક્તિ પડી છે ! આ સંસ્થાની જેમ સાચી પ્રેરણા અને માર્ગદર્શન મળે અને સાચાં મૂલ્યોની ઉપાસના કરવાની શક્તિ જાગે તો આ દેશ જરૂર ઉપર ઊઠી આવે...'

પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ તો સ્વામીશ્રીના ઉત્સવ-આયોજનની વિરાટતા જોઈને કહ્યું હતું કે 'દુનિયાની સાત અજાયબી તો મેં જોઈ છે, પણ આજે મેં અહીં આઠમી અજાયબી જોઈ ! અહીં હું જ્યાં જ્યાં ફર્યો ત્યાં સહકાર, સેવા અને પ્રેમ જ જોઈ શક્યો છું...'

અમુલ ડેરીના પ્રણેતા અને N.D.D.B.ના ચૅરમેન તેમજ કાબેલ વહીવટકર્તા ડૉ. કુરિયને સ્વામીશ્રીની પૂર્ણકામ સ્થિતિના અનુભવની વાત પ્રથમ જ મુલાકાત પછી આ શબ્દોમાં નિરૂપી હતી : 'અહીં સમગ્ર આયોજન - પ્રદર્શનો વગેરે જોયા પછી હું ખૂબ પ્રભાવિત થયો છું. સ્વામીશ્રીની આ સિદ્ધિ જોતાં મારી જે કંઈ સિદ્ધિ છે તે કંઈ જણાતી નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે !'

આર.એર.એસ.ના સર સંઘ સંચાલક રજ્જુભૈયાએ સ્વામીશ્રીના સંનિષ્ઠ અને બ્રહ્મચારી સંતોને જોઈ 'વીસમી શતાબ્દીનું સૌથી મોટું આશ્ચર્ય' ગણ્યું હતું અને કહ્યું હતું કે 'લોકોની સમજમાં નહીં આવે, પણ જે દેશમાં આજે પણ આ પ્રકારના યુવાનો છે, તેમાં નિરાશ થવાની કોઈ જરૂર નથી...'

૧.૮

આજથી બરાબર ૪૫ વર્ષ પહેલાં, સંવત્ ૨૦૦૬, જેઠ સુદ ચોથને

દિવસે (તા.૨૧-૫-૧૯૫૦) અમદાવાદની આંબલીવાળી પોળ(હાલ, યજ્ઞપુરુષ પોળ)માં આવેલ અક્ષરપુરુષોત્તમ મંદિરે, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ૨૮ વર્ષીય નવયુવાન સંત શ્રી નારાયણસ્વરૂપદાસજીની બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના પ્રમુખ તરીકે વરણી કરતાં જે ઐતિહાસિક ઉદ્‌ગારો ઉચ્ચાર્યા તે આ મુજબ હતા :

'મારી પોતાની પરીક્ષક શક્તિથી ચકાસી જોઈને, આ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ તરીકે મારી જગ્યાએ નિમણૂક કરી છે.'

આ ઉદ્‌ગારો માત્ર ઔપચારિક ઉદ્‌ગારો નહોતા. પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ અને વહીવટી કુશળતામાં આટલો વિશ્વાસ મૂકતી દૂરંદેશીજનિત દરખાસ્ત હતી. આ ઉદ્‌ગારોમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થાના ચિરંતનકાળ સુધીના દિવ્ય અસ્તિત્વનું અભયવચન હતું - એ હતું બ્રહ્મસ્વરૂપ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજનું આર્ષદર્શન !

૧.૯

છેલ્લા સાડા ચાર દાયકાથી મંદિરોના વિવિધ વિભાગોનું સંચાલન : કોઠાર, ભંડાર, ગૌશાળા, ખેતીવાડી, બાંધકામો, ઉતારાની વ્યવસ્થાઓ, મંદિરોનાં બાંધકામ - તેના માપ, ઘાટ, તેનાં સ્થાપત્ય, દેશ અને વિદેશની ધરતી પર યોજાયેલાં માનવઉત્કર્ષનાં અદ્‌ભુત એવાં આંતરરાષ્ટ્રીય અભિયાનોનું આયોજન, દુષ્કાળ-અતિવૃષ્ટિ-ભૂકંપ જેવી ભીષણ આપત્તિઓ દરમિયાનનાં આયોજનો અને એવી ગંભીર આફતો દરમિયાનનાં સંચાલનો (Calamity management); ગાંધીનગરમાં ભારતની સંસ્કૃતિના અજોડ સ્મારક 'અક્ષરધામ'નું નિર્માણ, આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસેલાં બાળ-યુવા-મહિલા સંસ્કાર કેન્દ્રો, વ્યસન મુક્તિ અભિયાનો, ગુજરાત વ્યાપી જળ સંચય અભિયાનો. ઇત્યાદિ વિરાટ કાર્યોને આશ્ચર્યજનક આયોજનશક્તિ અને કુનેહપૂર્ણ વહીવટી શક્તિથી સંપન્ન કરી બતાવી, તેમજ સેંકડો સંતો ને લાખો આબાલવૃદ્ધનાં પ્રેરણામૂર્તિ અને શાંતિદાતા બનીને પ્રમુખસ્વામી મહારાજે, શાસ્ત્રીજી મહારાજના ઉપરોક્ત ઉદ્‌ગારોને ચરિતાર્થ કરી બતાવ્યા છે.

શાસ્ત્રીજી મહારાજે તેમનામાં મૂકેલા શ્રદ્ધા અને વિશ્વાસને, ૭૪ વર્ષની આ જૈફ વયે પણ નકરી વાસ્તવિકતામાં પ્રતિપલ પરિણમતા પ્રમુખસ્વામી મહારાજ એક સર્વોત્કૃષ્ટ વ્યવસ્થાપક, અદ્વિતીય આયોજક અને સક્ષમ

સંચાલક તો છે જ; પરંતુ તેમની છેલ્લા ૪૫ વર્ષની અવિરત કાર્યશીલ અને કર્મઠ જીવનશૈલીની ક્ષણ ક્ષણમાંથી પ્રગટે છે તેમની એક અદકેરી અને મૂઠી ઊંચેરી આભા - અને તે છે એક રાહબરની, એક સફળ નેતાની, સફળ જ નહીં એક અસરકારક નેતાની.

અફાટ અસ્ખલિત વહેતી એમની જીવનગંગાનાં પુણ્યસ્રોતમાંથી એક ખોબલું ભરી, એમાં ડોકિયું કરી, એમના બેમિસાલ નેતૃત્વની આછી ઝાંખી કરવાનો; આવો, આપણે એક અનધિકાર પ્રયાસ કરીએ...

# ૨. સફળ જ નહીં એક અસરકારક નેતા

૨.૧

'નેતૃત્વ પૂરું પાડવું' કે 'દોરવણી આપવી'- જેને અંગ્રેજી ભાષામાં 'To lead' કહે છે, આ શબ્દ મૂળે ડચ, જર્મન, નોર્વેજીઅન, ડેનિશ, સ્વીડીશ જેવી બધી યુરોપિયન ભાષાઓમાં વપરાતા શબ્દ 'Laed'માંથી ઊતરી આવ્યો છે. એ ભાષાઓમાં તેનો અર્થ થાય છે 'માર્ગ', 'રસ્તો', 'ગતિ કરી રહેલ વહાણનો માર્ગ' ઈત્યાદિ. લોકોને પોતાની સાથે લઈને, તેમના માર્ગદર્શક બનીને, તેમના સહપ્રવાસી થઈને, અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડે તે નેતા.

સંચાલન (Management) અને નેતૃત્વ (Leadership) એ એકબીજાના પર્યાય નથી. સંચાલન, નેતૃત્વનો એક અભિન્ન ઘટક છે. સફળ - અસરકારક નેતૃત્વમાં, સફળ સંચાલન આપોઆપ સ્વતઃ સમાવિષ્ટ થયેલું જ હોય છે. અસરકારક નેતા એ સફળ સંચાલક હોય જ, પરંતુ સફળ સંચાલક હોય તે નેતા તરીકે અસરકારક ન પણ નીવડે ! સંચાલન એ નેતૃત્વનાં વિવિધ પાસાંમાંનું એક વિશિષ્ટ પાસું છે.

સંચાલક તેની કાર્યપદ્ધતિ દરમ્યાન, તેના હેઠળની વ્યક્તિઓને કાર્યમાં

પ્રેરે છે, પ્રોત્સાહન પૂરું પાડે છે અને જરૂર પડે તો ઠપકો પણ આપે છે, શિક્ષાત્મક પગલાં પણ લે છે. નેતાની કાર્યપદ્ધતિ કાંઈક આવી જ હોવા છતાં તેમાં જે તાત્ત્વિક ભેદ છે તે એ કે નેતા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે - પોતાના દૃષ્ટાંત દ્વારા કાર્યમાં પ્રેરે છે - કોઈપણ પ્રકારની કટુતા સિવાય. નેતા, અન્યમાં શ્રદ્ધા અને વિશ્વાસ જન્માવી શકે છે. અન્ય વ્યક્તિઓને કાર્યની યોગ્ય સોંપણી કરતો હોવા છતાં, નેતા કાર્યની સઘળી જવાબદારી તો પોતાને શિરે જ લે છે.

કોઈક લાયક, સક્ષમ વ્યક્તિની 'સંચાલક (Manager) તરીકે નિમણૂંક થાય, પરંતુ જ્યાં સુધી જે વ્યક્તિઓ સાથે તેણે કામ લેવાનું છે, તેમના દિલ અને દિમાગમાં તેની આ વરણીની સ્વીકૃતિ ન થાય ત્યાં સુધી તે સાચા અર્થમાં 'નેતા' બની શકતી નથી.

*

૨.૨

સંચાલકમાં સામાન્યતઃ જોવા ન મળતાં એવાં નીચેનાં સાત લક્ષણો નેતામાં મોજૂદ હોય છે :

(૧) સાચું દિશાસૂચન
(૨) સમૂહરચના - સમૂહકાર્ય
(૩) પ્રેરણા
(૪) સ્વદૃષ્ટાંત
(૫) પોતાના આશ્રિતોમાં અનન્ય વિશ્વાસ
(૬) અન્ય દ્વારા સ્વીકૃતિ
(૭) સત્તા વાપરે - પરંતુ પ્રેમજન્ય અધિકાર.

આ રીતે સંચાલન અને નેતૃત્વમાં તાત્ત્વિક તફાવત છે. સંચાલન એ ગદ્યના કોઈ પ્રકાર સમું છે, તો નેતૃત્વ પદ્યનો પ્રકાર છે - એક કવિતા છે. સંચાલક જો એક કુશળ ઇજનેર જેવો છે, તો નેતા એક સર્જનાત્મકતાથી સભર સ્થપતિ છે.

'Developing leaders' [૧] નામના પુસ્તકમાં તેના લેખક John Adair નેતૃત્વની વિભાવનાને સમજાવતાં કહે છે કે નેતાની અસરકારકતામાં ત્રણ બાબતોની આવશ્યકતા છે : (૧) કાર્યસિદ્ધિની

આવશ્યકતા; (૨) સમૂહરચના અને તેની સતત માવજતની આવશ્યકતા; અને (૩) સમૂહના સભ્યોની વ્યક્તિગત જરૂરિયાતો સંતોષવાની આવશ્યકતા. John Adair આ ત્રણેય બાબતોને ત્રણ પરસ્પર આવર્તિત વર્તુળો દ્વારા સમજાવે છે.




આ ત્રણે જરૂરિયાતોને સંતોષવા નેતા કેટલીક મહત્ત્વની કામગીરી સંભાળે છે.

- ધ્યેયો નક્કી કરવા.
- તેની સ્પષ્ટતા કરવી - સમજ આપવી.
- આયોજન કરવું - સમયનું, સાધનોનું, વ્યક્તિઓનું....
- વ્યક્તિઓને યોગ્ય રીતે કાર્યમાં જોડવી.
- ધ્યેય હાંસલ થાય છે કે કેમ તેનું સતત નિરીક્ષણ કરતા રહેવું.
- સહકાર અને ઉષ્મા પૂરાં પાડી, સમૂહરચના કરી, સમૂહનિષ્ઠા જાગૃત કરવી.
- સમીક્ષા કરવી

ઉપર બતાવેલ કોઈ એક વર્તુળના સંદર્ભમાં હાથ ધરેલી કામગીરી, અન્ય બે વર્તુળોને અસર કર્યા વિના રહે જ નહીં, અને તેથી આ ત્રણેય પરસ્પર આવર્તિત વર્તુળો અને ઉપરોક્ત કામગીરીઓ વચ્ચે જે સુભગ સમન્વય કરી શકે તે સાચો અસરકારક નેતા.

*

૨.૨.૧

લીંબડીના નાના મંદિરની બાજુમાં બીજી જગ્યા મળતાં ત્યાં નવાં બાંધકામોની કામગીરી ચાલુ હતી, તે અરસામાં સ્વામીશ્રી ત્યાં પધારેલા. સભાનું આયોજન થયેલું. સ્વામીશ્રીએ આશીર્વચન વરસાવતાં રવિસભાની દૃઢતાની વાત કરી. અને કહ્યું કે ‘દરેકે રવિવારે સભામાં આવવું. યોગીબાપાની આજ્ઞા છે, તે પડવી ન જોઈએ...’ આ વાત કરતાં કરતાં સામે

જ બેઠેલા મૂળજીભાઈ મિસ્ત્રીના યુવાન પુત્ર હિંમતને કહે, 'હિંમત, રવિસભામાં જાય છે ?'

'ના, બાપા.'

'તો હવે જજે, ને ધંધામાં નુકસાન થાય તે અમારી પાસે લઈ જજે, પણ રવિસભા ચૂકાવી ન જોઈએ.' હિંમત મનોમન આ આજ્ઞાને સ્વીકારી રહ્યો. સ્વામીશ્રીનાં સૂચનો તેમના અનુયાયીઓ સહજ સ્વીકારી લે છે - મન અને મસ્તિષ્કથી.

## ૨.૨.૨. તો જીવનનું કામ થઈ જાય

નડિયાદના હરિભક્ત શ્રી મહેન્દ્રભાઈ જમનાદાસ અમીન(બાપુજી)ના ઘરે યોગીજી મહારાજના સમયથી જ્યારે જ્યારે સંતો પધારે ત્યારે ઊતરે. ૧૩ જેટલા સભ્યોનું વિશાળ કુટુંબ, ઘરમાં નોકર-ચાકર હોવા છતાં આ સંયુક્ત કુટુંબના કામનું ભારણ તેમનાં પત્ની ભાનુબહેનને શિરે રહે. વળી તેઓ પણ એક ગર્ભશ્રીમંત કુટુંબમાંથી આવેલાં અને નાનપણથી જ 'સામાજિક સેવા એ જ સાચી સેવા' એવા દૃઢ ખ્યાલ.

૧૯૭૭માં એક દિવસ તેમના પતિ સ્વામીશ્રી સાથે વસોમાં મંદિરના નિર્માણના આયોજનની વાતચીત કરી ઘેર આવ્યા, ને ઘેર આવીને ભાનુબહેનને આ બધી વાત કરી; તો ભાનુબહેનથી સહેજે બોલાઈ ગયું કે 'આ તમારા સ્વામી તો પથરા પર પથરા ખડકે છે તેના કરતાં ધર્મશાળા, દવાખાનાં કરતા હોય તો સારું.'

તે જ સાંજે સ્વામીશ્રી તેમને ઘેર પધાર્યા. મહેન્દ્રભાઈ તેમજ તેમના કુટુંબના પુરુષ સભ્યો સૌ સ્વામીશ્રીની આજુબાજુ ગોઠવાઈ ગયા. વસોના મંદિરની વાત નીકળી. સ્વામીશ્રી મહેન્દ્રભાઈને કહે, 'બાપુજી ! મંદિર સરસ થશે. પણ ઘણાને એમ છે કે આ પથરા પર પથરા ખડકાય છે; પરંતુ એવું નથી. મનુષ્યના જીવનમાં એક ક્ષણ એવી આવે છે કે ક્યારેક એ ક્ષણે હૃદય ભગવાનના ચરણમાં નમે તો કામ થઈ જાય. ભલે મસ્તક ના નમે, દિલથી નમન થાય તો જીવનનું કામ થઈ જાય. એટલે આ મંદિરો કરીએ છીએ...'

ભાનુબહેનને એ જ સવારે બોલાઈ ગયેલાં તેમનાં વેણ વિષે, આજે પણ ભારોભાર વસવસો છે.

મંદિર નિર્માણની સ્વામીશ્રીએ હાથ ધરેલી આ એક દૃષ્ટિસંપન્ન ને

જીવન-ઉત્કર્ષની મહાન પ્રવૃત્તિનો મૂળ હેતુ, અહીં એકાદ વ્યક્તિના માધ્યમ દ્વારા, સમાજમાં ઝડપ વ્યાપી રહેલ એક કહેવાતા ભદ્ર, નિરીશ્વરવાદી અને નવતર - બૌદ્ધિક (Neo Intellectuals) વર્ગને જાણે કે પ્રમુખસ્વામીએ એક મહત્ત્વનો બોધ આપી, તેમના શ્રેય અને પ્રેયની એક સાચી દિશા ચીંધી !

*

૨.૨.૩

લોકશાહી ઢબે સંચાલનમાં માન્યતા ધરાવતા સંચાલકને પણ તેના મદદનીશ સંચાલકો, સુપરવાઇઝરો અને તેમના હાથ નીચેની અન્ય વ્યક્તિઓ તરફથી એક સતત ભય રહેતો હોય છે કે તેઓ સૌ સંતલસ કરી તેની વિરુદ્ધમાં કોઈ વ્યૂહરચના તો નહીં કરતા હોય ને ! આ ગર્ભિત ભયને કારણે તે સતત એવું ઇચ્છે અથવા એવી વ્યૂહાત્મક ગોઠવણી કરે કે જેથી તેઓ એક થઈ શકે જ નહીં. ન તો તેને તેમની એકતામાં રસ હોય, ન તો તેમના વિકાસમાં. તેથી ઊલટું, સ્વામીશ્રી જેવા આદર્શ નેતાને મન જો સૌથી મહત્ત્વની બાબતો હોય તો આ બે :

(૧) તેમના અનુયાયીઓ વચ્ચે એકતા

(૨) તેમનો સર્વાંગી વિકાસ

જ્યાં જ્યાં, જ્યારે જ્યારે પોતાના અનુયાયીઓ - આશ્રિતો પરસ્પરનાં ઐક્ય, સંપ કે સંવાદિતામાં તડ પડતી જુએ તો જાણે સ્વામીશ્રીના હૃદયમાં તડ પડી હોય એવી અસહ્ય વેદના તેમને થાય ! ક્યારેક આકળા થઈને પણ આ તડને પૂરી દેવાની કોશિશ કરે. થોડો અધિકાર પણ વાપરતા જણાય, પરંતુ ઉત્કટ પ્રેમમાંથી નીપજેલો એ અધિકાર સામી વ્યક્તિને અધિકાર ન લાગે; આંતરખોજ અને આંતરસુધારણાની અણમોલ તક ગણી તે આનંદની અનુભૂતિ કરતો દેખાય !

*

૨.૨.૩.૧

ઈ.સ. ૧૯૮૮ વિદેશના એક મંડળ માટે બે ભક્તો સ્વામીશ્રી સાથે એક મિટિંગ યોજીને બેઠા હતા. છેલ્લાં કેટલાક વખતથી એક ભક્તની માંગણી હતી કે એકાઉન્ટ સંભાળવા માટે એક પગારદાર માણસ જોઈએ છે. અને

બીજા તેમાં અસંમતિ દર્શાવતા. આ મિટિંગમાં પણ આ મુદ્દો તેમણે ઉપસ્થિત કર્યો. અને સ્વામીશ્રીને કહ્યું :

'બાપા ! આપ જ પૂછો કે એકાઉન્ટન્ટને રોજના ૮ કલાકનું કામ છે ખરું ?'

તેના જવાબમાં તે ભક્તે ના પાડી. પરંતુ પગારદાર વ્યક્તિની નિમણૂંકનો પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો. તેથી બંને વચ્ચે સ્વામીશ્રીની હાજરીમાં જ થોડી રકઝક શરૂ થઈ. એમાં એક જણ કંટાળો વ્યક્ત કરતાં બોલી ઊઠ્યા : 'સ્વામીબાપા ! એવું કરો કે મને હવે આમાંથી રીટાયર કરો.'

આ સાંભળી સ્વામીશ્રી ઊંડા ઊતરી ગયા; પળ બે પળ જાણે શાંતિ છવાઈ ગઈ. પછી સ્વામીશ્રી તેમનું નામ દઈને કહે : 'એમ કરો, હું અને તમે બંને સાથે રીટાયર થઈ જઈએ.'

એ ભક્ત તો તો સ્તબ્ધ જ થઈ ગયા !! સ્વામીશ્રી રીટાયર થાય તો શું વલે થાય ?!

તેમને અત્યંત દુઃખ થયું, તેમણે મનોમન ગાંઠ વાળી કે કોઈપણ દેશકાળમાં સ્વામીશ્રીને આવું કહેવું નહીં.

### ૨.૨.૩.૨. ઝેર પીને પણ કાર્ય કરવું પડશે

સ્વામીશ્રી ઈ.સ. ૧૯૯૦માં યોગી શતાબ્દી મહોત્સવના ઉદ્‌ઘોષ માટે અમેરિકા પધારેલા. અમેરિકા સત્સંગ મંડળની કેન્દ્રીય સમિતિના સભ્યો દ્વારા સત્સંગ પ્રચાર અને સત્સંગવિકાસની પ્રવૃત્તિઓનું કામ સંપથી ચાલ્યું. પરંતુ કેટલાક કારણોસર અંદરોઅંદર વિચારભેદ પણ રહ્યો હતો. તે જ અરસામાં સ્વામીશ્રીનું આગમન થયેલું.

આ સમિતિના સભ્યોએ સ્વામીશ્રી સાથે એક મિટિંગ યોજી. સૌએ પોતપોતાની તકલીફો, જવાબદારીઓ વિષે સ્પષ્ટ અભિપ્રાયો રજૂ કર્યા. જેમાંથી પોતપોતાની કામ કરવાની પદ્ધતિઓ ફલિત થઈ રહી હતી. સ્વામીશ્રી પ્રથમ તો આ બધું સાંભળી જ રહ્યા - વચ્ચે એકપણ દલીલ કે વાત કર્યા સિવાય. જ્યારે બધા જ બોલી રહ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'ઝેર પીને પણ, ભેગા રહીને કાર્ય કરવું પડશે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ધનુષ્ય ટંકાર હતો - સંપનો, સુહૃદભાવનો,

એકતાનો. અધિકાર હતો, પરંતુ પ્રેમજનિત અધિકાર ! સૌની આંખો ખુલી ગઈ. ત્યાં ને ત્યાં જ સૌએ હળીમળીને કામ કરવાનો નિર્ધાર કરી લીધો.

### ૨.૨.૩.૩. સત્સંગ- પ્રેમનો, રાખરખાવટનો

યોગીજી મહારાજના અમૃત મહોત્સવની ઊજવણીના દિવસો હતા. રાબેતા મુજબ સમગ્ર આયોજનના સૂત્રધાર હતા - પ્રમુખસ્વામી મહારાજ. રસોડામાં સીધું સામગ્રી આપવાની સેવામાં બે ભક્તો હતા, વર્ષોથી રસોઈની સેવામાં રહેતા નડિયાદના શ્રી શાંતિભાઈ સોનીએ એક દિવસ રસોડામાં જઈ આ બંને વડીલો પાસે ૧૨૫ મણ ખીચડીની સામગ્રી જોઈશે એવી માગણી કરી. તેમને ૬૦ મણ ખીચડીની સામગ્રી જ અપાઈ. તેમણે 'ખૂટશે' એવી શંકા વ્યક્ત કરી પરંતુ પોતે નવા સત્સંગી અને સામે બંને જૂના વડીલ હરિભક્તો તે માન્યા નહીં. વળી ફરી શાંતિભાઈ સોની થોડું વધારે માંગવા ગયા, તો બીજું માત્ર ૪૦ મણ ખીચડી પૂરતું સીધું આપ્યું. પરિણામે રસોઈ ખૂટી અને બન્યું એવું કે ઘણા હરિભક્તોની સાથે સાથે આણંદ-નડિયાદથી પાણીની ટૅન્કરો લાવતા ડ્રાઇવરો જ રહી ગયા !! તેમને માટે ફરી રસોઈ કરવાની થઈ. સ્વામીશ્રીને આ વાતની ખબર પડી. સામાન્ય રીતે શાંત પ્રકૃતિ ધરાવતા સ્વામીશ્રી આકળા થયા :

'બોલાવો (રસોઈયા) મહારાજને... તમે લોકોએ આ શું કર્યું ? આપણો સત્સંગ પ્રેમનો, રાખરખાવટનો છે, તે તમે સમજતા નથી ?... તમે કોને ના જમાડી શક્યા તે ભાન છે ?... પાણીની બૂમો પડશે, જો આ લોકો આળસી જશે તો. આ બધા સત્સંગી થોડા છે ? તેમને જમાડીને રાજી કરવાના છે ને કામ લેવાનું છે. બાપાના (યોગીજી મહારાજના) રાજમાં શું તૂટો છે ? કોનો પ્રસંગ ઊજવવા બેઠા છો, તેનો ખ્યાલ રહેવો જોઈએ કે નહિ ?'

પછી શાંતિભાઈ સોનીએ તેમને ઓછી સામગ્રી મળ્યાની વાત કરી. તો સ્વામીશ્રી કહે, 'એમ નહીં, મને સ્પષ્ટ નામ દો, બતાવો શું થયું ? કેમ ના પાડી ? ગુનો કોનો છે ?'

પછી તો શાંત થઈ ગયા, ને કહે, 'અત્યારે જમવાની વ્યવસ્થા કરો. હું તેમને પછી મળી લઈશ. પણ હવે ફરી આવું ના થાય.'

આ શાંતિભાઈ આજે પણ સ્વામીશ્રી પોતાના પર આ રીતે આકળા

થયેલા એ વાતની સ્મૃતિ પોતાનાં અહોભાગ્ય માની, કેફથી કરે છે; કારણ કે તેમના આ નેતા સત્તા વાપરે છે ખરા પરંતુ તેના મૂળમાં આત્મીયતા છે, સહૃદયતા છે, લાગણી છે. He acts on wisdom. તેઓ શાણપણથી પગલાં ભરે છે.

૨.૨.૩.૪

પૂજ્ય યોગીજી મહારાજના આધ્યાત્મિક વારસ તરીકે ગાદીનશીન થયાને સ્વામીશ્રીને માંડ એક જ વર્ષ થયું હતું. પીજના રતિભાઈ પટેલ આ દિવસોમાં સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલા. અતિ કપરા વિચરણના આ દિવસો હતા. નહીં વાહનની વ્યવસ્થા, નહિ ઉતારાની વ્યવસ્થા, જમવાના સમયનું તો કોઈ ઠેકાણું જ નહીં ! દિવસના સાત-આઠ ગામ થઈ જાય - ઘેર ઘેર પધરામણીઓ !!

એક દિવસ સાથે ફરતા પરમ ભક્તરાજ શ્રી હર્ષદભાઈ દવેએ રતિભાઈને કહ્યું : 'તું સ્વામીશ્રીને કહે કે આમ લાંબું નહીં ચાલે, આમ તો ખુરશી (વ્હીલચેર) વહેલી જોઈશે.'

રતિભાઈ તો ઉલ્લાસમાં આવીને સ્વામીશ્રીને કહેવા ગયા, તે જેવું તેમણે આમ કહ્યું ને સ્વામીશ્રી બોલ્યા,

'બેસો હવે, અમારે ખુરશી નહીં આવે, હરિભક્તોને સુખ આપવા દો.'

રતિભાઈ ક્ષણભર ડઘાઈ તો ગયા, પરંતુ એટલા તો હરખાઈ ગયા કે હરખનો એ ફેર હજુ ય ઊતર્યો નથી !!

*

૨.૩

પ્રમુખસ્વામી મહારાજમાં સમૂહરચના અને તેની માવજત - પોષણ કરવાની અને લોકહૃદયોને પ્રેમના તંતુથી જોડવાની - સાંકળવાની (People building Quality) અદ્ભુત આવડત છે. સમૂહને એક વૃક્ષ કલ્પીએ, તો પરસ્પર પ્રીતિ અને વિશ્વાસ એ એનાં મૂળિયાં છે. આ મૂળિયાંમાં નેતૃત્વનાં અમી સિંચી, સ્વામીશ્રીએ ભરોસો મુકાય એવો માણસાઈથી મઘમઘતો એક બૃહદ્ સત્સંગસમાજ આજે તો ખડો કરી દીધો છે !

*

### ૨.૩.૧

૧૯૮૫માં ગુણાતીતાનંદ દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો ત્યારે એક દિવસ સ્વામીશ્રી સ્વામિનારાયણ નગરનું નિરીક્ષણ કરવા નીકળ્યા. બધા વિભાગોનું નિરીક્ષણ કરતાં કરતાં રસોડા વિભાગમાં પ્રવેશ્યા. ત્યાં રસોડાના એકાઉન્ટ વિભાગમાં આણંદના શ્રી ચીમનભાઈ પટેલ બેઠા બેઠા હિસાબ લખી રહ્યા હતા. સ્વામીશ્રીને જોઈ, આનંદમગ્ન થઈ તેઓ ઊભા થઈ ગયા. સ્વામીશ્રી કહે, 'બેસો, બેસો, અહીંયા તમે બેઠા છો, તે હવે કાંઈ જોવા જેવું નથી.' એમ કહી ત્યાંથી જ પાછા વળી અન્ય વિભાગો તરફ ચાલ્યા.

પોતાના અનુયાયીઓ ઉપર આ નેતાને કેવો ભરોસો !!

### ૨.૩.૨. બસ... આ રીતે સેવા કરવાની છે

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના અમૃત મહોત્સવની ઊજવણી દરમિયાન, મંદિરના પાછળના ભાગમાં જૂના રસોડે, વિશિષ્ટ મહાનુભાવોની રસોઈ વ્યવસ્થા માટે જે ૧૫ યુવકો સેવા આપી રહ્યા હતા તેમની સાથે નડિયાદના હરિશ્ચંદ્ર પંજાબી(ઉં. ૬૬)ને પણ મૂકેલા. દરેકને આ ઊજવણી પહેલાંની મિટિંગોમાં એવી સૂચના આપવામાં આવેલી કે આવેલ દરેક અતિથિમાં શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજનાં દર્શન કરીને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ જમે છે એ ભાવથી સૌને જમાડવા. ઊજવણીમાં સામેલ થવા આવેલા, સૌરાષ્ટ્રના કોઈ ગામડાના બે વયોવૃદ્ધ વડીલો પણ એક સવારે આ રસોડામાં પ્રવેશ્યા. હરિશ્ચંદ્રભાઈએ આ જોયું. પરંતુ તેઓ કશું બોલ્યા નહીં. પેલા બંને વૃદ્ધોને પ્રેમથી જમાડ્યા. અતિઆહારની ટેવ મુજબ તે બંને મીઠાઈનાં ૨૦-૨૦ ચકતાં સ્વાહા કરી ગયા ! તેઓ જમી રહ્યા એટલે હરિશ્ચંદ્રભાઈએ તેમની નજીક જઈ, બંનેને દંડવત્ કરી પૂરા વિવેકથી કહ્યું, 'આપ જમ્યા, અમને બહુ આનંદ થયો, પરંતુ સાંજે સામેના વિભાગમાં આવેલા રસોડે જમવાનું રાખશો.' બરાબર એ જ સમયે સ્વામીશ્રી ત્યાંથી પસાર થયા અને હરિશ્ચંદ્રભાઈને આ રીતે દંડવત્ કરતા જોયા; સ્વામીશ્રી દૂર ઊભા રહી ગયા. હરિશ્ચંદ્રભાઈએ વૃદ્ધો સાથે જેવી વાત પતાવી કે તરત જ તેમની સાવ નજીક જઈને બોલ્યા : 'બસ હરિશ્ચંદ્રભાઈ, આ રીતે સેવા કરવાની છે. આમ સમજીને વાત થાય તો કોઈ વાંધો ન આવે, બધું સચવાઈ જાય.'

કાર્યકરની વર્તણૂકથી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. આવું વર્તન, હેત-પ્રીત જ એક શિસ્તબદ્ધ સમાજની રચના કરી શકે.

૨.૩.૩

૧૯૮૯ના અરસામાં પ્રમુખસ્વામીજી એક વાર સાંજના સમયે વસોથી નડિયાદ જતા રસ્તામાં ડભાણ મંદિરે દર્શને પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરી પાછળથી પરિક્રમામાં આવ્યા. ત્યાં ડભાણ મંદિરની સફાઈની કામગીરી બજાવતા શ્રી રઈજીભાઈ ગોહિલ, રોજિંદા ક્રમ અનુસાર કચરો વાળી રહ્યા હતા. સ્વામીશ્રી ઓચિંતા પધારેલા, એટલે રઈજીભાઈને તો કાંઈ ખબર જ નહીં. સ્વામીશ્રી તેમની સાવ નજીક જઈને ઊભા રહી ગયા અને કહ્યું, 'બસ આવી ને આવી સેવા કરજો, બળ રાખવું, બહારથી હરિભક્તો આવે તો પાણી પાવું, બેસાડવા, ચા-પાણીનું પૂછી લેવું; એમ લાગે તો કહેવું કે બેસો, હું ગામમાંથી મોટેરા હરિભક્તોને બોલાવી લાવું. તેમને જોઈતું - કરતું આપવું; આ જ આપણી ભક્તિ.'

આતિથ્ય સત્કારનાં આવાં સરળ વચનો - સૂચનોથી ઘડાયેલા સેવકો અને આવા સેવકોથી ટેવાયેલા હરિભક્તો એટલે અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનો બૃહદ્ સત્સંગ સમાજ - જેના રાહબર પ્રમુખસ્વામી મહારાજ. જેમાં પ્રત્યેક વ્યક્તિને વિકાસની પૂરી તક સાંપડે, સમગ્ર સમાજ વિકસે અને તેમના સહિયારા પુરુષાર્થથી જે કાર્ય સંપન્ન થાય તે નિઃશંક સર્વજનહિતાય જ હોય.

૨.૩.૪

નડિયાદ મુકામે સને ૧૯૭૯માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવની સેવાની નોંધણીનું કામ જમનાદાસભાઈ અમીનને ત્યાં રાખેલું. સ્વામીશ્રી પણ ત્યાં હાજર હતા. અહીંના અગ્રણી સત્સંગી શ્રી વિઠ્ઠલભાઈ જે. પટેલ આફ્રિકા ગયા હતા, તેથી તેમની સેવાની રકમ નોંધવાની બાકી હતી. બધા કહે કે તેઓ ભારત પરત આવે એટલે પૂછીને નોંધીશું. સ્વામીશ્રી કહે : 'તેમના આટલા લખી નાખો.' લખનારની પેન અટકતી હતી.

તે કહે : 'તેમને પૂછવું નહીં પડે ?'

સ્વામીશ્રી કહે : 'મને ભાણાભાઈનો વિશ્વાસ છે, એટલે તમ તમારે લખો.'

વિઠ્ઠલભાઈ ભારત પરત આવી પ્રસન્નતા સહિત આ રકમ અર્પણ કરી. સ્વામીશ્રીએ આવા વિશ્વાસુ ભક્તોની એક સેના ખડી કરી છે !!

૨.૪

Safore અને Leonard saffire [૨] નામના લેખકો, તેમના પુસ્તક 'Leadership'માં નેતાનાં લક્ષણો વર્ણવતાં કહે છે કે નેતા સૌને સાથે લઈને ચાલે. ઑફિસનો મુખ્ય સંચાલક (Boss) તેના હેઠળ કામ કરતી વ્યક્તિઓને આજ્ઞાસૂચક અવાજે કહે, 'Go', જ્યારે નેતા હોય તે કહેશે, 'Let us go.' નેતાને તેના અનુયાયીઓથી વધીને અન્ય કશું જ વહાલું હોતું નથી. સાચો નેતા તેના અદનામાં અદના અનુયાયી સાથે જીવંતસંપર્કમાં રહે છે.

પ્રમુખસ્વામીજીનાં અમિયલ વ્યક્તિત્વમાંથી સતત વહેતા સુહૃદયતા અને સહાનુભૂતિના સ્રોત સૌ તરફ સરખા વહ્યા જ કરે છે - તેને નથી નાત-જાત, હોદ્દો, ગરીબ-તવંગરનો કોઈ ભેદ. વિલિયમ કોબૅટ [૩] નેતાના આવા ગુણને વર્ણવતા કહે છે કે 'Never esteem men on account of their riches or their station. Respect goodness, find it where you may.' (વ્યક્તિઓને તેમની સમૃદ્ધિ કે પદને કારણે ન સત્કારો. તેનામાં જ્યાં જ્યાં સારપ દેખાય તેને આવકારો.) અનેક પ્રસંગોએ સ્વામીશ્રીની આ સમદૃષ્ટિનાં દર્શન થાય છે.

### ૨.૪.૧. નવા વરસના જય સ્વામિનારાયણ

ગુણાતીત દ્વિશતાબ્દીનો ભવ્ય ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો (૧૯૮૫). બેસતા વર્ષનું નવલું પ્રભાત હતું. સ્વામીશ્રી ઉતારેથી પ્રાતઃપૂજા માટે સભામંડપમાં આવી રહ્યા હતા. ડ્રાઈવ-ઇન-રોડ ઉપર મોટો ભક્ત સમુદાય સ્વામિનારાયણ નગરમાં, સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન માટે આતુર પગલે ઊમટી રહ્યો હતો. ગાડીમાં બેઠા બેઠા અચાનક સ્વામીશ્રીની નજર એક વ્યક્તિ પર પડી.

સ્વામીશ્રી કારચાલકને કહે : 'પેલા ભગત તરફ લઈ લે.'

'એ કોણ છે, બાપા ?' સેવક સંતે પૂછ્યું.

'સાંગાવદરના જેરામભાઈ.'

ગાડી જેરામભાઈની લગોલગ આવીને ઊભી રહી.

સ્વામીશ્રીએ કાચ ઉતાર્યો ને હાથ જોડીને કહે, 'જેરામભાઈ ! નવા વરસના જય સ્વામિનારાયણ !'

'જય સ્વામિનારાયણ, બાપા.'

જેરામભાઈ તો ગદ્‌ગદિત થઈ ગયા. ને ધૂળમાં જ દંડવત્પ્રણામ કરવા મંડી પડ્યા.

આ માનવમહેરામણ વચ્ચે, નૂતનવર્ષની પ્રથમ મુલાકાત માટે આ નેતાએ પસંદગી ઉતારી, ગામડાના એક સામાન્ય હરિભક્ત પર !!

૨.૪.૨

ચિત્રાસરના દિનુભાઈને સ્વામીશ્રી સાથે વર્ષોથી દિલથી લગાવ. સ્વામીશ્રી જ્યારે એક તરુણ સંત હતા ત્યારે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી શ્રીજીપુરાથી ચિત્રાસર પગપાળા આવતા, ગામ લોકો સાથે આત્મીય જનની જેમ ભળી જતા, મળતા, વાતો કરતા. ૧૯૮૮માં જ્યારે સ્વામીશ્રી સારંગપુરમાં વિરાજતા હતા ત્યારે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ મંદિરે, સ્વામીશ્રીએ આ દિનુભાઈને દૂર ગીરદીમાં જોયા. દિનુભાઈ દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. પાસે જવાની સહેજે ઈચ્છા થઈ આવી પણ કોઈ જવા દે નહીં. સ્વામીશ્રીએ ત્યાં દૂર રહ્યા રહ્યા કહ્યું, 'આવવા દો, એમને આવવા દો, એ અમારા ચિત્રાસરના છે અને પછી તો તેમને ભાવથી નજદીક બોલાવ્યા. ચિત્રાસરના જૂના હરિભક્તોને એક પછી એક યાદ કરી ખબર અંતર પૂછવા લાગ્યા :

'ખેમાભાઈ (ભરવાડ) શું કરે છે ? બંધાણી શું કરે છે ? છગનભાઈ, મોહનભાઈ બધા શું કરે છે ? ધનિયો કેમ છે ?' ગામની જમીન, ખેતીની સઘળી પૃચ્છા કરી સ્વામીશ્રીએ આત્મીયતાનાં અદ્‌ભુત દર્શન કરાવ્યાં.

૨.૪.૩

ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિને એકાદ-બે દિવસની વાર હતી. સ્વામિનારાયણ નગરમાં સ્વયંસેવકોના ફોટો-ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીશ્રી આ સ્થળે પહોંચી, સ્વયંસેવકોની વચ્ચે વિરાજી ગયા હતા. વિદ્યાનગરના સ્વયંસેવકોનો વારો હતો. ફોટોગ્રાફરે સૌને ગોઠવી દીધા હતા. ફોટો ઝડપવાની હવે એકાદ જ મિનિટ હતી, ત્યાં

સ્વામીશ્રીને અચાનક એક યુવક યાદ આવી ગયો. પાછળ ફરી યુવકો તરફ નજર ફેરવતાં સ્વામીશ્રીએ પૂછ્યું, 'અરવિંદ ક્યાં ?'

'આ રહ્યો, બાપા.' પાછલી હરોળમાં ઊભેલા અરવિંદ સ્વામિનારાયણે કહ્યું.

'આવી ગયો ને ? તો સારું, મને એમ કે રહી જશે.'

કેટલી ચીવટ ! કેવી સજાગતા ! અને આત્મીયતા તો ખરી જ ! મોટા મોટા કાર્યકરો છતાં એક નાનો સ્વયંસેવક પણ એમની સમદૃષ્ટિમાં વિસરાયો નથી.

૨.૪.૪

નવસારીના મણિભાઈ દેસાઈ લકવાગ્રસ્ત હતા, તેમની સેવા કરવા તેમના લંડન સ્થિત પુત્ર શ્રી અનિલભાઈ વતનમાં આવી પહોંચ્યા હતા. મણિભાઈની ઉનાઈ ગામના ગરમ પાણીના કુંડમાં સ્નાન કરવાની ઇચ્છા જાણી અનિલભાઈએ તેમને ત્યાં લઈ જવાની બધી વ્યવસ્થા કરી. રસ્તામાં પ્રતાપનગર ગામ આવે. અહીં શિક્ષિકોની શિબિરમાં સ્વામીશ્રી પધાર્યા છે એ વાતની જાણ થતાં અનિલભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ જમતાં જમતાં જ મણિભાઈની તબિયત અંગે ખબર-અંતર પૂછી લીધા. જમી લીધું કે તરત જ એક પતરાવળામાં ભોજન - પ્રસાદ વગેરે લઈને એક યુવકને કહે, 'લે, આ લઈ લે, મારી સાથે ચાલ.' તે વખતે બપોરનો દોઢ વાગ્યો હતો. તો પણ તાપમાં ચાલીને સ્વામીશ્રી મણિભાઈની કાર પાસે પહોંચ્યા, અને કહે, 'આ મણિભાઈને પ્રસાદ આપો.' મણિભાઈ તો સ્વામીશ્રીના તેમના પ્રત્યેના પ્રેમ અને કરુણાથી ગદ્‌ગદિત થઈ ગયા ! સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા; તેમના હૈયામાં શાંતિ થઈ ગઈ. સ્વામીશ્રીને મન હરિભક્ત એટલે તેમના સ્વજન !

૨.૪.૫

૧૯૭૭ના અમેરિકાના દ્વિતીય ધર્મપ્રવાસમાં સ્વામીશ્રી અને સંતો સાનફ્રાન્સિસ્કોથી લોસ એન્જલિસ તરફ મોટર માર્ગે જઈ રહ્યા હતા. રસ્તામાં મોટરમાં ગૅસ ભરાવવા એક ગૅસસ્ટેશને મોટર રોકી. સાથે પ્રવાસ કરતા અન્ય એક હરિભક્ત શ્રી સુભાષભાઈએ નીચે ઊતરી એક સત્સંગીબંધુને ત્યાં ફોન જોડ્યો કે 'અમો ૪૦ માઈલ આગળ નીકળી ગયા

છીએ. હવે આપને ત્યાં પધરામણી શક્ય નહીં બને.' ફોન પર આ વાતચીત ચાલતી હતી ત્યાં ડૉ. કે.સી.પટેલ પણ આવીને ઊભા રહ્યા. વાતચીત પતાવી બંને પાછા કાર પાસે આવ્યા. સ્વામીશ્રીને આ ફોન અંગેની ખબર પડી એટલે તરત જ કહે, 'જાવ, ફરી ફોન કરી દો કે અમે આવીએ છીએ.' પોતાની હરખભેર પ્રતીક્ષા કરી રહેલા હરિભક્તને ત્યાં નહીં જઈએ તો તે કેટલા નાસીપાસ થશે તેની તેમને ચિંતા હતી. મોટર પાછી વાળી, જ્યારે પેલા હરિભક્તને ત્યાં પોહંચ્યા ત્યારે તે એકલા નહીં, બીજા ૨૫ થી ૩૦ હરિભક્તો સ્વામીશ્રીની આતુર હૃદયે પ્રતીક્ષા કરી રહ્યા હતા !!

૨.૪.૬

રઢુના એક હરિભક્ત રતનસિંહને ઈ.સ. ૧૯૭૬માં ચામડીનો અસાધ્ય રોગ લાગુ પડેલો. આખું શરીર જાણે સડતું હોય તેમ પરુથી ભરાઈ ગયેલું. ડૉક્ટરો પણ શરીરને ન અડે, ઘરના માણસો - અરે, એમનાં પત્ની સુધ્ધાં નજીક ન આવી શકે. એ અરસામાં સ્વામીશ્રી શિક્ષાપત્રી પારાયણ નિમિત્તે નડિયાદ પધારેલા. રતનસિંહની તબિયતના ખબર મળ્યા કે તરત જ દવાખાને આવ્યા. રતનસિંહના પરુગ્રસ્ત શરીર પર તેમનો પ્રેમાળ હાથ પ્રસરાવતા કેટલીક મિનિટો સુધી પલંગ પર બેસી જ રહ્યા, ને આશીર્વાદ આપતાં કહ્યું, 'જાવ કશું નહીં થાય, બધું મટી જશે.'

બન્યું પણ એમ જ, રોગ શમતો ગયો અને શરીર સાવ સાજું-નરવું થઈ ગયું !!

*

૨.૫

સ્વામીજી પોતાના આચરણથી, અનુયાયીઓને કાર્યમાં જોડે છે. તેમનામાં અદમ્ય ઉત્સાહ અને ધગશનું એવું તો સિંચન કરે છે કે કાર્યકર, એ કાર્યમય બની જાય છે. સોંપેલા કાર્યને વેઠ કે વળગણ તરીકે ન જોતાં, પોતાની ફરજનો એક ભાગ ગણી, હોંશે હોંશે કરવા પ્રેરાય છે.

### ૨.૫.૧. લાદીઓની થપ્પી માથે લીધી

ગોંડલમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના અમૃત મહોત્સવની ઊજવણીની તડામાર તૈયારીઓ ચાલતી હતી. સમગ્ર આયોજનની

જવાબદારી પ્રમુખસ્વામી મહારાજને શિરે હતી. તે વખતે હાલ બોરીવલી રહેતા લવજીભાઈ રામજીભાઈ પરમાર, ગોંડલ ગુરુકુલમાં ટાઈલ્સ લગાડવાની સેવામાં હતા. ત્યાં ઉતારા આપવાના હોવાથી અને મહોત્સવ નજીક આવી ગયેલો હોવાથી ટાઈલ્સ લગાડવાનું કામ ધમધોકાર ચાલતું હતું. હાલ જ્યાં પ્રૌના મંદિરનો હૉલ છે તેનું લાદીનું કામ ચાલતું હતું. એક દિવસ મજૂરો કંટાળ્યા. છેલ્લા ચાર-પાંચ દિવસથી લાદીઓ ઉપર ચડાવીને મજૂરોના હાથોમાં છાલાં પડી ગયાં હતાં અને લોહીની સરો પડી હતી. તે દિવસે સંધ્યા આરતી વખતે લવજીભાઈએ સ્વામીશ્રીને વાત કરી કે 'સ્વામી ! બધા મજૂરો કામ અટકાવીને બેઠા છે, લાદીઓ ઉપર ચડાવવાની ના પાડે છે; કેમ કરીશું ?'

તરત જ સ્વામીશ્રી કહે, 'ચાલો અમે આવીએ છીએ.' માથા પર પાઘ મૂકી, તેઓ ત્યાં આવી પહોંચ્યા, અને કોઈને ય કશુંય કહ્યા સિવાય, બાર લાદીઓની થપ્પી માથા પર લઈ બીજા માળે જઈ ઉતારી !! સંતોને જેવી આ ખબર પડી કે સૌ દોડતાં ત્યાં આવી પહોંચ્યા અને સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આપ અહીં બેસીને ધ્યાન રાખો, અમે બધા જ સંતો લાદીઓ ઉપર ચડાવી દઈશું.' એકાદ કલાકમાં તો જોઈતી લાદીઓ ઉપર પહોંચી ગઈ, કામ ચાલુ થઈ ગયું. ઉતારાની જેટલી સગવડ ત્યાં કરવાની હતી તે થઈ પણ ગઈ.

૨.૫.૨

૧૯૭૩ની સાલમાં સ્વામીશ્રી ગોંડલ પધારેલા. ચોમાસાની ઋતુ હતી. એક દિવસ કેટલાક હરિભક્તોએ ગોંડલ ગુરુકુળના વિદ્યાર્થીઓને રસોઈ આપી હતી, તેથી સ્વામીશ્રી પણ ત્યાં જમવા પધારેલા. જમ્યા બાદ મંદિરે આવ્યા ત્યારે મંદિરના સભામંડપમાં, તડકે સૂકવવા નાખેલા ઘઉંને વીણીને, એકઠા કરીને કોથળા ભરાતા હતા. આ સેવામાં હરિભક્તો, સંતો અને ગુરુકુળના વિદ્યાર્થીઓ પણ જોડાયા. સ્વામીશ્રી તો આવીને સીધા જ બધાની વચ્ચે બેસી ગયા, અને એક થાળીમાં ઘઉં લઈ તેમાંથી કાંકરા વીણવા લાગ્યા !

ત્યાં ઉપસ્થિત સૌ આશ્ચર્યથી આ આચરણમૂર્તિને નિહાળતાં નિહાળતાં જાણે પ્રેરણાનાં ઘૂંટ પી રહ્યા હતા !

# 3. વૈયક્તિક ગુણોમાંથી નીપજતું નેતૃત્વ

૩.૧

નેતૃત્વની અસરકારકતાનો મૂળ આધાર છે નેતાના, પોતાનો પર્યાય બની ગયા હોય એવા આગવા ઉત્કૃષ્ટ ગુણો. એક એક ગુણ એવો કે જે કહેવો સરળ, પણ આચરવો અઘરો; તેનું વર્ણન સહેલું, પરંતુ તેને વર્તનમાં વણી લેવું દોહ્યલું; જીભથી તેનું ઉચ્ચારણ સાવ સરળ, પરંતુ તેનું જીવમાં મુદ્રણ અતિ કઠણ. દા.ત. ગુણગ્રાહી દૃષ્ટિ રાખવી - આ કેટલું કઠણ કામ છે ?! મોટા ભાગના લોકો, અન્યનો દોષ સૂક્ષ્મદર્શકયંત્રથી જોવા ટેવાયેલા હોય એ માહોલમાં, અન્યમાં ગુણદર્શન કરવું લગભગ અશક્ય જેવું લાગે. એ જ રીતે દરેક વ્યક્તિના શરીરના પ્રત્યેક કોષમાં 'માન'નું રક્તકણોની જેમ અભિસરણ થઈ રહ્યું હોય, ત્યારે કોઈક વ્યક્તિનું સંપૂર્ણ 'નિર્માની' હોવું એ પ્રતિસિદ્ધાંત જેવું લાગે ! આવા વિલક્ષણ ગુણોથી સંપન્ન વ્યક્તિત્વમાંથી જે નેતૃત્વ નીપજે તે અનુયાયીઓને સર્વથા, સર્વદા આવકાર્ય અને સ્વીકાર્ય બની જ રહે.

પ્રમુખસ્વામી મહારાજનું વ્યક્તિત્વ આવા અસંખ્ય ગુણોનો ખજાનો છે ! આ વિરલ વ્યક્તિત્વમાંથી વારંવાર પ્રગટતા આવા ગુણોનું દર્શન, તેમના જીવન પ્રસંગોમાં કરીએ.

૩.૨

સ્વામીશ્રી એક એવા નેતા છે કે જેણે પોતાના અનુયાયીઓની - હરિભક્તોની સતત ચિંતા જ કર્યા કરી છે. તેમના દુ:ખના ભાગીદાર બન્યા

છે. તેમની આપત્તિની પળોમાં હૂંફ અને સથવારો પૂરાં પાડ્યાં છે. મૃતપ્રાયઃ બની, ભાંગી પડવાની અણી પર હોય એવા સેંકડો હૃદયોને આશ્વાસન, સાંત્વન અને સમજણની સંજીવની સૂંઘાડી ઉગારી લીધા છે. પોતાને હૃદયરોગનો હુમલો આવ્યો એ ગંભીર પળો દરમિયાન પણ કોઈક હરિભક્તને ત્યાં ગોઠવાયેલ પારાયણ મુલતવી ન રહે તેની ચિંતા સેવેલી !!

*

### ૩.૨.૧. સ્વજન સમી આત્મીયતા

આનંદસ્વરૂપ સ્વામીના પૂર્વાશ્રમના ભાઈ શ્રી હરીશ દવેનું મુંબઈ મુકામે, જૂન ૧૯૯૨માં, ભર યુવાનીમાં આકસ્મિક અવસાન થયું. તેમના પાંગરતા પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું. હરીશભાઈને સ્વામીશ્રી, સંતો, હરિભક્તો સૌ 'ભૂલા'ના હુલામણા નામથી બોલાવતા. તેઓ સર્વના આત્મીયજન બની ગયા હતા. હજુ થોડા દિવસ પહેલાં જ તેમના નાના કિશોરપુત્ર કુમારિલ સાથે ગોંડલ હતા અને સ્વામીશ્રી સાથે, સંતો સાથે સ્નેહસભર ગોષ્ઠીઓ કરી, સત્સંગનું અદ્‌ભુત સુખ લઈ મુંબઈ પરત થયા હતા.

જ્યારે આ અત્યંત દુઃખદ સમાચાર ગોંડલ પહોંચ્યા ત્યારે ત્યાં પણ સૌને ઘણું દુઃખ થયું.

સ્વામીશ્રી ત્યાં જ વિરાજતા હતા, તેઓ ભૂલાના પુત્ર કુમારિલને પત્ર લખવા બેસી ગયા. જેમાં સાંત્વન, સાંખ્ય અને સમજણના જે શબ્દો લખ્યા તે આ પ્રમાણે હતા :

'...દરેક સંતો, હરિભક્તો, યુવકોને એક પોતાનો આત્મીય મિત્ર, સંનિષ્ઠ કાર્યકર અને સત્સંગી ગુમાવ્યાનું દુઃખ છે. આપને તેમજ આખા સત્સંગને મહાન ખોટ પડી છે. પણ ભગવાન શ્રીજીમહારાજ ને યોગીબાપાની ઈચ્છામાં જે થયું હશે તે સારા માટે હશે. બાકી તે વ્યક્તિ ભુલાય તેમ નથી. તમોને ખૂબ દુઃખ થાય તે સ્વાભાવિક છે, પણ તે મહારાજની સેવામાં, યોગીબાપાની સાથે બેસી ગયો છે અને આનંદ કરે છે. તે જ હસતું મુખ છે. માટે શોક ન કરવો, ભજન- ભક્તિ કરવી; 'જીવતા લાખના ને મુવે સવા લાખના' તેમ ભૂલાને માટે છે. તો ધીરજ, હિંમત, બળ રાખી ભજન કરશો આશીર્વાદ છે.'

૩.૨.૨

યોગીજી મહારાજના અમૃત મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. હંમેશ મુજબ સમગ્ર આયોજનની જવાબદારી પ્રમુખસ્વામી મહારાજને શિરે હતી. સ્વામીશ્રીએ બદલપુરના શિવાનંદ સોલંકી અને તેમના મંડળને બોલાવીને કહ્યું, 'તમે દસ-પંદર જણા ભેગા થાવ, અગત્યનું કામ છે. તમારે બધાએ જાજરાં બનાવવાનાં છે. તે માટે ખાડા ખોદવાના છે.' આ લોકોએ તે કામ ઊલટભેર ઉપાડી લીધું. લગભગ કામ પૂરું થવા આવેલું અને તે દરમિયાન એક વડીલ સંત, બધી કામગીરીના નિરીક્ષણ માટે નીકળેલા તે અત્રે આવી પહોંચ્યા અને સ્વામીશ્રીને ખાડા જરા વધુ ઊંડા ખોદાય તો સારું એમ નમ્ર સૂચન કર્યું. એ કાળઝાળ ગરમીમાં પેલા લોકો આ કામ કેવી રીતે કરી રહ્યા હતા તે સ્વામીશ્રી બરાબર જાણતા. તેમણે પેલા કામે લાગેલા સૌને બોલાવ્યા અને આ વડીલ સંતને પણ બોલાવ્યા.' પછી પેલા લોકોને કહે, 'બતાવો તમારા સૌના હાથ આ સ્વામીને.' સૌએ પેલા સંતવર્યને પોતાની હથેળીઓ બતાવી. હથેળીઓમાં છાલાં પડી ગયેલાં. પેલા વડીલ સંતને આ કઠિન પરિશ્રમની કદાચ જાણ નહીં હોય. તેઓ પણ આ મહેનતકશ હરિભક્તોની સેવા પર ખુશી વ્યક્ત કરી રહ્યા. સ્વામીશ્રીએ તે સૌના હાથ પર વ્યક્તિગત રીતે પોતાનો હાથ ફેરવ્યો ને કહે, 'જાવ, આજે છેલ્લો દિવસ છે. મહેનત કરો કાર્ય, પૂરું થઈ જાય.' આ મંડળે રાતદિવસ શ્રમ કરી એ કાર્ય પૂરું કર્યું.

હરિભક્તોની આવી ચિંતા કરતા, સૌના સ્વજન એવા સ્વામીશ્રીના સ્પર્શે, મહેનતકશ હથેળીઓમાં હામ ભરી દીધી !

૩.૨.૩

ગાંધીનગરમાં સરકારી નોકરી કરતા લલિતભાઈ વર્માને પ્રામાણિક રહેવા બદલ ભારે કિંમત ચૂકવવી પડેલી ! ભ્રષ્ટાચાર જ જ્યાં શિષ્ટાચાર બન્યો છે એવા તંત્રમાં સ્વચ્છ, સંનિષ્ઠ કર્મચારીની કોઈક ને કોઈક ક્ષતિ શોધી હેરાનગતિ કરવામાં કેટલાયને એક પ્રકારનો પરપીડનનો આનંદ આવતો હોય છે. લલિતભાઈએ જે ટ્રાન્સપોર્ટ દ્વારા L.T.C.ના લાભ હેઠળ મુસાફરી કરેલી, તે ટ્રાન્સપોર્ટને R.T.O.ની પરમીટ મળી નહોતી, એ બહાના હેઠળ

તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા. અર્ધો પગાર, સી.આઈ.ડી.ની તપાસ અને કૌટુંબિક કલેશ-કંકાસથી તેઓની ઊંઘ હરામ થઈ ગઈ. રાતોની રાતો ખુરશી ઉપર બેસી રહી સ્વામીશ્રીને પ્રાર્થના કરતા કે 'હે સ્વામી ! મારી પ્રામાણિક નોકરી પર કાયમી લાંછન લાગશે, વળી હું આર્થિક રીતે ભાંગી પડીશ, તો આમાંથી ઉગારજો.' જાણે તેમની આર્દ્રવાણી સ્વામીશ્રીએ સાંભળી હોય તેમ તે જ રાત્રે તેમને ત્યાં દિવ્યદેહે પધારી, તેમના પલંગ પર બેસી, તેમના માથા પર કરુણાસભર હાથ ફેરવી બધી વ્યગ્રતા દૂર કરી દીધી !!

થોડા જ દિવસો પછી સ્વામીશ્રી ગાંધીનગર પધાર્યા. લલિતભાઈ સ્વામીશ્રીનાં દર્શને ગયા. તે જ વખતે તે જ્યાં નોકરી કરતા હતા તે ખાતાના સચિવશ્રી પણ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. લલિતભાઈએ બધી વાત સંતોને કરેલી, એટલે સંતોએ સ્વામીશ્રીને કાને વાત નાખી. સ્વામીશ્રીએ કહ્યું, 'બોલાવો પાછા સાહેબને, વાત કરી લઈએ.' સચિવશ્રી તો નીકળવાની તૈયારીમાં જ હતા, ત્યાં સંતોએ તેમને પાછા બોલાવ્યા.

સ્વામીશ્રી કહે : 'આ અમારા હરિભક્ત છે. તેનું કામ કરી દેશો, પછી વિગતે સમજાવશે.'

અને પછી તો બધાં પાસાં સવળાં પડવા લાગ્યાં. બધાનો સહકાર સાંપડ્યો. થોડા જ સમયમાં સરકારશ્રીએ એક પરિપત્ર પાઠવ્યો કે જે કર્મચારી L.T.C.ની બાબતે ગુનામાં આવ્યા હોય તે તેણે લીધેલી રકમની ત્રણ ગણી રકમ જો ભરપાઈ કરી દે તો તેને નોકરીમાં પરત લઈ લેવા. લલિતભાઈએ એ રકમ ભરી દીધી અને નોકરી પર હાજર થઈ ગયા.

*

૩.૨.૪

સ્વામીશ્રીને પોતાના આશ્રિતોના વ્યવહારની પણ એટલી જ ચિંતા. તેમના ધંધા-વ્યવહાર, તેમની આર્થિક સ્થિતિમાં બહુ ઊંડો રસ દાખવે અને વ્યવહારુ સૂચનો કરે. તેમના અભિગમમાં બે ઘટકો સદૈવ હાજર હોય - વાસ્તવિકતા અને વ્યવહારુતા.

**૩.૨.૪.૧. વ્યવહારુ અભિગમ**

સને ૧૯૯૪ના અમેરિકાના વિચરણ વખતે ઓહાયોના શ્રી જી.સી.

પટેલે અમૃત મહોત્સવ નિમિત્તે પોતાનું સર્વસ્વ સ્વામીશ્રીને ચરણે ધરી દેવા એક નિર્ધાર કરેલો. તેથી પોતાની તમામ મિલકતો, કેશ, ઘરેણાં ડિપોઝીટો વગેરે અમુક મિલિયન ડૉલરની એક કાગળ પર વ્યવસ્થિત નોંધ કરીને સ્વામીશ્રી પાસે આવેલા. સ્વામીશ્રીને મળીને વાત કરી કે 'હું આપને આ બધું સમર્પિત કરવા આવ્યો છું.' સ્વામીશ્રી પોતાના અનુયાયીની આ સમર્પણ ભાવના જોઈ ઘડીભર તો સ્તબ્ધ થઈ ગયા ! તેમની મુખમુદ્રા પર પ્રશસ્તિ અને પ્રસન્નતાની મિશ્રિત લાગણીઓની રેખાઓ સ્પષ્ટ રીતે ઉપસેલી જોઈ શકાતી હતી ! એક, બે મિનિટ આમ જ વીતી ગઈ અને પછી સ્વામીશ્રી કહે, 'ના, આમાંથી આટલી જ સેવા કરો, જેમાંથી અમુક અમૃત મહોત્સવ નિમિત્તે અને અમુક કલીવલેન્ડના મંદિરમાં આપજો.'

કેવો વ્યવહારુ અભિગમ ! પોતાના આશ્રિતના વ્યવહારની કેવી ચિંતા !

*

૩.૩

કોઈપણ સફળ નેતા, દરેક કાર્યમાં શ્રેષ્ઠતા - ઉત્કૃષ્ટતાના આગ્રહી હોય છે. તેઓ જે જે કાર્ય હાથ ધરે છે તે સર્વ શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ કક્ષાનું બને, તેમાં પૂર્ણતા આવે, તેની સતત ચીવટ અને સતર્કતા રાખે છે. તે માટે રાતદિવસ જહેમત કરે છે, મથે છે, કઠિન પરિશ્રમ કરે છે. તેમનું સઘળું નૂર એમાં હોમી દે છે.

Win Borden, આવા નેતૃત્વનું વર્ણન કરતાં કહે છે, 'Demand the best from yourself because others will demand best of you. Successful people do not simply give a project hard work. They give it their best work.' (તમે તમારી જાત પાસે શ્રેષ્ઠની માંગણી કરો કારણ કે બીજાઓ તમારામાંના શ્રેષ્ઠની માંગણી કરશે. સફળ વ્યક્તિઓ તેમણે હાથ ધરેલ પ્રોજેક્ટને માત્ર કઠિન પરિશ્રમ જ આપતા નથી, તે માટે તેઓ તેમનું શ્રેષ્ઠતમ નૂર નીચોવી નાખે છે.)

સ્વામીશ્રીનું જીવન એટલે કઠિન પરિશ્રમની એક ગૌરવાંકિત દાસ્તાન, કર્મણ્યતાની એક અજબ કહાની ! તેમનું છેલ્લાં અઢી દાયકાનું વિચરણ એટલે વિઘ્નો અને વિપત્તિઓનાં અડાબીડ વનો વચ્ચે વિચરાતું વિચરણ.

૩.૩.૧

યોગીજી મહારાજ એક વખત બદલપુરમાં પધારેલા. તેમની પાછલી અવસ્થાના દિવસો; સાથે પ્રમુખસ્વામી મહારાજ અને સંતમંડળ. પધરામણીઓમાં મોટે ભાગે પ્રમુખસ્વામીજી અને અન્ય સંતો જાય. તે પ્રદેશથી પરિચિત એવા ધુવારણના ઉદયસિંહ સ્વામીશ્રી સાથે પધરામણીઓમાં જોડાયા. સ્વામીશ્રીએ બદલપુરથી ખેતરોમાં આવેલા હરિભક્તોનાં ઘરોમાં પધરામણીઓનો દોર શરૂ કર્યો, મોટર હતી પરંતુ ખાડા-ટેકરાવાળા ખેતરાળુ રસ્તાઓને કારણે, ચાલતાં ચાલતાં જ અનુકૂળ આવે તેમ હતું. રસ્તામાં આવતાં ઘરો - ઝૂંપડાંઓમાં પધરામણીઓ કરતાં કરતાં લગભગ ૧૦ કિ.મિ.નું અંતર કાપી પાંચ વાગે ધુવારણ પહોંચ્યા. ત્યાં વળી પાછા ધુવારણની કૉલોનીઓમાં પધરામણીઓ શરૂ કરી !

૩.૩.૨

૧૯૭૮માં સ્વામીશ્રી ખરડા માટે અમદાવાદથી અશ્લાલી આવેલા. ત્યાં બાથરૂમમાં જતાં તેમનો જમણો પગ લપસ્યો ને છોલાઈ ગયો ને સોજો પણ ચડી ગયો. પરિણામે હલનચલન ન થાય. સેવક-સંતો સ્વામીશ્રીને અમદાવાદ સારવાર માટે લઈ આવ્યા. ડૉક્ટરોએ થોડા દિવસ આરામ કરવા સૂચવ્યું.

સ્વામીશ્રી કહે, 'ના, બહુ ચિંતા જેવું ન હોય તો નીકળીએ. પ્રોગ્રામ નક્કી કરેલો છે. ખરડા માટે ગામોગામ તૈયારીઓ થઈ ગઈ હોય, બધા હરિભક્તો રાહ જોઈને બેઠા હોય. આપણે સમયસર ન જઈએ તો બધું બગડે.' તે જ સાંજે સ્વામીશ્રી પાછા અશ્લાલી આવી ગયા ને તરત જ ડાંગરના ખરડાનો નિશ્ચિત રૂટ પકડી રાત્રે ૧૨-૩૦ વાગે અલીન્દ્રા પહોંચી, ત્યાં જશભાઈ સરપંચની ખળીમાં જ આરામ કર્યો. બીજે દિવસે એકાદશીનો નિર્જલા ઉપવાસ છતાં સવારથી નીકળી પડ્યા અને માતર - ખેડા - ઊંઢેલા વગેરે ગામોમાં કુલ ૧૦૦ જેટલી પધરામણીઓ કરી સાંજે પાછા અલીંદ્રા આવ્યા !!

### ૩.૩.૩. મેઘલી રાતે, ઉઘાડે પગે સારંગપુર

યોગીજી મહારાજના અમૃત મહોત્સવ પછીનો આ પ્રસંગ છે. ચોમાસું

ખૂબ જામેલું. સ્વામીશ્રીનું સારંગપુરમાં પારાયણ રાખેલું, તેથી તેઓએ બપોરના ગોંડળથી જીપમાં નીકળી ઢસા થઈને ગઢડા જઈ, ત્યાં રોકાઈ, જમી-પરવારી સારંગપુર જવાનું નક્કી કરેલું. પરંતુ ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી જ પાણી. પુલ પર તો બે ફૂટ જેટલાં પાણી ! એટલે વલ્લભીપુર તરફનો માર્ગ પકડી ખાંભડા સુધી પહોંચ્યા ત્યારે રાતના બાર વાગેલા. ડ્રાઈવર અર્ધો ઊંઘમાં. પુલ પરથી જીપ પસાર થતી હતી અને સ્વામીશ્રીને કોણ જાણે ખ્યાલ આવી ગયો હશે, એટલે તેમણે જીપ રોકવા કહ્યું. નીચે ઊતરીને જોયું તો પુલનો આગળનો છેડો વરસાદમાં સાવ ધોવાઈ ગયેલો !

સ્વામીશ્રી કહે : 'ગાડી પાછી લો.' પણ ગાડી ચાલે જ નહીં - જોયું તો પેટ્રોલની ટાંકીમાં એક છાંટોય પેટ્રોલ બચેલું નહીં.

સ્વામીશ્રી કહે : 'અમો સારંગપુર જઈએ છીએ. પેટ્રોલ મોકલવાની વ્યવસ્થા કરીએ છીએ.' ડ્રાઈવરની સાથે એક હરિભક્તને રાખી સ્વામીશ્રીએ, ચીકણી માટી હોવાને કારણે હાથમાં બૂટ પકડી, ઉઘાડે પગે, સંતો સાથે, એ મેઘલી મધરાતે સારંગપુરની વાટ પકડી !!

### ૩.૩.૪. મારી પાછળ ચાલ્યા આવો

૧૯૮૧ના ચોમાસામાં, બોરસદમાં સ્વામીશ્રીની પધરામણીઓ ચાલે. સર્વત્ર કાદવકીચડવાળા રસ્તા અને અસહ્ય ગંદકી. બોરસદના પ્રૉ. કે. સી. બારોટ પધરામણીઓમાં સ્વામીશ્રી સાથે જોડાયેલા. એક ઘરના મેડે એક હરિભક્ત રહે. તેને ત્યાં પધરામણીએ જવા સ્વામીશ્રી તેમનો હાથ ઝાલીને ચાલતા હતા. ઘરના આંગણામાં જ એટલો બધો કીચડ કે પ્રવેશવું ક્યાંથી - એ દ્વિધામાં શ્રી કે. સી. બારોટ આમતેમ અંદર જવા રસ્તો શોધે; ત્યાં તો તેમનો હાથ છોડી સ્વામીશ્રી કહે, 'મારી પાછળ ચાલ્યા આવો.' અને સ્વામીશ્રી ઈંટો ઉપર, પથરા ઉપર, પગ મૂકતાં મૂકતાં ઢોરોની ગમાણમાંથી તે ઘરમાં ગયા. પ્રોફેસર તો જોતા જ રહી ગયા !

આ પ્રોફેસરને સ્વામીશ્રીએ કહ્યું કે 'મારી પાછળ ચાલ્યા આવો.' એ રીતે આ રાહબર, તેમના વિરાટ અનુયાયી સમાજને પણ જાણે કહે છે, 'મારી પાછળ ચાલ્યા આવો.'

૩.૩.૫

સન્ ૧૯૭૭ની દ્વિતીય વિદેશયાત્રામાં, અમેરિકાના એક છેડેથી બીજે છેડે એમ કુલ ૩૦૦૦ માઈલનો પ્રવાસ મોટરકાર દ્વારા સ્વામીશ્રીએ ખેડેલો ! તેમની ગાડીના ચાલક હતા શ્રી ચંદુભાઈ કોઠારી. આખી રાત સતત ડ્રાઈવીંગ કરવાનું આવે ત્યારે ચંદુભાઈને કોઈકવાર ઝોલું આવી જતું. પરંતુ બાજુમાં જ સ્વામીશ્રી સતત જાગતા બેસી રહેતા. એક વખત ચંદુભાઈને એવી તો ઊંઘ ચડી કે મોટરકાર રસ્તાની નીચે ઊતરી ગઈ ! બીજી જ ક્ષણે સ્વામીશ્રીએ સ્ટીયરીંગ પકડી ફેરવી દીધું. બધા બચી ગયા !

૩.૩.૬

કપડવંજના જગદીશભાઈ દેસાઈની 'શ્રીજી સૉ મીલ'માં પ્રમુખસ્વામીજી ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૮૨માં પધારેલા. ૨૮ હૉર્સપાવરના નવા બેસાડેલા મશીનનું પૂજન સ્વામીશ્રી કરવાના હતા. આ મશીનનું એક પણ વાર ટેસ્ટીંગ નહીં કરેલું. સ્વામીશ્રીએ મશીનને ચાંદલો કર્યો, પૂજન કર્યું અને પછી કહે, 'ચાલુ કરો.'

નવું મશીન, ત્યાં ઉપસ્થિત સૌએ પ્રયત્ન કર્યા, પરંતુ કોઈને મશીન ચાલુ કરતાં ફાવ્યું નહીં.

સ્વામીશ્રી સૌની મૂંઝવણ પામી ગયા અને તેમની સાથેના સેવક સંતને કહે, 'ચાલ, હું કહું તેમ ચાલુ કર.'

સ્વામીશ્રીએ હેન્ડલ ભરાવડાવ્યું; એક-બે બીજાં સૂચનો કર્યાં; તે મુજબ કરતાં, સૌના આશ્ચર્ય વચ્ચે મશીન ચાલુ થઈ ગયું ! આ મશીનથી સ્વામીશ્રીએ એક લાકડું વહેરાવ્યું પણ ખરું.

સૌ અચંબો પામી ગયા કે સ્વામીશ્રીમાં આવી આવડત ક્યાંથી ?!

### ૩.૩.૭. આવડી જશે, પ્રયત્ન કર

સને ૧૯૭૭ના સ્વામીશ્રીના વિદેશયાત્રા દરમિયાનનો આ પ્રસંગ છે. આજનો દિવસ વિદાયદિન હતો. સ્વામીશ્રી આજે લંડનથી અમેરિકા જવાના હતા. 'હ્યુસ્ટન ફ્રેન્ડઝ હાઉસ'માં સુંદર વિદાય સમારંભ પણ યોજાઈ ગયો. હજુ નીકળવાને દોઢ-બે કલાકની વાર હતી. ઈસ્લીંગ્ટન મંદિરે અરવિંદભાઈ સી. પટેલ અને જશભાઈ ડભાણવાળા સામાન પૅક કરી રહ્યા

હતા. સ્વામીશ્રી પૂજારીના રૂમમાંથી સંતો સાથે બહાર પધારી, આ લોકો જ્યાં પૅક કરતા હતા ત્યાં તેમની પાસે આવી ઊભા રહ્યા. પછી અરવિંદભાઈનો હાથ પકડી પોતાની સાથે લઈ રસોડા તરફ વળ્યા, તો ત્યાં જલેબી પાડવાનું કામ ચાલતું હતું. જલેબી પાડવાનો ખીરું ભરેલો લોટો અને તાવડી જોઈ સ્વામીશ્રીને સેવા કરવાનો ઉત્સાહ જાગ્યો.

અરવિંદભાઈને કહે : 'તું જલેબી પાડ.'

'મને ના આવડે, બાપા.'

'આવડી જશે, પ્રયત્ન કર.'

અરવિંદભાઈએ જેવી આવડી તેવી જલેબી ઉતારવા માંડી. પછી સ્વામીશ્રીને લોટો પકડાવતાં કહે, 'બાપા, હવે તમારો વારો.' મંદ મંદ હસતાં સ્વામીશ્રી એક અનુભવીની અદાથી લોટો પકડી, તાવડીમાં ફેરવવા લાગ્યા, અને સુંદર સરખા આકારની જલેબી ઊતરવા માંડી.

'આવી પડવી જોઈએ.' સ્વામીશ્રી કહે.

'બાપા, આપ તો અનંત કળાના નિધિ છો !' પ્રસન્ન થકા અરવિંદભાઈએ ઉત્તર વાળ્યો.

'બધું શાસ્ત્રીજી મહારાજે શીખવ્યું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

સ્વામીશ્રીએ રસોઈકળામાં પોતાની નિપુણતાનો અહીં અણસાર આપી દીધો. આદર્શ નેતા એ એક મહાન પ્રેરક પણ છે. તે તેમના અનુયાયીઓમાં ઉત્સાહ પ્રેરતા હંમેશાં એમ જ કહે કે 'આવડી જશે, પ્રયત્ન કર.'

*

3.4

પ્રમુખસ્વામી મહારાજના માર્ગદર્શન અને રાહબરી હેઠળ હાથ ધરાયેલી માનવ ઉત્કર્ષ અને જીવન ઉત્કર્ષલક્ષી તમામ પ્રવૃત્તિઓમાં બે પ્રવૃત્તિઓ સદાય અગ્રસ્થાને રહી છે : વ્યસનમુક્તિ, અને ચારિત્ર્ય ઘડતર.

સ્વામીશ્રીનું સૂત્ર છે. 'ચારિત્ર્ય દૃઢ કરો અને ચારિત્ર્યવાન સમાજ બનાવો.' દેશ-વિદેશમાં હજારો વ્યક્તિઓના જીવનમાં, સ્વામીશ્રીએ ચારિત્ર્ય દૃઢ કરી બતાવ્યું છે !

આજના સાંપ્રતકાળમાં, જ્યારે આજની યુવાની વ્યસન, વિકૃતિઓ અને વિલાસિતાનાં વમળોમાં ફસાઈ ચૂકી છે; ઉગરવાનો કોઈ આરો નથી; ત્યારે માણસાઈથી મહેંકતી, પ્રામાણિકતાની પરિમલ પ્રસરાવતી, ખાનદાનીની ખુશ્બો વેરતી એવી લાખો ચારિત્ર્યવાન યુવાનોની એક ફોજ સ્વામીશ્રીએ ઊભી કરી છે; કારણ કે સ્વામીશ્રી સ્વયં ચારિત્ર્યનો ખજાનો છે, અને તેથી જ અન્યમાં ચારિત્ર્ય દૃઢ કરાવી શકે છે. He treasures his character, because he is his character.

લાખો અનુયાયીઓ પોતાના ચારિત્ર્યનું ઘડતર, પોતાના નેતાના જીવન સામે દૃષ્ટિ માંડી, તેને એક અનુકરણીય પ્રતિકૃતિ (Model) માની કરતા હોય છે. અસરકારક નેતાનો ગુણધર્મ બતાવતા Cicero (સિસેરો) કહે છે કે 'Be a pattern to others and then all will go well.' (અન્ય માટે અનુકરણીય ઉદાહરણ રૂપ બનો અને બધું બરાબર થઈ જશે.) સ્વામીશ્રીનું જીવન, લાખો મનુષ્યો માટે, સદાચાર આહાર-વિહારની શુદ્ધિ ચારિત્ર્ય, સંયમ, સેવા ને બ્રહ્મચર્ય જેવા સદ્‌ગુણોથી યુક્ત જીવન જીવવા માટે એક Pattern (શ્રેષ્ઠ ઉદાહરણ રૂપ) છે.

*

### ૩.૪.૧. દારૂ, મીટ લેવાય નહિ

ડભોઉ મૂર્તિપ્રતિષ્ઠા વેળાએ લીંબાસીના મફતભાઈ પટેલ તેમના આઠ વર્ષના પૌત્ર પ્રવીણને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રીને મળીને તેમણે કહ્યું, 'અમારા એક સંબંધી પરદેશ રહે છે. તેઓ આ પ્રવીણને દત્તક લેવાના છે, એટલે હવે તે જર્મની જવાનો છે, આપ દૃષ્ટિ રાખજો.'

'શું નામ ? પ્રવીણ ?... જો ત્યાં જઈએ પછી આ તિલક-ચાંદલો, પૂજા કરે છે ને, તે ચાલુ રાખવાની; દારૂ, મીટ, લેવાય નહીં; આપણા ગામડાંના સંસ્કાર ત્યાં જતા ન રહેવા જોઈએ.' સ્વામીશ્રીએ શીખ આપતાં કહ્યું.

નાના બાળક પ્રવીણને સ્વામીશ્રીની આ વાત જીવમાં જડાઈ ગઈ. પછીના વર્ષે તેનો સ્વામીશ્રી પર એક પત્ર હતો. તેમાં તેણે લખ્યું, 'અહીં મારા પાલક માતા-પિતા બધું ખાય છે, પરંતુ હું દારૂ-મીટ કશાયને અડતો

નથી; મારે માટે જુદું બનાવે છે.'

૩.૪.૨

ઈ.સ. ૧૯૮૫ના મે માસમાં સ્વામીશ્રી કરજણ તાલુકાના કુરાઈ ગામમાં પારાયણ નિમિત્તે પધાર્યા હતા. ત્યાં તેમનાં દર્શને, પાદરામાં મહેસૂલ ખાતામાં નાગરિક પુરવઠાનો હવાલો સંભાળતા નાયબ મામલતદાર શ્રી રાજેન્દ્રસિંહ સોલંકી તેમના સત્સંગી મિત્ર શૈલેષ વ્યાસ સાથે આવેલા. રાજેન્દ્રસિંહનું જીવન અનેક દૂષણોથી ખરડાયેલું હતું. અભક્ષ્ય ખાણીપીણી, તામસી સ્વભાવ, તોછડી બોલી, ગાળો દઈને સામાવાળાને ઉતારી પાડવાની કુટેવ. પરિણામે એમના મિત્રો પણ શત્રુઓ બનતા જતા હતા. એક સહકર્મચારીએ તેમના ઉપર રૂપિયા ૨૦૦ની લાંચ લેવાનો ખોટો આક્ષેપ કરતી એક અરજી, ઉપરી અધિકારીને મોકલી. તેમના પર કેસ થયો. તેમને ખૂબ મૂંઝવણ થવા લાગી. બેચેનીમાં ઊંઘ પણ ઊડી ગઈ. તે જ રાત્રે તેમને પોતાના સત્સંગી મિત્ર શૈલેષભાઈએ, અગાઉ ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામીના મહિમાની તેમને કરેલી વાતોનું કોણ જાણે એકાએક સ્મરણ થવા લાગ્યું ! આ બદનામીનો કેસ જાણે તેમને અનેક બદીઓમાંથી મુક્તિ અપાવવા જ શરૂ થયો હોય એમ તેમને લાગવા માંડ્યું. રાત્રે સ્વપ્નમાં તેમને સ્વામીશ્રીની દિવ્યમૂર્તિનાં દર્શન થયાં; અને આજે જ જોગાનુજોગ સ્વામીશ્રી કુરાઈ પધાર્યા હતા; શૈલેષભાઈ અંતરની ઉત્કટ ઇચ્છા સાથે દર્શને આવ્યા હતા. શૈલેષભાઈએ સ્વામીશ્રીને પેલા કેસની વાત વિગતે કરી. સ્વામીશ્રીએ શાંતિથી આખી વાત સાંભળી. પછી તેમના પર કરુણાસભર હાથ ફેરવતાં કહ્યું, 'જાવ, મહારાજ - સ્વામી તમારી રક્ષા કરશે. કોર્ટમાં તમને કાંઈપણ થશે નહીં. પરંતુ હવેથી આવી માથાકૂટમાં પડવું નહીં. કોઈની સાથે લડવું - ઝઘડવું નહીં. શાંત સ્વભાવ રાખવો. કોઈની સાથે વેરભાવ રાખવો નહીં; ફરિયાદી સાથે પણ નહીં, સમજ્યા ? રોજ પૂજા કરજો. દર પૂનમે અટલાદરા મંદિરે દર્શન કરવાનો નિયમ રાખજો, અને કોર્ટનો નિર્ણય આવે પછી ગોંડલ અક્ષરદેરીએ જઈ મહાપૂજા કરાવી દેજો.'

ત્યાં ને ત્યાં જ રાજેન્દ્રસિંહે વર્તમાન ધરાવી કંઠી પહેરી લીધી. સત્સંગમાં દૃઢતા વધતી ગઈ. સુટેવોથી શોભતું ચારિત્ર્યમય જીવન તેઓ

હાલ વ્યતીત કરી રહ્યા છે. ત્રણ વર્ષના અંતે કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા !

૩.૪.૩

સ્વામીશ્રી એક વખત મુંબઈમાં વિરાજતા હતા (જાન્યુઆરી ૨૯, ૧૯૮૧) રાજકોટથી મુકેશ જી. શાહનો પત્ર આવ્યો હતો. તેમને જન્મથી જ જેને Spastic (મગજના જ્ઞાનતંતુઓમાં એક પ્રકારની ધ્રુજારી થવી) કહે છે એવી બીમારી હતી. જેને જેને ઉપાય માટે પૂછતા તેમાંથી મોટા ભાગના લોકો તેમને લસણનો પ્રયોગ કરવાની સલાહ આપતા. આમ તો પોતે ચુસ્ત સત્સંગી, એટલે લસણપ્રયોગની દૃઢતાથી ના પાડતા. પરંતુ જ્યારે સ્નેહીઓ અને મિત્રોનો આગ્રહ વધતો ગયો ત્યારે તેમણે આ બાબતે સ્વામીશ્રીને પત્ર પાઠવ્યો અને પુછાવ્યું કે લસણનો ઉપયોગ ઔષધ તરીકે કરી શકાય કે નહીં ?

સ્વામીશ્રીએ તરત જ જવાબ લખી મોકલ્યો, 'વૈદ્યની દવા લે, પણ લસણ વગેરે છે, (તે ખાવાની મહારાજની આજ્ઞા નથી) માટે મહારાજની આજ્ઞા મુજબ કરવું. મહારાજ સારું કરશે.' આ રીતે ધર્મનિયમની દૃઢતાના આગ્રહી સ્વામીશ્રી, અનેક યુવાનોને યમ-નિયમ મુજબ વર્તાવી શકે છે. ધીરે ધીરે મુકેશભાઈ રોગમુક્ત થઈ ગયા.

*

૩.૫

અમેરિકાની જાણીતી યુનિવર્સિટીઓમાંની એક યેલ યુનિવર્સિટીના 'લેબર ઍન્ડ મૅનેજમેન્ટ સેન્ટર' દ્વારા પ્રકાશિત એક પુસ્તકમાં, અસાધારણ નેતાનાં કેટલાંક લક્ષણો ગણાવ્યાં છે. એમાંનું એક લક્ષણ એવું છે કે આવા નેતા કોઈ સફળતા પ્રાપ્ત કરે, પરંતુ તે સફળતામાં કે વિજયમાં ઉન્મત્તતાનો એક અંશ પણ જોવા મળતો નથી. They win without exulting. (તેઓ વિજયી રહે છે. પરંતુ હર્ષાતિરેક વિના) નીચેના એક પ્રસંગમાં સ્વામીશ્રીનો આ ગુણ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે.

*

### ૩.૫.૧. ઉમદા કામ પાર પડ્યાનો ઉલ્લાસ

બદલપુરમાં ઉત્તર બુનિયાદી વિદ્યાલય શરૂ કરવામાં આવે તો ગામનાં બાળકોને ઘણો લાભ મળે એ આશયથી જૂના બદલપુર વિભાગમાં આવેલી, આ જ ગામના પરમાર ભાઈઓની જમીન, ગ્રામપંચાયતે આપવાનો ઠરાવ કર્યો. પરમાર ભાઈઓ આ બાબતે ખૂબ નારાજ થયા અને કોર્ટમાં ગયા. પરિણામે આખી યોજના ખોરંભે પડી. આ વાત બદલપુરના પ્રાથમિક શિક્ષક શ્રી રામસિંહ સોલંકીએ સ્વામીશ્રીને વડોદરામાં એઈમ્સ ઓક્સિજનના માલિક અશોકભાઈના બંગલે વિરાજતા હતા ત્યારે કરી. પેલા પરમાર ભાઈઓને સ્વામીશ્રીએ ત્યાં બોલાવડાવ્યા. તેઓએ પોતાની મુશ્કેલીઓની વાત જણાવી. સ્વામીશ્રીએ તેમને શાંતિથી સાંભળ્યા. પછી તેમને શિક્ષણ જેવા કામમાં જમીનનું દાન અપાય એ ઘણું યોગ્ય કહેવાય એ વાત વિસ્તારથી સમજાવી. પરંતુ તે વખતે તો તેમને આ વાત મનાઈ નહીં.

સ્વામીશ્રી ત્યાંથી બોચાસણ આવ્યા. ત્યાં રામસિંહભાઈ તેમનાં દર્શને આવ્યા સ્વામીશ્રીએ વળી પેલી વાતને યાદ અપાવતાં કહ્યું કે 'આપણે એ જમીન વેચાતી લઈ લેવી છે, તો એ પરમાર ભાઈઓને બોલાવી લાવો.'

સ્વામીશ્રી સાથે આ ભાઈઓની મુલાકાત ફરીથી ગોઠવાઈ.

સ્વામીશ્રી કહે : 'તમારી પાસેથી અમારે જમીન વેચાતી લેવી છે.' આ ભાઈઓને આ વાત પણ મંજૂર નહોતી, તેથી સ્વામીશ્રીએ તેમના આગેવાન એવા શ્રી ફુલાભાઈ પરમારને સંબોધીને કહે, 'ફુલાભાઈ, તમે તો સમજુ છો અને છતાં કેમ આ બીજાના હિતની વાત મનાતી નથી ? તમે ગાંધીજીના વિચારોને માનવાવાળા છો; ને અમો પૈસા પણ આપીએ છીએ તો પણ તમે કેમ માનતા નથી ? લાભ તો તમારાં બાળકોને જ થવાનો છે.' સ્વામીશ્રીની નિખાલસ પારમાર્થિક એવી ભાવવાહી વાણીથી પરમારબંધુઓ પીગળતા જતા હતા.

પછી સ્વામીશ્રી રામસિંહભાઈ તરફ ફરીને કહે, 'બહાર જઈ આમની સાથે જમીનની કિંમત કરી લાવો.'

રામસિંહભાઈએ બહાર આવી આ લોકો સાથે ચર્ચા કરી, તો તેઓ

તેમની જમીન રૂપિયા ૨૫,૦૦૦માં વેચવા કબૂલ થયા. રૂમમાં આવી સ્વામીશ્રીને આ વાત જણાવી, વળી ભાવમાં આવી સ્વામીશ્રી કહે, 'લોકો શિક્ષણ માટે દાન કરે છે, અમે તમને પૈસા આપીએ છીએ, તોય મમત્વ મુકાતું નથી ?'

'બાપા, તમે કહો તેમ અમે કરવા તૈયાર છીએ.' ફુલાભાઈએ મમત્વ મૂકીને કહ્યું.

'રૂપિયા ૧૫૦૦૦ આપીશું.'

સૌ પ્રસન્નતાથી કબૂલ થઈ ગયા !!

પણ વળી પાછું સ્વામીશ્રી શું કહે છે ?

'જુઓ, તમારે શિક્ષણમાં દાન તો કરવું જોઈએ. રૂપિયા ૨૦૦૦નું દાન કરજો.'

આ માટે પણ સૌ સંમત થઈ ગયા. અને આ રીતે રૂપિયા ૧૩,૦૦૦ની કિંમતે શિક્ષણ જેવા એક ઉમદા હેતુ માટે બદલપુરની ઉત્તર બુનિયાદી વિદ્યાલયને જમીન મળી ગઈ.

સ્વામીશ્રીના મુખ પર કામ પાર પડ્યાનો ઉલ્લાસ હતો - ઉન્માદ નહીં.

*

૩.૬

ઉપરોક્ત યેલ યુનિવર્સિટીના પુસ્તકમાં, નેતાનું એક અન્ય લક્ષણ પણ જણાવ્યું છે કે આવા નેતાને તેનો સમગ્ર અનુયાયી સમુદાય વફાદાર હોય છે. સ્વામીશ્રી જે કોઈ કાર્ય કે યોજના હાથ ધરે છે તે સત્સંગસમાજ, સત્સંગેતર સમાજ અને દેશના સર્વશ્રેષ્ઠ હિતમાં - સર્વજનહિતાય જ હોય છે, અને એટલે તેમણે વફાદારીની માગણી કરવી પડતી નથી, આપોઆપ વફાદારી સાંપડે જ છે. વ્યક્તિગત વફાદારી તો હોય જ છે પરંતુ સમષ્ટિની પણ તેમના પ્રત્યેની વફાદારી (Group loyalty)!

અગાઉના પ્રકરણ-૨ ના વિભાગ ૨.૪માં જે પુસ્તકનો ઉલ્લેખ કર્યો છે તે પુસ્તક 'Leadership' માં તેના લેખકો વફાદારી વિષે વાત કરતાં લખે છે કે 'To generate loyalty deserve loyalty; to deserve loyalty, be loyal.' (વફાદારી નિપજાવવા. વફાદારીને પાત્ર બનવું પડે અને વફાદારીને પાત્ર બનવા સ્વયં વફાદાર થવું પડે.)

પ્રમુખસ્વામી મહારાજના જીવનની પ્રત્યેક પળમાંથી પરિસ્ફુટ થાય છે, વફાદારી ! પોતાની સંસ્થા પ્રત્યેની, પોતાના ગુરુઓ પ્રત્યેની, પોતાના ધ્યેય પ્રત્યેની, પ્રત્યેક વ્યક્તિ પ્રત્યેની, પ્રાણીમાત્ર પ્રત્યેની વફાદારી ! સ્વામીશ્રી સૌને વફાદાર, તો સૌ તેમને વફાદાર ! દેશ-પરદેશના લાખ્ખો અનુયાયીઓ તેમનો બોલ અધ્ધર ઝીલે ! તેમના વચન પર ફના થઈ જાય !

સ્વામીશ્રીના નેતૃત્વ હેઠળ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ છેલ્લાં ૧૪ વર્ષમાં દેશ અને વિદેશની ધરતી પર યોજાયેલા સાંસ્કૃતિક મહોત્સવો, આંતર રાષ્ટ્રીય બાલ અને યુવા મહોત્સવો, ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ (૧૯૮૧), ગુણાતીતાનંદ દ્વિશતાબ્દી મહોત્સવ (૧૯૮૫), યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ (૧૯૯૨) - જેવાં માનવઉત્કર્ષનાં વિરાટ અભિયાનોમાં, હજારો આબાલવૃદ્ધ સ્વયંસેવકોએ પોતાની નોકરીઓને ઠોકરે મારી, ધંધા-વ્યવસાય છોડી તન-મન-ધનથી, જે સોંપી તે સેવા, મહિનાઓ સુધી અત્યંત નિષ્ઠાપૂર્વક કરી, સમર્પણની વેદીમાં હોમાઈ જઈ, સૌએ પોતાના આ મહાન નેતા પ્રત્યેની વ્યક્તિગત અને સામૂહિક વફાદારી વ્યક્ત કરી છે તેની ગાથાઓ ભારતીય સાંસ્કૃતિક તવારીખનાં સુવર્ણપૃષ્ઠો બની યાવચ્ચંદ્રદિવાકરૌ ગવાતી રહેશે !

આ સામૂહિક વફાદારીને વાચા આપતું આ રહ્યું એક આંકડાકીય વિશ્લેષણ :

| મહોત્સવ | મહોત્સવદિન | સ્વયંસેવક સંખ્યા |
|---|---|---|
| ૧. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી - મહોત્સવ ૧૯૮૧ | ૩૭ | ૧૨૦૦૦ |
| ૨. ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી - મહોત્સવ ૧૯૮૫ | ૫૯ | ૯૦૦૦ |
| ૩. યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ | ૩૯ | ૧૭૦૦૦ |
| ૪. કલ્ચરલ ફેસ્ટીવલ ઑફ ઇન્ડિયા, લંડન | ૩૩ | ૨૫૦૦ |
| ૫. કલ્ચરલ ફેસ્ટીવલ ઑફ ઇન્ડિયા, ન્યૂજર્સી | ૩૧ | ૩૩૦૦ |
| ૬. આંતરરાષ્ટ્રીય બાળ મહોત્સવ | ૫ | ૧૫૦૦ |
| ૭. આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવ | ૫ | ૧૫૦૦ |

આ ઉપરાંત આજ સુધીમાં કુલ ૫૧૫ જેટલા સમૃદ્ધિની છોળો વચ્ચે ઉછરેલા, ભણેલા-ગણેલા નવલોહિયા યુવાનોએ ભેખ ગ્રહણ કરી, સ્વામીશ્રીનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરી સામૂહિક વફાદારીનું એક જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડ્યું.

વફાદારી નિભાવતા સેવકોએ પોતાની શૈક્ષણિક લાયકાત, સામાજિક કે વ્યાવસાયિક મોભો કે હોદ્દો કશા સામું જોયા વિના, પોતાના અસ્તિત્વને નીચોવી નાખ્યું છે. અમેરિકાના કેન્સર સ્પેશ્યાલિસ્ટ ડૉ. નરેન્દ્ર પટેલ રીસેપ્શનીસ્ટ બન્યા, તો મનોચિકિત્સક ડૉ. હર્ષદ પટેલે મિસ્ત્રી કામ કર્યું. 'માર્સ ઓબ્ઝર્વર-૧૯૯૨' 'નાસા' યાનની કોમ્પ્યૂટર ડિઝાઈનર્સ ટીમના મૅનેજર-એન્જિનિયર જીતેન્દ્ર મહેતાએ મહોત્સવના 'ઇન્ડિયા વિલેજ' જેવા વિભાગોમાં પ્રાણ રેડ્યા હતા. તો એમ.બી.એ. થયેલા જયેન્દ્ર પટેલે અહીં જાજરૂ સ્વચ્છ કરવાની સેવાઓ કરી હતી. મોટોરોલા કંપનીના ઇલેક્ટ્રિક એન્જિનિયર ઉમેશ શાહે કે ક્લિનીંગ કોન્ટ્રાક્ટર કાંતિભાઈ પટેલે અહીં જાતે કચરો ઉપાડ્યો હતો. 'નાસા'ના સિનિયર એન્જિનિયર સુરેશ પટેલે રેતીની કોથળીઓ ઊંચકી તો મોટા મોટેલપતિઓ કે ઉદ્યોગપતિઓએ અહીં લગભગ મજૂરી કરવા જેવી સેવાઓમાં જોડાઈ સમર્પણનો ઇતિહાસ સર્જ્યો.

દેશ હો કે પરદેશ - સ્વામીશ્રીનો કેળવેલો ભક્તસમુદાય તન - મન અને ધનથી ન્યોચ્છાવર થવા હંમેશ માટે તત્પર રહે છે...

*

## ૩.૬.૧. દહેજ ત્યાગની સામૂહિક પ્રતિજ્ઞા

ભરૂચ મુકામે ઈ.સ. ૧૯૮૯માં સ્વામીશ્રીના ૬૯મા જન્મદિનની જન્મોત્સવ સભામાં પૂજ્ય ડૉક્ટર સ્વામી તેમના ધારદાર વક્તવ્યમાં, દહેજનાં દૂષણ પર વાત કરી રહ્યા હતા. આ દૂષણથી તમામે દૂર રહેવાની અત્યંત ગાંભીર્યપૂર્ણ વાતને અંતે, તેમણે સૌ સભાજનોને દહેજ નહીં લેવાનો કે દેવાનો જે નિર્ણય કરતા હોય તે સૌને આંગળી ઊંચી કરવા કહ્યું. થોડી આંગળીઓ ઊંચી થઈ પણ ખરી. ત્યાં મુખ્ય આસને વિરાજેલ સ્વામીશ્રીએ બધા જ આંગળી ઊંચી કરે, એવી જ્યાં રુચિ વ્યક્ત કરી, ત્યાં તો

ઈતિહાસમાં ક્યારેય ન જોયેલું - વાંચેલું અનુપમ દૃશ્ય ખડું થયું ! ૨૦,૦૦૦ આંગળીઓ એક સામટી ઊંચી થઈ ગઈ ! દહેજ પ્રથાના ત્યાગની સામૂહિક પ્રતિજ્ઞા લેવાઈ. ગુજરાત રાજ્યના તત્કાલીન મંત્રી શ્રી હરિસિંહ મહીડા પણ સ્ટેજ ઉપર ઉપસ્થિત હતા. ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં, પોતાના રાહબર પ્રત્યેની આવી સામૂહિક વફાદારીનો જોટો જડે એમ નથી !!

૩.૬.૨

સન્ ૧૯૯૪માં સ્વામીશ્રી અમેરિકા પધારેલા. અમેરિકાના સત્સંગ મંડળના પ્રમુખ ડૉ. કે. સી. પટેલ, શ્રી કિશોરભાઈ મહેતા અને શ્રી જી. એમ. પટેલ ભેગા બેસી, વિચારી સેવાની એક અંદાજી યાદી તૈયાર કરેલી. આ યાદી સ્વામીશ્રીને બતાવી.

'બરાબર છે.' સ્વામીશ્રીએ કહ્યું.

ત્યાં એટલાન્ટાના ડીલોનમાં રહેતા શ્રી મથુરભાઈના ચાર દીકરા - કનુભાઈ, હરીશભાઈ, પ્રવીણભાઈ અને બળદેવભાઈ સેવા નોંધાવવા આવ્યા. પેલી યાદીમાં તેમના સામે એક ખાસ્સી મોટી રકમ અંદાજીને લખી હતી પરંતુ કે. સી. પટેલ અને તેમના સાથી હરિભક્તોને એક અંદેશો હતો કે આવડી મોટી રકમ માટે કદાચ તેઓ સંમત ન થાય.

ડૉ કે. સી. પટેલ અને કનુભાઈ સ્વામીશ્રી સાથે બેઠા.

'બાપા ! આપ કહો તે સેવા કરવી છે.' કનુભાઈએ કહ્યું.

'તમે જ બોલો.' સ્વામીશ્રી કહે.

કનુભાઈ જાણે કશુંક વિચારતા હતા. ત્રણ-ચાર મિનિટ આમ જ વીતી ગઈ. પછી સ્વામીશ્રી કહે, 'આટલા ડૉલર રાખો.'

'મારા બાપુજીએ કહ્યું છે કે બાપા કહે તે કરતાં સવાઈ સેવા કરવી, તેથી આટલા ડૉલર રાખો.' અત્યંત હરખાઈને કનુભાઈએ કહ્યું.

'સવાઈ સેવા કરો છો તો મહારાજ તમને સવાયું આપશે.' પ્રસન્ન થકા સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

કનુભાઈએ સ્વામીશ્રી પ્રત્યેની પોતાની અનન્ય વફાદારી વ્યક્ત કરી, સ્વામીશ્રીની રુચિમાં ભળી ગયા !

### ૩.૬.૩. સ્વામીશ્રીની એક સમર્પિત ફોજ

આગામી ઑગસ્ટ માસ(૧૯૯૫)માં લંડન ખાતે ઊજવાનાર 'મંદિર મહોત્સવ' (Temple Festival)નું ખર્ચ, આવકના અંદાજોને ક્યાંય વટાવી ગયું છે. એમાંય વળી, લંડનમાં પ્રવર્તમાન આર્થિક મંદીના મોજાએ, આપણા ભારતીયોના ધંધા સાવ ઠપ કરી દીધા છે. સૌએ અગાઉ સ્વામીશ્રી પધાર્યા ત્યારે મોટી મોટી રકમોની સેવાઓ નોંધાયેલી છે, પરંતુ આ અણધારી આર્થિક કટોકટીએ જ્યાં જીવનનિર્વાહના પ્રશ્નો ઊભા કર્યા હોય ત્યાં તેમની પાસે સેવાની અપેક્ષા કેમ રખાય ! વસ્તુતઃ તો આ બધા કામનાં વ્યવસ્થિત આયોજનો માટે તો આત્મસ્વરૂપ સ્વામીને સ્વામીશ્રીએ ત્યાં રોકેલા. ભલભલી કટોકટીમાં કામ પાર પાડતાં એવા વિચક્ષણ સંતવર્ય આત્મસ્વરૂપ સ્વામી, અત્યારે આ સ્થિતિમાં નિઃસહાયતા, નૈષ્કર્મ્ય ભાવ અનુભવવા લાગ્યા. એક તરફ સ્વામીશ્રીએ સોંપેલી કામગીરી, તો બીજી તરફ હરિભક્તોની આર્થિક ભીંસની ભીષણ વાસ્તવિકતા ! છતાંય હિંમત કરીને સ્વામીશ્રીને ફોન જોડ્યો, 'બાપા ! આપણી ધારેલી રકમ શક્ય બની નથી, હરિભક્તોના દેશકાળ ઘણા કપરા છે.'

'વાંધો નહીં, તે સૌને યાદ કરાવો કે મારા વચને લોન આપે, અગાઉ આપી હોય તે ફરી આપે.' સ્વામીશ્રીએ હિંમત આપી.

આત્મસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રીની આ પ્રકારની રુચિની વાત ૧૩૨ હરિભક્તોને ફોનથી કરી, બીજે દિવસે રાત્રે મિટિંગમાં હાજર રહેવા સૂચવ્યું. બીજે દિવસે નિયત સમયે એક પછી એક હરિભક્તો આવવા માંડ્યા. સરેરાશ ૧૦૦ થી ૧૫૦ માઈલ દૂરથી સૌ આવતા હતા. અર્ધા એક કલાકમાં ૧૨૭ હરિભક્તો મિટિંગમાં હાજરી આપવા આવી ગયા ! જે પાંચ ન આવી શક્યા, તેમણે તેમના અનિવાર્ય સંજોગોની વાત કરી, હાજર નહીં રહેવા બદલ દિલગીરી વ્યક્ત કરી. આ મિટિંગમાં આત્મસ્વરૂપ સ્વામીએ સ્વામીના શબ્દો શબ્દશઃ કહી સંભળાવી, સ્વામીશ્રી તે સૌ પાસે આ પ્રકારની સેવા ઇચ્છી રહ્યા છે તેની વિશેષ છણાવટ કરી. ત્યાં ઉપસ્થિત તમામ હરિભક્તો એક પછી એક લોનની મોટી રકમો લખાવતા ગયા. છેલ્લા હરિભક્તે તો બહુ મોટી રકમ નોંધાવી ! પ્રસન્ન થતાં, સૌ સૌને ઘેર પાછા વળ્યા. આત્મસ્વરૂપ સ્વામી તે સૌના સમર્પણ પર વારી ગયા !

એમને થયું કે સ્વામીના એક વચન પર... કેવો અટલ વિશ્વાસ ! કેવી અસીમ શ્રદ્ધા ! સર્વસ્વ કુરબાન કરી દેવાની, સરફરોશીની કેવી ઉત્કટ ભાવના ! સ્વામીશ્રીના નેતૃત્વ હેઠળ આવી એક સમર્પિત ફોજ (Dedicated army) ઊભી થઈ છે !

૩.૬.૪

પ્રસ્તુત 'મંદિર મહોત્સવ'માં જેણે સેવાની રકમો નોંધાવી છે તે તેમની ફાજલ મૂડી નથી; અથાગ પરિશ્રમ કરીને, બહુ જ અગત્યનાં એવાં વ્યવહારનાં કામો માટે બચાવી રાખેલાં એ નાણાં છે. પરંતુ સ્વામીશ્રીના એક વચને એ બધું જ કૃષ્ણાર્પણ કરવા થનગની રહ્યા છે !

એક ભાઈએ કહ્યું કે 'તેઓ બૅન્કમાંથી તમામ રકમ ઉપાડી લઈ, તેમજ પોતાનું મકાન વેચી દઈ, સેવાની રકમ જમા કરાવશે !'

એક ભાઈએ 'પોતાની પુત્રીનાં લગ્ન માટે બચાવેલી સમગ્ર રકમ સેવામાં આપી દેશે' એમ કહ્યું,

એક ભાઈએ કહ્યું, 'સ્વામીશ્રીએ જ્યારે આવું વિરાટકાર્ય ઉપાડ્યું છે અને નાણાંની જરૂર છે ત્યારે હું ન આપી શકું તો, ધન્યો ગૃહસ્થાશ્રમ : નહીં, મારો ગૃહસ્થાશ્રમ ધિક્કાર !'

એક કુટુંબે બધા જ શૅર વેચી દીધા - પતિ, પત્ની અને માતુશ્રી ત્રણેયે બેસી નિર્ણય લઈ લીધો કે અમુક પાઉન્ડ સેવામાં આપવા !

કલરમા સ્ટુડિયોવાળા શ્રી મોહનકાકાના ૨૩ વર્ષીય પૌત્રે આત્મસ્વરૂપ સ્વામીને કહ્યું, 'મારી શું સેવા ?'

...તારી કાંઈ નહીં, તારા કુટુંબમાંથી પૂરતી સેવા આવી ગઈ છે' આત્મસ્વરૂપ સ્વામીએ ઉત્તર વાળ્યો. જાણે ખિન્નતા અનુભવતો હોય એમ એ યુવક બોલી ઊઠ્યો, 'બાપા પણ મને આવું જ કહ્યા કરે છે, તો મારી સેવા જ નહીં ?' પછી કહે, 'મારા પોતાના વ્યક્તિગત શૅરો છે, એ તો સેવામાં લેવા જ પડશે !'

પોતાના પ્રાણપ્યારા નેતા પ્રત્યેની વફાદારીની આ છે અજોડ આખ્યાયિકાઓ !

*

૩.૭

મુખ્ય ધ્યેય પ્રાપ્તિના ઉમદા હેતુને અર્થે આદર્શ નેતા તેમના કાર્યકરોની ક્ષતિઓ તરફ અંગુલિનિર્દેશ કરે, ટકોર પણ કરે, કાર્યપદ્ધતિ અંગે દૃઢ આગ્રહ રાખે, અને ઊણપ કે અધૂરપ દેખાય તો કડકાઈ પણ દાખવે; પરંતુ તેમાં પૂર્વગ્રહ કે હીણપતનો અંશ પણ જોવા ન મળે, બલ્કે તેઓ સર્વ પ્રત્યે સમદૃષ્ટિ જ રાખે, સર્વ પ્રત્યે તેઓ ઉદારચરિત જ હોય. સ્વામીશ્રીના જીવનમાં હૃદયની વિશાળતા, ઉદારતા અને સમદૃષ્ટિના અસંખ્ય પ્રસંગોએ દર્શન થાય છે. હવે થોડા એવા પ્રસંગો જોઈએ.

*

૩.૭.૧

યોગી શતાબ્દી મહોત્સવ સમયે બનાસકાંઠા પત્રકારસંઘને પણ આમંત્રણ આપવામાં આવેલું. તેમાં એક ઊર્દુ સાપ્તાહિકના બે મુસલમાન પત્રકારો પણ આવ્યા હતા. તે સૌથી અતડા ફરે અને સ્વામિનારાયણ નગરમાં ફરતાં ફરતાં સતત ટીકા કર્યા કરે. આવ્યા ત્યારથી જ આવું બરછટ વર્તન. પ્રેસ વિભાગમાં સેવા આપતા શ્રી નંદુભાઈ પટેલ, જેઓ પોતે પણ પત્રકાર છે, તેઓ આ બધું જોયા - સાંભળ્યા કરે. આ બંનેને સમજાવીને તેઓ તેમને સાંજની સભામાં લાવ્યા. સ્ટેજ પર સ્વામીશ્રી અને સંતો વિરાજમાન હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો ચાલી રહ્યા હતા; આવા સમગ્ર દિવ્ય વાતાવરણની આ બંને ભાઈઓ પર અસર થતી ગઈ. તેમના મોં પર પ્રશસ્તિની ભાવરેખાઓ દૃષ્ટિગોચર થવા લાગી. પછી તો નંદુભાઈ તેમને સ્ટેજ પર સ્વામીશ્રીનાં દર્શને લઈ ગયા. સ્વામીશ્રીએ તેમને હૃદયના ભાવથી આવકારી ખૂબ આદરથી તેમની સાથે વાત કરી, બંનેને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા, પ્રસાદ આપ્યો ને તેમને રસોડે જમાડીને, મોકલવાની સૂચના કરી. સ્વામીશ્રીનું આ ઉદારચરિત પેલા ભાઈઓના હૃદયમાં એવું તો ઊતરી ગયું કે તેમાંના એક ભાઈ તો સ્ટેજ પરથી પાછા ઊતરતાં જ રડી પડ્યા અને નંદુભાઈને કહ્યું કે 'હું ખૂબ જ પૂર્વગ્રહ લઈને આવેલો પરંતુ સ્વામીશ્રીનો પ્રેમ મને સ્પર્શી ગયો. આવો અનુભવ મેં ક્યારેય કર્યો નથી.'

જે બહારનો માણસ છે, જેવું બરછી વર્તન છે છતાં સ્વામીશ્રી તેના પ્રત્યે

કોઈ પૂર્વગ્રહ કે હીનદૃષ્ટિ રાખતા નહોય. તો પોતાના કાર્યકરો માટે તો તેમને કેવો ભાવ હોઈ શકે ! -આ અનુભવ જેને જેને થયો છે તે આજીવન સ્વામીશ્રીના બની ને રહ્યા છે.

*

## ૩.૭.૨. આ પ્રવૃત્તિ નથી સેવા છે

૧૯૮૫, ૨'જી નવેમ્બર શનિવાર આસો વદી ચતુર્થીનો એ દિવસ હતો. ભારતના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી નાની પાલખીવાલા પ્રશંસા કરી હમણાં જ વિદાય થયા હતા. શનિવાર હોવાથી મુલાકાતીઓની બૂમ ભીડ હતી. ઘણા મહાનુભાવો પણ નગરદર્શન કરી પરમ પૂજ્ય સ્વામીશ્રી પાસે પ્રેરણા મેળવવા આવ્યા હતા. વળી આજે જ ભારત સાધુ સમાજના મહામંત્રી શ્રી પૂજ્ય હરિનારાયણનંદજીનું રાત્રે પ્રવચન હતું. તેઓશ્રી સ્વામીશ્રીના મિલનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. બાજુના બેઠક ખંડમાં બેસાડી તેઓના આગમનની જાણ કરવા સંતો સ્વામીશ્રી પાસે આવ્યા, પરંતુ અહીં તો સ્વામીશ્રી એક નાના સંત સાથે કંઈક વાત કરતા હતા. સભાનો સમય થઈ ચૂક્યો હતો. જલદી હરિભક્તોને અને અતિથિવિશેષને મળી સભામાં પહોંચવું અનિવાર્ય હતું. વાત ટૂંકાવવા માટે વ્યવસ્થાપક સંતો વારંવાર બારણાંમાં આવી સંકેતથી કહેતા હતા, પરંતુ સ્વામીશ્રી તો સ્થિર મનથી વાતનો દોર ચાલુ જ રાખતા હતા, આવી તે કઈ વાત હશે ? ને અત્યારે આટલી ઉતાવળમાં ! સાવ નાના સંત સાથે ! શું વાત કરતા હશે ?

સ્વામીશ્રી કશુંયે ધ્યાનમાં લીધા વગર આ નાના સંતના મનમાંથી કશોક વિચાર કાઢી નાંખવા જ માંગતા હતા. સ્વામીશ્રી પાસે તે સંતે કહ્યું :

'સ્વામી ! આપ આજ્ઞા આપો. મહોત્સવની વિભાગીય પ્રવૃત્તિથી થાકી ગયો છું તો થોડો સમય આરામ કરવા મંદિરે જાઉં. બે દિવસ પછી સેવામાં જોડાઈ જઈશ. !'

બસ ! આ વિચાર જ ભૂંસી નાંખવા સ્વામીશ્રી અત્યારે વાત કરતા હતા. કારણ ? તેઓ પ્રવૃત્તિને ભક્તિ-સેવા માને છે અને ભક્ત ભક્તિના પંથે થાકે તેને ધ્યેયની પ્રાપ્તિ ક્યાંથી ? વળી આ સાધુએ તો ભગવદ્‌ભક્તિ માટે જ ભેખ લીધો છે તેનો 'થાક' એ સ્વામીશ્રી કેમ સાંભળી શકે ?

સ્વામીશ્રીએ કહ્યું : 'થાક લાગ્યો છે ? જીવનમાં ક્યારેય નિરાશા લાવવી

નહીં. આપણાથી થાય તેટલી સેવા કરવી. આ કંઈ પ્રવૃત્તિ નથી. ભગવાનની સેવા છે. આનાથી શક્તિ ખીલે.' બસ ! આવા ઉત્સાહના શબ્દો સાંભળી તે સંતની કાયામાં સેવાની શક્તિનો સંચાર થયો, સંકલ્પ માંડી વાળ્યો. સ્વામીશ્રીનાં વાક્યો હૃદયસ્થ કરવાનો સંકલ્પ કર્યો. જીવનમાં નક્કી કર્યું કે 'ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું.' કહો જોઈએ, ગમે તેટલી પ્રવૃત્તિમાં નાનામાં નાની વ્યક્તિને દુઃખ લગાડીને પણ સાચો માર્ગ ચીંધનાર, પ્રવૃત્તિને સેવા સમજાવનાર આજે કેટલા ? આજીવન સેવાનો ભેખ લેનાર જ આવું બોલી શકે ! અને આ પ્રસંગ જે સંત સાથે બન્યો હશે તે સંતની સ્મરણ મંજૂષામાં આ પ્રસંગનું સ્થાન કેટલું બધું મહત્ત્વનું હશે ?! દ્વિશતાબ્દી મહોત્સવની મહાન ઉજવણીનો આ એક નાનો એકમ પણ સ્વામીશ્રીને મન કેટલો બધો અગત્યનો હતો ! અને એથી માત્ર દ્વિશતાબ્દી પૂરતું નહીં, એ સંતને જીવનભરનું ભાથું મળી ગયું : 'ડગલું ભર્યું કે ના હઠવું.'

### ૩.૭.૩. સ્નેહ સરિતામાં સ્નાન

અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી ઉત્સવનું સમગ્ર આયોજન સ્વામીશ્રી સંભાળી રહ્યા હતા. સ્વામીશ્રીએ અડાસ સ્વામિનારાયણ મંદિરના નાથાભગતને શહેરમાંથી અમુક વસ્તુઓની ખરીદીનું કામ સોંપેલું. તેમની સાથે એક ભાઈ પણ હતા. ખરીદીમાંથી બાકી વધેલા રૂપિયા ૫૦ મંદિરમાં પરત કરી, જમા કરાવવા નાથા ભગતે એમને ખાસ કહેલું; પરંતુ તેમણે એ રૂપિયા જમા નહીં કરાવેલા. ઉત્સવ પતી ગયા પછી સ્વામીશ્રીને આ વાતની ખબર પડી. તેથી તેઓ નાથા ભગતને વઢ્યા. તેમને એવી તો રીસ ચડી ગઈ કે મંદિરે આવવાનું લગભગ બંધ કરી દીધું, કદાચ કોઈક વાર મંદિરે આવે તો સ્વામીશ્રીને મળવાનું ટાળે.

થોડા વખત બાદ બોચાસણમાં મંદિરનાં પગથિયાં પર નાથા ભગત અને સ્વામીશ્રી અચાનક મળી ગયા. નાથા ભગત તો નીચું જોઈ ગયા. સ્વામીશ્રી તેમનું કાંડું પકડી સભા ખંડમાં લઈ ગયા અને પ્રશ્નથી પૂછવા લાગ્યા,

'શું થયું છે તને ? કેમ રીસ ચડી છે ? મંદિરે નથી આવતો ? મને મળતો કેમ નથી ?'

'હું સાચો હતો છતાંય ૫૦ રૂપિયા માટે મારી પર આળ આવ્યું. તમે

જાણતા હતા તોય પક્ષ ના રાખ્યો.' નાથા ભગતે પોતાની બળતરા ઠાલવી.

સ્વામીશ્રી હસી પડ્યા અને અત્યંત નિખાલસતાથી બોલ્યા, 'લે ! એમાં આવડું ખોટું લાગ્યું ! તું ઘરનો હતો ને પેલો બહારનો; તને જ વઢાય, તેને વઢીએ તો જતો રહે અને પાંચને લઈ જાય, તે જાહેરમાં તેનો જ પક્ષ રાખવો પડે, તું ક્યાં જવાનો હતો ?'

નાથા ભગત પોતાના નેતાની સ્નેહસરિતામાં જાણે સ્નાન કરી, કડવાશના મેલથી મુક્ત થયા !!

# ૪. અસાધારણ નિર્ણયશક્તિથી ઓપતું નેતૃત્વ

૪.૧

ગમે તેવી વિષમ પરિસ્થિતિઓમાં જટિલ સમસ્યાઓ કે શિરદર્દ સમા કૂટ પ્રશ્નો સુલઝાવવામાં બુદ્ધિગમ્ય નિર્ણયો લેવાની અદ્‌ભુત કોઠાસૂઝ એ નેતૃત્વની સફળતાનું એક સબળ પરીક્ષણ છે. સાચો નેતા, સમસ્યાનું પૃથક્કરણ કરે છે. અને રચનાત્મક ઢબે તેનો સામનો કરે છે. 'નિર્ણય લેવાની પ્રક્રિયાના સિદ્ધાંત' મુજબ કોઈપણ સમસ્યાને સમજવા - સુલઝાવવામાં નીચેના તબક્કાઓમાંથી પસાર થવું પડે છે.

૧. સમસ્યાને સારી રીતે પીછાણવી - જાણવી.

૨. જરૂર પડે તો સમસ્યાને જુદી જુદી ઉપસમસ્યાઓમાં વહેંચી નાખી, પ્રત્યેક ઉપસમસ્યાને સમજવા - સુલઝાવવાના પ્રયાસો કરવા.

૩. જુદા જુદા સુસંગત વિકલ્પો વિચારી કાઢી, પ્રત્યેક વિકલ્પ જો હાથ ધરવામાં આવે તો તેનાથી કેવું પરિણામ નીપજે તેના બુદ્ધિગમ્ય અંદાજો કરવા.

૪. આવા વિકલ્પો, અનિયંત્રિત પરિસ્થિતિઓ હેઠળ કેવી રીતે હાથ ધરવા તે વિષે વિચારવું.

૫. આ વિકલ્પોમાંથી શ્રેષ્ઠતમ વિકલ્પ કયો તે નક્કી કરવું.

કોઈકવાર એમ પણ બને કે સમસ્યાને સમજવાના ને હલ કરવાના સંનિષ્ઠ પ્રયાસો, નેતાના માર્ગદર્શન હેઠળ કામ કરતી જવાબદાર વ્યક્તિઓએ હાથ ધરી દીધા હોય અને કામચલાઉ નિર્ણયો લઈ પણ લીધા હોય ત્યારે તેના સફળ અમલીકરણની જવાબદારી નેતાને શિરે આવે છે. શક્ય છે કે આ કામચલાઉ નિર્ણયોમાંથી નવા પ્રશ્નો પણ પેદા થાય, તો એવી પરિસ્થિતિને કેવી રીતે પહોંચી વળવું તે પણ નેતાની કુનેહ પર અવલંબે છે. આવા શક્ય પ્રશ્નોનું પૃથક્કરણ (Potential Problem Analysis) પણ કુશળ નેતા કુનેહ અને કાબેલિયતથી કરી શકે છે. પ્રશ્નોમાં ઊંડા ઊતરી તે જુએ છે કે તેમાં કયાં અને કેવાં કેવાં જોખમો (Risk) છે, કયા કયા અવરોધકો (Constraints) છે. આ જોખમોને ટાળી શકાય ખરા ? કઈ રીતે ? આ અવરોધકોને નિપટી શકાય ખરા ? કદાચ ન જ ટાળી શકાય - ન નિપટી શકાય તો આવા નેતા, અન્ય કોઈક એવી વૈકલ્પિક યોજના વિચારી રાખે જેમાં ન્યૂનતમ નુકસાન હોય.

આ રીતે સમસ્યાને, પ્રથમ તો યથાર્થરૂપે ઓળખી પીછાણી; પૃથક્કરણ કરી તેના ઉકેલ માટેની વૈજ્ઞાનિક પ્રક્રિયાની સફળ નેતાને એક ફાવટ આવી ગઈ હોય છે.

વળી તેઓ સમસ્યા કે પરિસ્થિતિનો પૂરો તાગ મેળવી લઈ, અત્યંત વ્યવહારુ અભિગમ દાખવીને ઉકેલ સૂચવતા હોય છે. કોઈક અટપટા મુદ્દા પર પોતાનો એવો તો શ્રેષ્ઠ સુલઝાવ આપે કે સંબંધિત પક્ષોને તે સ્વીકાર્ય બને એટલું જ નહીં તેઓ રાહત અનુભવે.

કોઈકવાર નિર્ણય પ્રક્રિયામાં જો પોતે સીધા સામેલ ન થયા હોય, પરંતુ પોતાના માર્ગદર્શન હેઠળ કાર્યભાર સંભાળતી જવાબદાર વ્યક્તિઓ કોઈ જટિલ પ્રશ્નના ઉકેલ માટે મથતી હોય તો તેમને એવું તો જબરદસ્ત પીઠબળ (Helicopter ability to stand back) પૂરું પાડે કે તે વ્યક્તિઓ સતત હૂંફ અને સથવારો અનુભવે અને બમણા જોશ અને આત્મવિશ્વાસથી ઉકેલ પ્રક્રિયામાં ઓતપ્રોત થઈ જાય.

પ્રમુખસ્વામી મહારાજે અનેક પ્રસંગોએ તેમની આવી અસાધારણ નિર્ણયશક્તિનાં દર્શન કરાવ્યાં છે.

*

## ૪.૨. જટિલ સમસ્યાનો પળમાં ઉકેલ

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા એક એવો પ્રોજેક્ટ હાથ ધરવાની વિચારણા થઈ જેમાં ઘણું મોટું નાણાંકીય રોકાણ કરવાનું આવતું હતું. તેમાં એક મુદ્દો એવો હતો કે જેમાં - આમ કરવું કે ન કરવું - એ નિર્ણયની દૂરગામી અસરો થવાની પૂરી શક્યતા હતી. આ રીતે આ પ્રોજેક્ટમાં જોખમો સમાયેલાં હતાં - નાણાં અને સાધનોના જંગી રોકાણનાં, તેમજ તેની ભાવિ અને દૂરગામી અસરોનાં. 'To do or not to do' (કરવું કે ન કરવું)ની શૃંગાપત્તિ જેવી સ્થિતિ હતી. ઈશ્વરચરણ સ્વામી તથા સંસ્થાના અનુભવી જનરલ સેક્રેટરી શ્રી હરીશભાઈ દવે અને બંનેએ વિકલ્પો વિચારી ઉકેલ શોધવા ઘણી મથામણ કરી હતી. પરંતુ સમસ્યા જટિલ હતી. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫નો એ દિવસ હતો. છેલ્લા ૩૯ દિવસથી અમદાવાદ, શાહીબાગ મંદિરે વિરાજતા સ્વામીશ્રી, બીજે દિવસે સવારે અહીંયાથી વિદાય લેવાના હતા. રાત્રે મુલાકાતોનો દોર પૂરો થયા બાદ સ્વામીશ્રીએ ૧૦-૧૫ વાગે હરીશભાઈ, ઈશ્વરચરણ સ્વામી અને વિવેકસાગર સ્વામીને પોતાની રૂમમાં બોલાવ્યા. સ્વામીશ્રી આ સમસ્યાથી વાકેફ તો હતા જ. સ્વામીશ્રીએ પોતે જ, તેઓ સાથે એ પ્રશ્નનાં જમા-ઉધાર પાસાંઓની વિષદ્ ચર્ચા કરી. અમુક પ્રકારનો નિર્ણય લેવાય તો તેની ભાવિ અસરો કેવી થાય એવા નાના-મોટા પેટા પ્રશ્નો પણ પોતે જ ઊભા કર્યા. પરંતુ હજી પ્રશ્નો પ્રશ્નોના સ્તરે જ હતા. કોઈ નક્કર ઉકેલ સૂચવ્યા સિવાય, લગભગ ૧૦-૩૫ વાગે સ્વામીશ્રી 'તમે બધા હજુ વિચારો' એમ કહી પોઢવા ગયા. તે સૌ પણ ત્યાંથી ઊઠીને પોતપોતાને ઠેકાણે જઈ સૂઈ ગયા. બીજે દિવસે સવારે તો સ્વામીશ્રી ઉકાળાપાણી બાદ તરત જ વિદાય લેવાના હતા - હવે તેમની સાથેની મુલાકાતને ય અવકાશ નહોતો.

૨૪મી જાન્યુઆરીની સવારે, પ્રાતઃપૂજા અને ઉકાળાપાણી બાદ સ્વામીશ્રી વિદાય લેવાની તૈયારી કરી રહ્યા હતા અને તેમણે ઈશ્વરચરણ સ્વામી અને હરીશભાઈને કહ્યું કે 'તમે અમારી સાથે ગાડીમાં આવો.' લગભગ ૯-૪૫ વાગે સ્વામીશ્રીએ અમદાવાદથી ભાવભીની વિદાય લીધી. ઈશ્વરચરણ સ્વામી અને હરીશભાઈને પણ કારમાં પોતાની સાથે લીધા. રસ્તામાં સૌ પ્રથમ પાલડી ખાતે સંસ્કાર કેન્દ્રનું ખાતમુહૂર્ત કરી આગળ વધવાનું હતું. તે પણ

કર્યું. મોટરકારે ખેડા તરફની વાટ પકડી.

સ્વામીશ્રી કહે, 'ગઈ કાલે શું વિચાર્યું ?'

બધા એકબીજાની સામે જોવા લાગ્યા.

વિવેકસાગર સ્વામી કહે : 'બાપા ! ક્યાં સમય જ મળ્યો છે ? કાલે રાત્રે તો બધા સૂઈ ગયા અને સવારે પ્રાતઃપૂજામાં વહેલા પહોંચી ગયા, કોઈએ કાંઈ વિચાર્યું નથી.'

સ્વામીશ્રીએ તેઓની સામું એક દૃષ્ટિ ફેરવી; પળ બે પળ એમ જ વીતી ગઈ; અને પછી સ્વામીશ્રીએ એક પછી એક મુદ્દાઓ લઈ પૃથક્કરણ કરવાની શરૂઆત કરી દીધી - પેલી જટિલ સમસ્યાઓના એક એક આવરણને અલગ કરતા ગયા - કાયદાકીય કંઈ ગૂંચો આવશે ? તેને કેવી રીતે ઉકેલી શકાશે ? વહીવટી વ્યવસ્થા કેવી ગોઠવવી ? ભવિષ્યના સંદર્ભમાં વહીવટી વ્યવસ્થા કેવી હોવી જોઈશે ? - નાણાંકીય રોકાણ કેટલું કરવું ? કેટલી હદ સુધી કરીએ તો ભવિષ્યમાં પણ કોઈ જોખમ કે અવરોધ ન નડે ? આ નાણાંકીય સાધનો કેવી રીતે અને ક્યાંથી ઊભાં કરવાં ? અન્ય મદદરૂપ સેવાઓનું માળખું (Service support system) કેવું હોવું જોઈએ ? આ પ્રશ્નના એક એક પડળને, ક્રમે ક્રમે ઉખાળી, તે માટે નક્કર ઉકેલ સૂચવી, એક અર્ધા કલાકના ટૂંકા સમયગાળામાં તો એ પ્રોજક્ટની રૂપરેખા એટલી તો સ્પષ્ટ કરી દીધી કે સૌ અવાક્ થઈ ગયા !! સ્વામીશ્રી જેમ બોલતા ગયા, તેમ હરીશભાઈ તેની નોંધ ટપકાવતા ગયા. બારેજા આવ્યું ત્યાં સુધીમાં તો સમસ્યાનો સંપૂર્ણ, સર્વસ્વીકાર્ય એવો ઉકેલ સૂચવી દીધો !!

પછી કહે, 'બરાબર છે ને ? બીજું કાંઈ પૂછવું છે ?'

સૌ હળવાફૂલ, પ્રસન્નચિત્ત હતા. ત્યાં જ રસ્તા પર એક તરફ મોટરકાર રોકી, ઈશ્વરચરણ સ્વામી અને હરીશભાઈ ઊતરી ગયા અને અમદાવાદ પરત આવવા સ્વામીશ્રીની રજા લીધી.

*

૪.૩

પ્રમુખસ્વામીજી કોઈપણ સમસ્યા કે પરિસ્થિતિ અંગેની ચર્ચા હાથ ધરે તે દરમિયાન જે વિચારો રજૂ કરે છે તેમાં ભારોભાર તર્કસંગતતા અને

વાજબીપણું જોવા મળે છે. ક્યારેય કોઈ દલીલ અસંગત હોય જ નહીં.

સંસ્થાના જનરલ સેક્રેટરી હરીશભાઈ દવે, સંસ્થાના અનેકવિધ વહીવટી કાર્યો અંગે રૂબરૂ કે ફોન દ્વારા કાયમ સ્વામીશ્રીના સંપર્કમાં હોય છે. તેઓ નોંધે છે કે એક પણ પ્રસંગ એવો નથી કે સ્વામીશ્રીની વિચારની કડી તૂટી હોય ! એક મુદ્દા વિષે અગાઉ ચર્ચા કર્યે બે માસનો ગાળો વહી ગયેલો. એ વાત સ્વામીશ્રી સાથે ફોન પર ફરી ચર્ચાતાં, સ્વામીશ્રીના મનમાં જાણે હજુ કલાક પહેલાં જ વાત ચર્ચાઈ હોય એટલી જ તાજી ! તેની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગત સ્વામીશ્રીની નજર બહાર નહીં ! સામી વ્યક્તિને કદાચ વિસ્મરણ થઈ ગયું હોય એમ બને.

તર્કસંગતતા સાથે સાથે પ્રશ્નો નીપટવાની સ્વામીશ્રીની વિસ્મયકારક ઝડપ !! હરીશભાઈ દવે એક વખત સ્વામીશ્રી સાથે દોઢ કલાક બેઠા, એમાં ૮૫ મુદ્દાઓ ચર્ચાયા - બધા પર સ્વામીશ્રીએ પોતાનો શ્રેષ્ઠ સુલઝાવ રજૂ કર્યો. આ ૮૫ મુદ્દામાંથી ૩૨ તો નીતિવિષયક મુદ્દાઓ હતા !!

સ્વામીશ્રી માત્ર નિર્ણયો જ સૂચવે એટલું જ નહીં, તેના ઝડપી અમલીકરણના તેઓ દૃઢ આગ્રહી છે. તેમની આ આશ્ચર્યજનક કુનેહનું રહસ્ય જણાવતાં હરીશભાઈ કહે છે કે સ્વામીશ્રી સામેની વ્યક્તિને કદી Generation gap (પેઢીજનિત અંતર) અનુભવવા દેતા જ નથી - પછી તે બાળક, યુવાન, વડીલ, સંત, સત્સંગી વ્યક્તિ કે સત્સંગેતર વ્યક્તિ હોય.

પાંચ દાયકાથી સંસ્થાનો વહીવટ સંભાળતાં હોવા છતાં અને જીવનના સાત દાયકા વટાવી ચૂક્યા હોવા છતાં તેમની સાથેની મુલાકાત કે ચર્ચામાં તેમના મુખેથી 'અમારા જમાનામાં' એવો શબ્દપ્રયોગ આવતો જ નથી ! અને તેથી તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતા સંતો અને કાર્યકરો, તેમના નિર્ણયના ત્વરિત અમલીકરણ માટે અથાગ પ્રયાસો આદરે છે.

*

૪.૪

લગભગ દરેક બાબતે પોતાનો સ્પષ્ટ સુલઝાવ આપતા આવા નેતા કોઈકવાર તેમને યોગ્ય લાગે તો, સ્પષ્ટ નિર્ણય ન પણ આપે ! તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતા વ્યવસ્થાપકોને, નિર્ણય જાહેર ન કરીને મૌન

સેવીને પ્રચ્છન્નતા કે રહસ્યનો અહેસાસ કરાવે; પરંતુ વળી અમુક સમયગાળો વીતતાં પોતે જ સ્પષ્ટતા કે ખુલાસો કરે કે અમુક બાબતોના સંદર્ભમાં પ્રચ્છન્નતા રાખવી જરૂરી હતી. એવી સાહજિકતાથી સ્પષ્ટતા કરે કે અનુયાયીઓ તેમની રહસ્યમયતામાં પણ પ્રસન્નતા અનુભવે ! તેમની પ્રચ્છન્નતામાં તેઓ પ્રસન્નતા અનુભવે !!

કોઈકવાર નિર્ણય મુલતવી પણ રાખે. પણ તેમાંયે મર્મ હોય; જ્યારે મર્મસ્ફોટ થાય ત્યારે તેમાં યથાર્થતા, પ્રસ્તુતતા અને દીર્ઘદર્શીપણાનાં દર્શન થાય. તેમના નેતૃત્વ હેઠળના તમામ સ્તરના કાર્યકરો તેમનો આ નિર્ણય ઊલટભેર સ્વીકારી લે.

૪.૫

પ્રશ્નો ઉકેલવામાં તર્કસંગતતા અને યથાર્થતા ઉપરાંત, સ્વામીશ્રી હંમેશાં વ્યવહારુ અભિગમ દાખવતા હોય છે. અમુક ક્રિયા હાથ ધરતાં તેમાંથી ક્યાં ક્યાં, કેવી કેવી પ્રતિક્રિયાઓ થાય તેનાથી તેઓ સંપૂર્ણ વાકેફ હોય છે; અને તેથી આ વૈકલ્પિક ક્રિયાઓમાંથી જે વધારે વ્યવહારુ લાગે, તેને અનુસરવાનું તેઓ માર્ગદર્શન આપતા હોય છે.

*

૪.૫.૧

ડભાણ મંદિરના નિર્માણની કામગીરી શરૂ થઈ ગયે બે વર્ષ વીતી ગયાં હતાં. સ્વામીશ્રી અગાઉ બોલેલા કે 'ઘણા પ્રશ્નો છે.' હકીકતે સૌને એ અનુભવ થતો ગયો કે પ્રશ્નોની પરંપરા છે અને ખાસ કરીને તેમની અંદરોઅંદરના અલગ અલગ અભિપ્રાયોના પ્રશ્નો, મમત્વના પ્રશ્નો ! વડીલ આગેવાનો અને જુવાનિયાઓ તથા સંસ્થાના ઇજનેરોનાં મંતવ્યો અલગ અલગ ! તે વખતે ડભાણના શાંતિભાઈ પટેલ બાંધકામમાં મુખ્ય જવાબદાર હતા. એક દિવસે આ શાંતિભાઈ અગ્રણી હરિભક્તોને લઈને સ્વામીશ્રીને આ બધા પ્રશ્નોથી વાકેફ કરવા સારંગપુર ગયા. સ્વામીશ્રીએ તેમને દૂરથી જોયા તેથી સેવક સંત દ્વારા કહેવડાવ્યું કે 'કહો કે સ્વામીને હમણાં સમય નથી. મંદિર માટે પછી શાંતિથી ટપાલ લખીને આવજો.' સેવક સંતે શાંતિભાઈને આ પ્રમાણે કહ્યું. તેથી તેઓ સૌ તે દિવસે તો દર્શન કરીને

પાછા ડભાણ ગયા.

બીજે જ દિવસે સ્વામીશ્રીએ શાંતિભાઈને એક પત્ર મોકલાવ્યો. લખ્યું હતું કે 'તમે એકલા અમને મળવા આવી જાવ.' શાંતિભાઈ એકલા સારંગપુર પહોંચ્યા અને સ્વામીશ્રીને મળી બધી વિગતે વાત કરી.

સ્વામીશ્રી કહે, 'જુઓ, અમે જાણીએ છીએ... પ્રશ્નો છે... મોટા હોય, જૂના હોય. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સમયે એ રીતે બધો ભોગ આપ્યો હોય એવા વડીલો છે, તો તેમનું સાચવવું પડે. એ લોકોને બીજો ભાવ ના હોય, પરંતુ તે આગળનું બધું ના વિચારે; માટે આપણે શાંતિથી, સમજીને કામ લેવું, એવું લાગે તો નમી દેવું, મૂકી દેવું; પરંતુ એક વાત યાદ રાખવી કે આપણે બધા ભેગા થયા, પૈસા ઉઘરાવ્યા, તે મંદિર કરવા. આને માટે દાખડો કર્યો, તે કાંઈ ભેગા થઈને કજિયા-કંકાસ નથી કરવાના.'

શાંતિભાઈ આ વ્યવહારુ સૂચનો અને સુલઝાવ લઈ પરત થયા. વડીલોની આમન્યા રાખી આગળ ધપાવ્યું. બહુધા, વિચારોના સંઘર્ષના પ્રશ્નો હતા, તે વ્યવહારુ અભિગમથી ટળી ગયા.

૪.૬

કોઈપણ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લઈ કામ પાર પાડવાની સ્વામીશ્રીમાં અજબ-ગજબની આવડત છે. પોતે તો ગમે તે વિષમ પરિસ્થિતિમાં અચલ, અટલ અને સ્થિતપ્રજ્ઞ જ હોય છે. પરંતુ તેમના અનુયાયીઓને પણ કોઈપણ દેશકાળમાં હેબતાઈ નહીં જવા, સ્વસ્થતા નહીં ગુમાવવાનાં સૂચનો કરી તેમનામાં બળ પ્રેરે છે. પોતાના દરેક નિર્ણયને તેઓશ્રી પ્રથમ દીર્ઘદર્શિતાને ત્રાજવે તોલે છે.

### ૪.૬.૧. નેતાની હિંમત એટલે અનુસરનારાઓનો પ્રાણવાયુ

૧૯૮૫માં ડ્રાઈવઈન રોડ, અમદાવાદ ખાતે ઉજવાયેલા ગુણાતીત દ્વિશતાબ્દી મહોત્સવમાં લાખો લોકો લાભ થઈ રહ્યા હતા. એક દિવસ પ્લાયવુડ-થર્મોકોલ અને કંતાનના બનેલા મુખ્ય દ્વારને અચાનક આગ લાગી. સ્વામીશ્રીને સત્વરે જાણ કરાઈ. સંતો-યુવકો અને ફાયર બ્રિગેડના સમયસરના પ્રયાસો દ્વારા આગ તો બુઝાઈ ગઈ, પણ દ્વારનો અડધો ભાગ બિલકુલ ભસ્મીભૂત થઈ ગયો હતો. સ્વામીશ્રીએ બિલકુલ હેબતાયા વિના

પૂરી સ્વસ્થતાથી એક વાક્ય ઉચ્ચાર્યું : 'જેવી મહારાજની ઇચ્છા. હવે તાત્કાલિક એવો ને એવો કલાત્મક દ્વાર ઊભો કરી દો.' જવાબદાર સંતો અને સ્વયંસેવકોમાં અભૂતપૂર્વ શક્તિનો સંચાર થયો. માત્ર ૨ દિવસમાં જ ૭૦ ફૂટ ઊંચો અને ૬૦ ફૂટ લાંબો પ્રવેશદ્વાર અવતારોની પ્રતિમાઓ સાથે તૈયાર થઈ ગયો ! નેતા હેબતાઈ જાય ત્યારે અનુસરનારાઓ પણ નાસીપાસ બને છે. નેતાની હિંમત અનુસરનારાઓ માટે પ્રાણવાયુ બની જાય છે !

૪.૬.૨

આવો એક બીજો પ્રસંગ છે સને ૧૯૯૨માં ગાંધીનગરમાં યોજાયેલા યોગી શતાબ્દી મહોત્સવમાં બન્યો. 'વિશ્વશાંતિ મહાયાગ' તથા સમૂહલગ્નોની પૂર્ણાહૂતિ થઈ ગઈ હતી. 'અક્ષરધામ'માં પ્રતિષ્ઠિત કરાયેલ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનાં ચક્ષુ વધુ સુંદર દેખાય તે માટે કલાકાર સંત ભક્તિનંદન સ્વામી સ્વામીશ્રીના સૂચનો પ્રમાણે આંખોમાં ફેરફાર કરી રહ્યા હતા. એકદમ કોઈ સમાચાર લાવ્યું, 'આગ લાગી છે !'

સ્વામીશ્રી એકદમ કહે, 'કોણે કહ્યું ?'

'નિખિલેશ સ્વામીએ'

'ક્યાં લાગી છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું. તે સંતે વિગત મેળવી તરત કહ્યું, 'સે.૧૯ના સરકીટ હાઉસ સામે મૂકેલો યજ્ઞશાળાનો એક સત્કારસ્તંભ બળી ગયો છે.'

સ્વામીશ્રીએ કોઈ જ પ્રકારના ઉચાટ-ગભરાટ કે સ્તબ્ધતા વિના સૂચના આપી, 'નિખિલેશને કહો કે ત્યાં સ્થળ ઉપર કોઈ ભેગા ન થાય. અને તાત્કાલિક 'નગર'માં વૉચ રાખે. ત્યાં બીજું ક્યાંક (છમકલું) ન થાય !' સંતોએ તરત જ સૂચનાઓનું પાલન કર્યું. પોતે પણ અડધો કલાક પછી બનાવના સ્થળે પધાર્યા, બે ક્ષણ માટે નિરીક્ષણ કરી લીધું. જરૂરી સૂચના આપી. કોઈ જ ભાર કે વિશેષ ચિંતા વિના ડી.ડી દિવાન સાહેબના બંગલે ઉતારે પહોંચી ગયા !

આ ધીરતા-સ્થિરતા અને પીઢતા જ અનુયાયીઓમાં પણ આત્મવિશ્વાસનો સંચાર કરી શકે છે....

*

૪.૬.૩

ઈ.સ. ૧૯૭૬નો આ પ્રસંગ છે. ઓદરકાના રામસિંહજી તખ્તસિંહજી ગોહિલના ભાઈઓ તથા દીકરાઓ અને તેમના કુટુંબીઓ વચ્ચે જૂની અદાવતને કારણે એવું ધીંગાણું જામ્યું કે બંને પક્ષે એક એક વ્યક્તિએ જાન ગુમાવવો પડ્યો ! જે પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી, તેમાંના એક આ રામસિંહજીના દીકરા જનકસિંહ પણ હતા.

રામસિંહજી પોતાના કુટુંબીઓના આવા વર્તાવથી એટલા ત્રસ્ત થઈ ગયા હતા કે તેમણે ઘર-જમીન વેચી, ગામ છોડી અન્ય કોઈક સ્થળે રહેવા જવાનો પાકો વિચાર કરી લીધો હતો. આ વાત તેમણે પોતાના ભાવનગર રહેતા બનેવી નિર્મળસિંહ જાડેજાને કરી. તેઓએ કહ્યું, 'ઉતાવળ ન કરશો, સ્વામીબાપાને પૂછીને નિર્ણય કરજો.'

થોડા જ વખત બાદ સ્વામીશ્રી ભાવનગર પધાર્યા. સ્વામીશ્રીને મળીને રામસિંહજી અને નિર્મળસિંહે વિગતે વાત કરી અને પોતાનું ગામ છોડી દેવાના નિર્ણયની પણ સ્વામીશ્રીને જાણ કરી. તેમને શાંતિથી સાંભળ્યા બાદ સ્વામીશ્રી કહે : 'બાપુ, તમારી જમીન વેચશો તો અત્યારે તેની કિંમત પણ શું આવશે ? અને બીજે જઈને પણ તાત્કાલિક શું કરશો ? હમણાં બે વર્ષ ખમૈયા કરી જાવ. ધીરજ રાખજો; મહારાજ - સ્વામીના પ્રતાપે કોઈ તમારો વાળ વાંકો નહીં કરી શકે.'

બસ, આ વચનોથી રામસિંહજીમાં ખૂબ હિંમત આવી ગઈ. ગામ છોડવાનો પોતાનો વિચાર તેમણે પડતો મૂક્યો. સ્વામીશ્રીને તેમણે ઓદરકા તેડાવ્યા. સ્વામીશ્રીએ પધારી જ્યાં પેલી બે વ્યક્તિઓએ જાન ગુમાવ્યા હતા ત્યાં પ્રસાદીનું જળ છાંટ્યું અને કહ્યું, 'જાવ, બધાનો મોક્ષ થઈ જશે.'

ત્યાર પછી ત્યાં કોઈ સંઘર્ષ થયો જ નથી. રામસિંહજીનું કુટુંબ શાંત, સત્સંગમય જીવન વ્યતીત કરી રહ્યું છે.

*

## ૪.૭. સમાજના પ્રાણપ્રશ્નો અંગે માર્ગદર્શન

સ્વામીશ્રીની પ્રશ્નો અંગેની આગવી અને ઊંડી સમજણ અને તેમના ઈષ્ટતમ અભિપ્રાયોનો લાભ, માત્ર સંસ્થાના અનુયાયીઓ પૂરતો સીમિત

નથી. બહુજન સમાજને પીડતા પ્રાણપ્રશ્નોનું, દેશના સળગતા પ્રશ્નોનું પોતાની આગવી રીતે વિશ્લેષણ કરી, સ્વામીશ્રી યોગ્ય માર્ગદર્શન આપતા હોય છે.

ઈ.સ. ૧૯૯૧ના ફેબ્રુઆરી માસમાં 'જનસત્તા'ના તંત્રી શ્રી દિગંતભાઈ ઓઝા અને શ્રી રાજનભાઈ સૂરુએ સ્વામીશ્રીને નર્મદા યોજના પર્યાવરણ, રામજન્મભૂમિ જેવા કૂટ પ્રશ્નો વિષે પૃચ્છા કરેલી. તેના નિષ્પક્ષ ઉત્તરો આપતાં સ્વામીશ્રીએ કહેલું કે

'...નર્મદા તો રાષ્ટ્રીય યોજના છે. કોઈ વ્યક્તિ, કોઈ સમાજ, સંસ્થા, સંપ્રદાય કે રાજકારણનો આ સવાલ છે જ નહીં. અમારા ગુરુ યોગીબાપાના જમાનાથી નર્મદા માટે અમારી સંસ્થા પ્રાર્થના કરતી આવી છે... દુષ્કાળની સીધી અને આડકતરી અસરોમાંથી ગુજરાતને છોડાવવું હોય તો નર્મદા યોજના સિવાય કોઈ આરો-વારો નથી.'

*

તા. ૩૦ સપ્ટેમ્બર, ૧૯૯૩ની મધરાતે મરાઠાવાડને સ્મશાનમાં ફેરવી નાખતો વિનાશક ભૂકંપ થયો ત્યારે ૩૫,૦૦૦ લોકોની કારમી મૃત્યુચીસોથી ધરતી ફાટી પડી હતી.

આ ભયાનક સમાચાર વાવાઝોડાની ઝડપે ભારતભરમાં ફરી વળ્યા. સ્વામીશ્રીને આ જાણ થઈ કે તરત મુંબઈ મંદિરે ફોન દ્વારા તાત્કાલિક નિર્ણય આપી દીધો : 'આપણા સ્વયંસેવકો અને સંતોને જલદીથી કામે લગાડો. ત્યાં જાતે પહોંચીને જરૂરિયાતો જાણી લો. અને મદદના કામમાં રુકાવટ ન આવે, તે માટે જે જરૂરી હોય તે બધું જ આપણા તરફથી કરી છૂટવું.'

આદેશ જેટલી ઝડપથી છૂટ્યો હતો એટલું જ ઝડપથી સ્વામીશ્રીએ ગોઠવેલું સંતો-યુવકોનું નેટવર્ક કામે લાગી ગયું. સંતો-યુવકો પહોંચ્યા ત્યારે હજુ સમુદ્રાલ જેવા કેટલાક ગામોમાં મિલીટરી પણ પહોંચી ન હતી. લાશો ગંધાતી હતી. માણસો રોકકળ કરતા હતા. સૌ લગાતાર કાર્યમાં જોડાઈ ગયા.

રાહત રસોડાં ચાલવા લાગ્યાં, જીવન જરૂરિયાતની વસ્તુઓની વહેંચણી

થવા લાગી. અન્ય સંસ્થાઓ પણ આવવા લાગી હતી. પરંતુ કોને, કેટલું, ક્યાં, કેવી રીતે વિતરણ કરવું તે માટે સૌ અસમંજસમાં હતા. આવા સમયે સ્વામીશ્રીની સૂચનાઓને અનુસરી રહેલું સંસ્થાનું કાર્ય એટલું તો આયોજન -બદ્ધ, ઝડપી અને અસરકારક રહ્યું કે સ્થાનિક 'સમુદ્રાલ' અને કોંડજીગઢના માણસો બોલવા લાગ્યા : 'એક માત્ર સ્વામિનારાયણ આપલ્યા આહે !'

સ્વામીશ્રીએ સંતોના સંસ્કૃત અભ્યાસને સ્થગિત કરી આ કાર્યમાં જોડી દીધા હતા. આ વિનાશક ભૂકંપમાં મૃતાત્માઓની શાંતિ માટે શું કરવું તેની તેમના સ્વજનોને દ્વિધા હતી. એમની લાગણીઓને આગોતરી સમજી સ્વામીશ્રીએ સૌ મૃતાત્માઓની દ્વાદશાહશ્રાદ્ધની વિધિ પણ કરાવી હતી. જેનાથી એ ગામોના લોકોમાં સંતોષની સુરખી ફરી વળી હતી !

પ્રાણપ્રશ્નોના ઉકેલો માટે સ્વામીશ્રીએ પોતાના દેહ-પ્રાણ અને સૂઝ-સમજણને સમાજહિત અર્થે સતત કાર્યશીલ રાખ્યા છે. ચેતનવંતા રાખ્યા છે. તેની પ્રતીતિ તો ત્યારે આવી કે સમુદ્રાલ અને કોંડજીગઢ જેવાં બે મોટા ગામો સ્વામીશ્રીએ દત્તક લઈ લીધાં. અને મકાન-બાંધકામથી માંડી તેની તમામ જવાબદારીઓ પોતાના શિર ઉપર ધારી લીધી.

# ૫. 'સ્વ'નુ સંચાલન કરતું કુશળ નેતૃત્વ

૫.૧

નેતા સર્વપ્રથમ તો પોતે જ પોતાનો ('સ્વ'નો) નેતા, પોતે જ પોતાનો પ્રેરક, પોતે જ પોતાનો ('સ્વ'નો) સંચાલક બને તો જ તેનું નેતૃત્વ અન્યમાં પ્રેરણા પ્રગટાવી શકે, શક્તિનો સંચાર કરી શકે અને લોકહૃદયમાં શ્રદ્ધાનું વાવેતર કરી શકે. તેને 'સ્વ'માં શ્રદ્ધા, હિંમત અને વિશ્વાસ હોય તો જ તે અન્યમાં ત્રણે ગુણો પ્રગટાવી શકે.

'સ્વ'માં પ્રગટાવેલા આ અનન્ય ગુણોના પરિણામે તેનામાં પ્રચંડ શક્તિનો એક અખૂટ ઝરો અવિરત હિલોળાતો ચોગરદમ તેની ઝેણ ઉરાડતો જ રહે છે. આ પ્રચંડ શક્તિને પ્રતાપે તો હાંસલ થવા શક્ય ન લાગે એવા ધ્યેયો પોતે નક્કી કરે. વ્યક્તિઓના વિશાળ સમુદાયને એમાં રચનાત્મક રીતે જોતરે અને ધ્યેયો પ્રાપ્ત પણ કરી બતાવે.

જો કે સ્વામીશ્રીનો 'સ્વ' ભગવાન સ્વામિનારાયણ છે. તેથી એમને આગળ રાખી કાર્ય કરતાં સ્વામીશ્રી આવી ઊર્જાનો ઉદધિ છે અને તેથી તો તેમના દ્વારા વિરાટ કાર્યો સંભવી શક્યાં છે.

## ૫.૨. એમનું ફરવાનું બંધ ન થાય

ચિત્રાસરના દીનુભાઈ પટેલ ૧૯૮૩ની સાલમાં અમાસની મધ્યરાત્રીએ ધરોડાથી ચિત્રાસર (જિલ્લો ખેડા) આવી રહ્યા હતા. તેમને ગામના ભરવાડો સાથે ખટરાગ થયેલો. ભરવાડોને તો આ તક મળી ગઈ. ડાંગોથી સજ્જ આઠ થી દસ ભરવાડોની ટોળીએ દીનુભાઈને ઘેરી લઈ આડેધડ માર્યા.

મોંમાંથી લોહી વહી બેશુદ્ધ થઈ ગયા ત્યાં સુધી માર માર્યા કર્યો. બંને હાથ અને બંને પગ ઉપર નાનાં મોટાં ૨૫ થી ૩૦ ફ્રેક્ચર થયાં. ગામ લોકોને ખબર પડી અને તેમને તાત્કાલિક નજીકના દવાખાનામાં દાખલ કરી સારવાર શરૂ કરાવી દીધી.

એ અરસામાં સ્વામીશ્રી અમદાવાદ પધારેલા. આ સમાચાર મળતાં એ જ દિવસે સાંજે સ્વામીશ્રી દીનુભાઈની તબિયત જોવા દવાખાને પધાર્યા; સાથે ઠાકોરજીની પ્રસાદીનો હાર પણ લેતા આવેલા. ૧૫ મિનિટ સુધી સાથે બેસી બધી વિગતો પૂછી, ખૂબ સાંત્વન આપ્યું. ત્યાં હાજર ડૉક્ટરો કહે, 'સારું થઈ જશે ખરું, પરંતુ દીનુભાઈ જિંદગીભર ચાલી નહીં શકે.'

આ સાંભળી સ્વામીશ્રી દૃઢતાપૂર્વક કહે, 'કશું નથી થવાનું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની એમણે બહુ સેવા કરી છે. અમારી જોડે ખેતરોમાં બહુ ફર્યા છે. એમનું ફરવાનું બંધ ના થાય.'

હાલ ૫૨ વર્ષના દીનુભાઈને નથી કોઈ ખોડ રહી કે નથી ચાલવામાં કોઈ મુશ્કેલી !! સાડા ત્રણ મણની ગુણ માથે લઈ તેઓ ઝપાટાભેર ચાલી શકે છે !!

'કશું નથી થવાનું' એવા દૃઢતા સાથેના સ્વામીશ્રીના શબ્દો કેટલા સાર્થક નીવડે છે !

૫.૩

૧૯૮૫માં સ્વામીશ્રી પીજ ગામે પધારેલા. ત્યાંના શ્રીરજનીકાંત પંચાલની દુકાને સ્વામીશ્રીએ પધરામણી કરી. સ્વામીશ્રી સાથે હંમેશાં વિચરણમાં રહેતા વિવેકસાગર સ્વામી કહે, 'પંચાલ, દુકાનમાં તો ઘણો ફેરફાર કરી નાખ્યો. નવાં મશીન વસાવ્યાં છે કે શું ?'

રજનીકાંતભાઈએ કહ્યું, 'સ્વામી, એ તો વધારવું પડે ને ! પણ એક પ્રશ્ન છે. આ નવું મશીન કરાવ્યું છે, તે બાજુવાળાએ કોર્ટમાં કેસ કર્યો છે કે તેનાથી તેની દુકાનનો પાયો ઢીલો પડી જશે; વળી તે શક્તિપંથી છે, એટલે ભુવાઓને બોલાવી દાણા, દોરા-ધાગા, મંત્ર-તંત્ર કરાવે છે.'

'સ્વામીશ્રીને વાત કરો.' વિવેકસાગર સ્વામીએ સૂચન કર્યું. તેમણે સ્વામીશ્રીને બધી વાત કરી.

સ્વામીશ્રી કહે, 'તું તારે ધમધમાય, કોર્ટમાં કશું નથી થવાનું; અને તે દાણા નાખી નાખીને મરી જશે તો'ય તારો વાળ વાંકો નહીં થાય. તું તારે મહારાજને આગળ રાખીને જવા જ દે. મહારાજ બેઠા છે પછી શું ચિંતા ?

રજનીકાંતભાઈ કોર્ટમાં કેસ જીતી ગયા. જેમ જેમ પેલાના મંત્ર-તંત્ર વધતા ગયા તેમ તેમ ઊલટાનો રજનીકાંતભાઈનો ધંધો વિકસતો ગયો !

સ્વામીશ્રી પોતે નિર્ભીક એટલે અન્યમાં પણ હિંમતનો સંચાર કરી શકે છે.

૫.૪

નાવડા ગામમાં ઈ.સ. ૧૯૭૮માં, સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં પારાયણનું સુંદર આયોજન કરવામાં આવેલું. આખા ગામને ત્યાં જમવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ થોડા વિરોધને કારણે અમુક કુટુંબો જમવા ન આવ્યાં.

કાર્યકરોએ સ્વામીશ્રીને જણાવ્યું કે 'બાપા, આટલાં કુટુંબો જમવા આવ્યાં નથી.'

'તેમના ઘરે પ્રસાદી પહોંચાડી દો.' સ્વામીશ્રીએ કહ્યું.

'પણ બાપા, એ લોકો નહિ સ્વીકારે, નકામું અપમાન કરશે.'

'હું કહું છું ને ! તમે જાઓ, કોઈ ના નહિ પાડે.'

સ્વામીશ્રી દૃઢતાપૂર્વક બોલ્યા. અને કાર્યકરો પેલા લોકોને ઘરે ઘરે ફર્યા અને પ્રસાદી આપી. તો સૌએ પ્રેમથી સ્વીકારી - ક્યાંય કોઈએ આનાકાની કરી નહિ.

સ્વામીશ્રીની આત્મશ્રદ્ધાએ વિરોધીઓના અંતરમાં પણ શ્રદ્ધા પ્રગટાવી !

૫.૫

આવો જ બીજો અનુભવ એ.ઇ.સી.ના તત્કાલીન મૅનેજીંગ ડીરેક્ટર મિ. કોયલોને થયો. ૧૯૯૨માં ૨૯મી ઑક્ટોબર, ૨જી ડિસેમ્બર દરમિયાન ગાંધીનગર ખાતે ઉજવાયેલ યોગી શતાબ્દી મહોત્સવમાં, સ્વામિનારાયણ નગર અને અક્ષરધામની મુલાકાતે અનેક મહાનુભાવો આવ્યા. એ.ઇ.સી.ના તત્કાલીન મૅનેજિંગ ડિરેક્ટર શ્રી કોયલો પણ મુલાકાતે પધારેલા. ત્રણ-ચાર

મહિના પહેલાં, જ્યારે અક્ષરધામની અંદરના વિવિધ વિભાગોનું કામ પૂરજોશથી ચાલી રહ્યું હતું ત્યારે પણ તેઓ પધારેલા. આટલા ટૂંકા ગાળામાં સમગ્ર નિર્માણકાર્ય પરિપૂર્ણ થયેલું જોઈ તાજુબ થતાં શ્રી કોયલો કહે, '૩-૪ મહિના પહેલા જ્યારે બાંધકામ ચાલતું હતું ત્યારે એમ લાગતું હતું કે કામ પૂરું થતાં ૨-૩ વર્ષ તો લાગશે જ; પણ આજે જોયા પછી એમ લાગે છે કે આ એક ચમત્કાર જ છે ! ટૅકનિકલી કહું તો સ્ટાન્ડર્ડ ડીઝનીલૅન્ડ જેવું છે. આયોજકો આ કાર્ય પૂરું કરે તો તેમને પદ્મશ્રીનો ઇલકાબ આપવો જોઈએ, એમ મેં કહ્યું. પણ લાગે છે કે બધાને ભારતભૂષણ ઈલકાબથી નવાજવા જોઈએ !'

સમય-આયોજન અને સમય-પરાયણતાથી શોભતા સ્વામીશ્રીના નેતૃત્વ સિવાય, અશક્ય લાગે એવા ધ્યેયો હાંસલ કરવાનું કામ દોહ્યલું છે !

આંતરરાષ્ટ્રીય ઉદ્યોગપતિ એસ. કે. બિરલા ગાંધીનગરમાં પણ આકાર લઈ રહેલા 'અક્ષરધામ' સંકુલની મુકાલાતે આવ્યા હતા. એ દિવસ હતો તા. ૧૪-૮-૯૨નો. હજુ ઉદ્‌ઘાટન થવાના દિવસને બે માસ બાકી હતા. ઠેર ઠેર પડેલો સામાન, બાકી રહેલું કાર્ય, ચોતરફ પડેલો પથ્થરો - રેતી - આરસ વગેરેનો પડતર માલ આ બધું જોઈને આ ઉદ્યોગપતિએ પૂછ્યું : 'આ સંકુલનું ઉદ્‌ઘાટન કેટલા વર્ષ પછી થશે ?'

સાથે રહેલા આત્મસ્વરૂપ સ્વામીએ કહ્યું : 'સાહેબ, માત્ર બે મહિના પછી જ ઉદ્‌ઘાટન છે !'

શ્રી બિરલાએ અત્યંત આશ્ચર્ય વ્યક્ત કર્યું અને કહ્યું, 'ત્રણ મહિનામાં આટલું કાર્ય પાર પાડવું અશક્ય છે. જો તમે કરી શકો તો મને બોલાવજો હું એ અજાયબી જોવા માટે અવશ્ય આવીશ. It would take years...'

પરંતુ ઉદ્‌ઘાટન નિશ્ચિત તારીખે જ થયું. બિરલા બીજી વખત પણ ત્રણ માસ પછી અક્ષરધામની મુલાકાતે આવ્યા. નજરોનજર તેમણે જોયું કે બધું જ સંપૂર્ણ હતું. ક્યાંય કશી જ ખામી રહી નહોતી. તેઓ આશ્ચર્યથી બોલી ઊઠ્યા હતા : 'Money cannot do it, sheer dedication can !' (પૈસા દ્વારા આ અશક્ય છે. કેવળ સમર્પણ દ્વારા જ આ શક્ય બન્યું છે !)

### ૫.૬. શાંતિનાં શમણાંનું વાવેતર

૧૯૮૧ના ફેબ્રુઆરી અને માર્ચ, એ મહિનાઓ ગુજરાત રાજ્ય માટે,

રાજ્યની ધુરા સંભાળનારાઓ માટે શિરદર્દ સમા બની ગયા હતા. સમગ્ર અમદાવાદ શહેર અનામત વિરોધી આંદોલનની હુતાશનીમાં હોમાયું હતું - વર્તમાનપત્રોમાં ગોળીબારો, આગ, અશ્રુવાયુના આંકડા રોજ રોજ વધતા જતા હતા.

આ આગ અને આતંકની મધ્યે ચંદ્રભાગા નદીના વિશાળપટમાં, શાંતિનાં શમણાંનું વાવેતર થઈ રહ્યું હતું. ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવનું વિરાટ આયોજન અવિરત, રોક-ટોક વિના, નિર્વિઘ્ને આગળ વધી રહ્યું હતું.

સમાજનાં તમામ ક્ષેત્રોના અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ, મહાજનો, રાજકારણીઓ, સંતો-મહંતો સમેત સૌની શ્રદ્ધા જ્યારે હલબલી ગઈ હતી, ત્યારે આ આયોજનના સૂત્રધાર પ્રમુખસ્વામી મહારાજ એકલાની શ્રદ્ધા અકબંધ હતી, અચલ હતી, અટલ હતી !!

સ્વામીશ્રીની શ્રદ્ધાના બળે, આ ૩૭ દિવસો જાણે ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં, ૩૭ પૃષ્ઠોના એક સુવર્ણ પ્રકરણ જેવા બની રહ્યા. આ ભવ્ય મહોત્સવનાં છેલ્લાં દિવસે (તા. ૧૨-૪-૮૧) એટલે ભગવાન સ્વામિનારાયણનો પ્રાગટ્ય દિને - આ દિવસની વિરાટ માનવસમુદાયની ઉપસ્થિતિવાળી રાત્રિસભાના અંતે આશીર્વચન આપતાં પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, '...જ્યારે આરંભ કર્યો, ત્યારે અમદાવાદમાં એટલી બધી અશાંતિ હતી કે આપણને બહુ જ વિચારો આવતા - કેમ થશે ? શું થશે ? આવા ઘણા વિચારો દરેકને આવતા હતા. પણ એક શ્રદ્ધા હતી કે સ્વામિનારાયણ ભગવાનનું આ કાર્ય છે. અને સ્વામિનારાયણ ભગવાન જ કરવાના છે. કોઈપણ અશાંતિ હશે, કોઈપણ વિઘ્ન હશે પણ આ બધું એમની નજરને લઈને શાંત થઈ જશે અને આ કાર્ય સારી રીતે થશે એવી એક શ્રદ્ધા હતી, એમાં એક વિશ્વાસ હતો, એટલે ભગવાનની દયાથી એ કાર્ય થઈ રહ્યું છે...'

૫.૭

અગાઉ પ્રકરણ : ૩ના વિભાગ ૩.૬.૩માં નોંધાયેલા પ્રસંગમાં, સ્વામીશ્રી ભારતમાં રહ્યાં રહ્યાં, આત્મસ્વરૂપ સ્વામીના લંડનથી આવેલા ફોનના

જવાબમાં જ પહેલું વાક્ય બોલે છે કે 'વાંધો નહીં, તે સૌને યાદ કરાવો કે મારા વચને લોન આપે...' તેમાં, તેમનો ભગવાનમાં અટલ વિશ્વાસ અને અદમ્ય હિંમતનાં દર્શન થાય છે.

આ 'મંદિર મહોત્સવ'ના સંદર્ભમાં જ એક બહારના મહાનુભાવે, આ જંગી ખર્ચને તાત્કાલિક પહોંચી ન વળાય એમ હોવાથી, પ્રસ્તુત પ્રોજેક્ટ તબક્કાવાર પૂરો કરવાનું જ્યારે સ્વામીશ્રીને સારંગપુરમાં સૂચન કર્યું, ત્યારે સ્વામીશ્રી બોલી ઊઠ્યા, 'ના, ના. એ તો થઈ જશે. મારો હરિભક્ત વેચાઈને પણ સેવા કરશે એવો વિશ્વાસ છે !'

૫.૮

સ્વામીશ્રીએ સ્વપ્નમાં ય સંકલ્પ ન થાય એવા વિરાટ પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે અને સર્વાંગીય પૂર્ણતા સહિત, સમયસર પૂરા કરી બતાવ્યા છે - ભારતીય સંસ્કૃતિનું અજોડ સ્મારક 'અક્ષરધામ' તો એનું જ્વલંત દૃષ્ટાંત છે. નાણાંનાં, સાધનોનાં, સમયનાં અનેક બાધકો (Constraints) વચ્ચે પણ સ્વામીશ્રીના વજનદાર દ્વિશબ્દી ઉદ્ગારો નીકળે, 'થશે જ.'

એક મહાકાય પ્રોજેક્ટ તો હજુ પૂરો ન થયો હોય, ત્યાં સમાંતરે બીજો પ્રોજેક્ટ પોતે હાથ ધરે. સ્વામીશ્રીનો આત્મવિશ્વાસ એ આવા સમયે અદ્ભુત નિખરી ઊઠતો જણાય છે, હા, તેમાં અન્ય નેતાઓ કરતાં એ વિચક્ષણતા તો ઊડીને આંખે વળગે તેવી છે અને તે છે, આત્મવિશ્વાસ હોવા છતાં નિરહંકારિતા ! પોતાના કર્તા પણાનો અભાવ અને પરમાત્માની કર્તૃત્વશક્તિ પર વિશ્વાસ !

# ૬. નેતા - એક કુશળ પ્રત્યાયક

## (COMMUNICATOR)

૬.૧

કોઈપણ સંસ્થા તે પછી વ્યાવસાયિક, સામાજિક કે ધાર્મિક હોય તેમાં વ્યવસ્થાના સંદર્ભમાં, એક સંસ્થાકીય માળખા(Organisational Structure)ની રચના અનિવાર્ય બને છે. જેટલું સંસ્થાનું કદ મોટું, સંસ્થાની પ્રવૃત્તિઓ જેટલી વ્યાપક તેટલા પ્રમાણમાં સંસ્થાકીય માળખું વધારે જટિલ. આ માળખાના દરેક સ્તરે વ્યક્તિઓ કે વ્યક્તિઓનો સમૂહ, તેમને સોંપાયેલી વિવિધ પ્રકારની કામગીરીમાં વ્યસ્ત હોય છે, સમગ્ર વ્યવસ્થાના સૌથી ઉપલા સ્તરે વિરાજે છે તેના નેતા. આ માળખાનાં જુદાં જુદાં સ્તરો અને તેમાં કાર્યભાર સંભાળતી વ્યક્તિઓ કે વ્યક્તિ-સમૂહોએ સતત પારસ્પરિક ક્રિયાઓ (Interaction) કરતા રહેવું પડે છે - આવી ક્રિયાઓ પારસ્પરિક અસરો પણ નીપજાવતી હોય છે.

સંસ્થાના શ્રેષ્ઠ હિતમાં, કોઈપણ કામ શ્રેષ્ઠ રીતે સંપન્ન કરવું હોય તો આ પારસ્પારિક ક્રિયાઓ પણ ઉત્કૃષ્ટ રીતે થવી જોઈએ. તેની પૂર્વશરત છે - સ્તર-સ્તર વચ્ચેનું, ઉપલા સ્તરથી નીચલા સ્તર તરફનું, નીચલાથી ઉપલા સ્તર તરફનું શ્રેષ્ઠ પ્રત્યાયન (Communication).

નેતાની અનેકવિધ કામગીરીઓમાં તેની પ્રત્યાયક તરીકેની કામગીરી એક વિશિષ્ટ પ્રકારનું કૌશલ્ય માંગી લે છે.

પ્રત્યાયન એટલે જુદા જુદા સ્તર વચ્ચે કે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે વિચારો, માહિતી કે સંદેશાનું અભિસરણ થતું રહે એટલું જ પૂરતું નથી; પરંતુ તેમાં

એકમેકના દૃષ્ટિકોણની પર્યાપ્ત સમજણ સહિતનું વિચારો, માહિતી કે સંદેશાનું હસ્તાંતર થવું જોઈએ.

જેને પ્રત્યાયન કરવાનું છે તે વ્યક્તિઓ પ્રત્યાયનના હેતુને સ્પષ્ટ સમજતી હોવી જોઈએ. Meaning is more effectively imparted when the receiver understands the communicator's purpose.

ઘણા કિસ્સાઓમાં નેતા કે સંચાલક એમ માને છે કે તેઓ તેમના હાથ નીચે કામ કરતા કાર્યકરો કે કાર્યકરોના સમૂહના પ્રશ્નોને બરાબર સમજીને પ્રત્યાયન કરે છે, અને આ કાર્યકરો પણ પોતાના નેતા કે સંચાલકના હેતુને સમજ્યા છે. પરંતુ હકીકતે હંમેશાં આમ બનતું નથી; 'હાર્વર્ડ બીઝનેસ રીવ્યૂ' (Harvard Business Review [4])માં પ્રસિદ્ધ થયેલાં સંશોધનોમાંથી એવાં તારણો પ્રાપ્ત થયાં છે કે ૯૫ ટકા અધિકારીઓ એમ માનતા હતા કે તેઓ તેમના હાથ નીચેની વ્યક્તિઓના પ્રશ્નોને બરાબર સમજીને માહિતી કે વિચારોનું તેઓ યોગ્ય પ્રત્યાયન કરતા હતા; પરંતુ હકીકતે અભ્યાસ હાથ ધરાયો ત્યારે જાણવા મળ્યું કે માત્ર ૩૪ ટકા વ્યક્તિઓનો જ અભિપ્રાય એવો રહ્યો કે તેમના અધિકારીઓ ખરેખર તેમના પ્રશ્નો સમજ્યા હોય !!

પ્રત્યાયનની ક્રિયા જો વ્યવસ્થિત ન થાય તો માહિતી કે સંદેશો, નીચલા સ્તરે એટલા તો વિકૃત સ્વરૂપે પહોંચે કે પ્રત્યાયકનો હેતુ તો સરે નહીં, પરંતુ અનર્થ સર્જાય, ગંભીર પરિણામો આવે અને સમગ્ર કાર્ય ખોરંભે પડે.

સફળ પ્રત્યાયક સ્પષ્ટ સમજાય એવી સાદી ભાષા દ્વારા, પોતાનો સંદેશ - આદેશ વ્યક્ત કરે છે. સંદેશને પત્ર દ્વારા પાઠવે તો પણ સરળ અને સ્વયં સ્પષ્ટ હોય છે. પ્રત્યાયક સૌને એક અલગ દૃષ્ટિકોણથી સાંભળે છે. તેમની દલીલો સત્યના રણકાર સાથેની હોય, પરંતુ આક્રમક ન હોય.

મિટિંગોમાં અધ્યક્ષસ્થાને બેસી તેનું સુંદર સંચાલન કરે. પ્રત્યાયક જરૂર પડ્યે સામૂહિક પ્રત્યાયનમાં પણ કુશળતા દર્શાવતા હોય છે. ઘણી વખત, તેઓ બિન-શાબ્દિક (Non-verbal) અથવા સાંકેતિક પ્રત્યાયન કરી વધુ ગહન અસર ઊભી કરી શકતા હોય છે.

નેતાના પ્રત્યાયનની સફળતાનો સંપૂર્ણ આધાર, તેણે તેના અનુયાયીઓમાં, પોતાની પ્રત્યે જન્માવેલા વિશ્વાસમાં રહેલો છે. How can

one get confidence without better communication ? But how can one improve communication without confidence ? પ્રત્યાયન અને વિશ્વાસ (Communication and confidence) પરસ્પર અવલંબિત હોય છે.

પ્રમુખસ્વામી મહારાજની પ્રત્યેક ક્રિયામાં, હરિભક્તો સાથેની વ્યક્તિગત મુલાકાત; નાનકડી સભાથી માંડી લાખોના જનસમુદાય સામેનાં વક્તવ્યો; ટેલિફોન પરની વાતચીત; પત્રલેખન; પૂજામાંથી ઉતારે કે ઉતારેથી પૂજામાં જતાં કે આવતાં, પાંચ-સાત મિનિટના એ સમયગાળાની હરિભક્તો સાથેની પળ-બે-પળની વાતચીત કે તેમની સામે દિવ્યદૃષ્ટિ કે લટકું કે પછી તેમના શિર પર મૂકાયેલો તેમનો દિવ્યહસ્ત - અવિરતપણે શાબ્દિક, બિનશાબ્દિક કે સાંકેતિક પ્રત્યાયન થતું જ રહે છે.

સેલવાસના આદિવાસીથી માંડી, અમેરિકાના કોઈ પ્રખર બૌદ્ધિકને પણ તેમના સંદેશનું, સફળ પ્રત્યાયન થાય છે !

તેઓ જે કહે છે એ જ સામેની વ્યક્તિ સમજી જાય છે, અને સામેની વ્યક્તિ જે સમજે છે એ જ તેઓશ્રી તેને કહે છે. નથી રહેતી કોઈ સંદિગ્ધતા કે શંકા.

સ્વામીશ્રીના સફળ પ્રત્યાયનના કેટલાક પ્રસંગોની આપણે ઝાંખી કરીએ.

*

૬.૧

કપડવંજના કિરીટભાઈ શાહ, યજ્ઞપ્રિય સ્વામી અને અક્ષયમુનિ સ્વામી (આ બંને સંતો પૂર્વાશ્રમમાં વિદ્યાનગર છાત્રાલયના યુવકો હતા) - એ ત્રણે એક જ રૂમમાં રહેતા હતા. આ બંને જણ કિરીટભાઈને સત્સંગની સમજણ આપતી બળભરી વાતો સતત કર્યા કરે - દલીલો, દૃષ્ટાંતો અને પ્રમાણો આપીને અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સમજાવવાની રોજ કોશિશ કરે. પરંતુ કિરીટભાઈ વાત ગળે ઊતરે જ નહીં. એ અરસામાં સ્વામીશ્રી ત્યાં પધાર્યા. કિરીટભાઈની સ્વામીશ્રી સાથે મુલાકાત થઈ. આ બંને મિત્રો પણ સાથે હતા.

સ્વામીશ્રી કહે : 'જુઓ, તમે કહો છો તે બરાબર છે, પરંતુ મૂળ વસ્તુ આ છે. આ જ સાચી ઉપાસના છે. આ વાત જેમ છે તેમ સમજ. આમાં તને કલ્યાણની પ્રતીતિ આવે તો આ રાખજે અને પ્રતીતિ ના આવે તો પાછો

જેમ કરતો હોય તેમ કરજે.'

સ્વામીશ્રીના શબ્દોની વેધક અસર થઈ. શબ્દે શબ્દમાં તેમને એવી તો પ્રતીતિ આવી ગઈ કે ત્યારથી દૃઢ સત્સંગી થઈ ગયા !

સ્વામીશ્રીના પ્રત્યાયનમાં સત્યનો, અસલિયતનો રણકો તો હતો જ પરંતુ સામેની વ્યક્તિને તે સત્યની સ્વીકૃતિ - અસ્વીકૃતિની સંપૂર્ણ સ્વતંત્રતા પણ અપાઈ હતી.

## ૬.૨. અસલી ઉસૂલોનું હૃદયભેદી પ્રત્યાયન

તારાપુરના ભાઈલાલભાઈ ઠક્કર - મૂળ જૂના સત્સંગી. તેમને બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થા તરફ પહેલેથી દ્વેષભાવ. એક વખત તેમણે પ્રશ્નોથી ભરેલો એક લાંબો પત્ર સ્વામીશ્રીને લખ્યો. સ્વામીશ્રીએ પ્રત્યુત્તર પાઠવી ખુલાસા પણ કર્યા. વળી શ્રીહરિ સ્વામી અને અન્ય સંતોને, તેમને રૂબરૂ મળી સ્પષ્ટતા કરવા પણ મોકલેલા. વધારે સ્પષ્ટતા માટે અમદાવાદ મંદિરે આવવાનું આમંત્રણ પણ પાઠવેલું. એ અરસામાં જ સ્વામીશ્રીની જન્મ જયંતીનો પ્રસંગ આવ્યો. ભાઈલાલભાઈ જરા કુતૂહલવશ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા - રૂબરૂમાં જોવા ચકાસવા કે તેમના સંતો કેવા છે ? - સત્સંગ કેવો છે ? - સમૈયામાં શું કાર્યક્રમો હોય છે ? વગેરે. સંતોએ તેમને આવકાર્યા. સ્વામીશ્રીને પણ વાત કરી કે ભાઈલાલભાઈ આવ્યા છે.

સ્વામીશ્રી કહે : 'ઉતારો આપો, પછી મળીશું.'

તે પ્રસંગે બહુ મોટી સંખ્યામાં હરિભક્તો આવ્યા હોઈ, દિવસ દરમિયાન સ્વામીને સમય ન મળ્યો પરંતુ રાત્રે ભાઈલાલભાઈને બોલાવ્યા અને એક કલાક સુધી સ્વામિનારાયણ સંપ્રદાય, અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત, અક્ષરપુરુષોત્તમ ઉપાસના, સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિષે એવી તો સ્પષ્ટ, સરળ શૈલીમાં, સોંસરવી ઊતરી જાય એવી, સત્ય અને સત્ત્વથી ભરેલી વાતોથી વિશદ છણાવટ કરી કે ભાઈલાલભાઈના સઘળા પ્રશ્નોનું નિરાકરણ થઈ ગયું. શંકા અને દ્વેષ નિર્મૂળ થઈ ગયાં. અક્ષરપુરુષોત્તમના અસલી ઉસૂલોનું સ્વામીશ્રીએ હૃદયભેદી પ્રત્યાયન કર્યું. ભાઈલાલભાઈને એકે એક વાત ગળે ઊતરી ગઈ અને નિષ્ઠાવાન સત્સંગી બની ગયા !

૬.૩

૧૯૯૩ના ડિસેમ્બર માસ દરમ્યાન સ્વામીશ્રી દાદર મંદિરે વિરાજતા હતા. સવારની પૂજામાં કરસનભાઈ પટેલ, મહેશભાઈ ઝવેરી નામના એક જૈન સદ્ગૃહસ્થને લઈને દર્શને આવેલા. આ મહેશભાઈએ મહારાષ્ટ્રમાં ગોવધ પ્રતિબંધ કરાવવા માટેની ઝુંબેશના ભાગરૂપે એક સભાનું આયોજન કર્યું હતું. તે સભામાં સ્વામીશ્રી અધ્યક્ષસ્થાન ગ્રહણ કરે એવી વિનંતી કરવા તેઓ આવ્યા હતા. પૂજા બાદ કરસનભાઈ તેમને સ્ટેજ ઉપર સ્વામીશ્રી પાસે લાવ્યા. મહેશભાઈએ આ પ્રકારની સભાના આયોજનની વાત કરી, તેનું અધ્યક્ષસ્થાન સ્વીકારવા સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રીએ તેમને ખૂબ શાંતિથી સાંભળ્યા અને પછી કહ્યું, 'અમારી ધર્મમર્યાદા સાચવવા તમે પ્રયત્ન કરશો તેની અમને ખાતરી જ છે. પણ નર્મદા વિરોધી રેલી વખતે ઘણા લોકોએ આ બાબતની ખૂબ ટીકા કરેલી. તમારા કાર્યમાં અમારો પૂરેપૂરો સહકાર છે. હાલમાં જ અમે ગુજરાતમાં શ્રી ચીમનભાઈ પટેલને ગોવધ પ્રતિબંધ અંગે વાત કરી છે અને સત્વરે આ કાયદો લાવવા કહ્યું હતું, અને હવે તે પ્રમાણેનો કાયદો ગુજરાતમાં આવી ગયો છે. એટલે તમે જે કાર્ય ઉપાડ્યું છે તે ખૂબ જ સારું છે. પણ અમારાથી તેમાં હાજર રહી શકાશે નહીં તે બદલ દિલગીર છીએ.' આ રીતે દસેક મિનિટ સુધી સ્વામીશ્રીએ વાત કરી.

પછી કરસનભાઈએ ગાડીમાં પાછા જતાં મહેશભાઈને પૂછ્યું, 'તમને કેમ લાગ્યું ? ખરાબ તો નથી લાગ્યું ને ?'

ત્યારે મહેશભાઈ કહે, 'સ્વામીએ મને આટલો બધો સમય આપ્યો, શાંતિથી વાત સાંભળી, પોતાનો સંપૂર્ણ સહકાર છે તેની ખાતરી આપી, તેથી મને ખૂબ સંતોષ અને આનંદ થયો છે.'

૬.૪

કોઈપણ સંસ્થાના વડા કે નેતાએ સંસ્થાના વિકાસ પ્રવૃત્તિઓનાં પૂર્વ આયોજન, આયોજનનું અમલીકરણ, નિયંત્રણ અને તેની સમીક્ષા માટે અનેક મિટિંગો યોજવી પડે છે. જો નેતા પોતે એક કુશળ પ્રત્યાયક હોય તો આવી મિટિંગોનું તેઓ સફળ સંચાલન કરી શકે.

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાએ, દાયકાઓથી આદરેલી

વણથંભી વિકાસકૂચને પ્રવેગી બનાવવામાં સ્વામીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આવી સેંકડો મિટિંગોનું મહત્ત્વનું પ્રદાન છે. આ મિટિંગોમાં લેવાયેલા નીતિ વિષયક નિર્ણયો તો બુનિયાદી ઈંટો સમા છે, જેના ઉપર આ વિરાટ સંસ્થાની, આકાશને આંબતી ઇમારત ઊભી છે.

આવી એકાદ મિટિંગની કાર્યવાહી અને સંચાલન પરથી, તેના અધ્યક્ષ સ્વામીશ્રીની વિશિષ્ટ મિટિંગ સંચાલન પદ્ધતિની, આવો, એક ઝાંખી કરીએ.

*

## ૬.૪.૧. આવા 'પ્રમુખ' છે તે પહેલી વાર જાણ્યું !

૧૯૮૭-૮૮નો આ પ્રસંગ છે. એક ટ્રસ્ટ સાથે કેટલીક બાબતોમાં વિવાદો ચાલે. સ્વામીશ્રી ત્યારે અટલાદરા વિરાજતા હતા. આ વિવાદોના કાયમી ઉકેલ માટે સ્વામીશ્રી કહે : 'ચાલો, એ લોકો સાથે એક મિટિંગ કરીએ.' પરંતુ બીજે દિવસે સ્વામીશ્રી મુંબઈ જવાના હતા, તેથી તેમણે સંસ્થાના જનરલ સેક્રેટરી હરીશભાઈ દવેને કહ્યું કે 'એક રિપોર્ટ તૈયાર કરો, શરૂઆતની બધી હકીકતો સમાવવી. મને મુંબઈ મોકલી આપજો.'

હરીશભાઈએ સ્વામીશ્રીની સૂચના અનુસાર ૬૦ પાનાંનો એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરી સ્વામીશ્રીને મુંબઈ મોકલી આપ્યો.

આ અહેવાલ મુંબઈમાં ચાલુ સભાએ એક જ વખત વાંચ્યો. હાથમાં કાળી પેન લઈ અગત્યના શબ્દો કે શબ્દસમૂહો નીચે લીટીઓ દોરતા ગયા, ક્યાંક ક્યાંક ટીક માર્ક પણ કર્યા.

ત્યાર બાદ ધર્મચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી અને અન્ય સંતો સાથે ચર્ચા કરી કે હવે મિટિંગ કયાં કરવી, એ સામેવાળાને પુછાવીએ..

સ્વામીશ્રી કહે : 'એમને પૂછાવો કે વડોદરા'માં કરીએ તો કેમ ?'

સામાવાળા આ સ્થળે મિટિંગ કરવા સંમત થયા. મુકરર દિવસથી એક દિવસ અગાઉ સ્વામીશ્રી મુંબઈથી અટલાદરા આવી ગયા. અમદાવાદથી હરીશભાઈ અને ઠાકોરભાઈને બોલાવી લીધા. રાત્રે નવ વાગ્યા પછી સ્વામીશ્રી વિવેકસાગર સ્વામી, હરીશભાઈ અને ઠાકોરભાઈ સાથે બેઠા. હરીશભાઈએ પેલા રિપોર્ટની કૉપી આપી, પરંતુ સ્વામીશ્રીએ હાથમાં લઈ બાજુએ મૂકી. પછી હરીશભાઈને પૂછ્યું, 'જે કાયદાકીય પ્રશ્નો ઊભા થાય છે

તે બધા બરાબર છે ને ? ફલાણી બાબતનું કેમ છે ?'

વળી કહે : 'કાલની મિટિંગમાં કોણ હાજર રહેશે ?'

પોતે જ જવાબ આપતાં કહે, 'વિવેકસાગર સ્વામી, હરીશભાઈ અને ઠાકોરભાઈ આટલા હાજર રહેજો, અને મિટિંગ હું હેન્ડલ કરીશ. મારી કોઈ ભૂલ થતી હોય તો કહેવું.'

તરત જ સિદ્ધાર્થભાઈને બોલાવ્યા અને આવનાર પ્રતિપક્ષના લોકો માટે નાસ્તો-ફરાળી વાનગી માટેની વ્યવસ્થા કરવા કહ્યું. એમ પણ કહ્યું કે 'તમે દરેકને સ્મૃતિભેટ પણ આપજો.'

બીજે દિવસે પાંચ વાગે મિટિંગ શરૂ થઈ. સામેવાળાનું ટ્રસ્ટી બૉર્ડ આવેલું, સાથે 'પાવર ઑફ એટર્ની' લાવેલા.

મિટિંગની શરૂઆત એ લોકોએ કરી. ૧૫ થી ૨૦ મિનિટ સુધી લાગલગાટ એ લોકોએ પોતાની રજૂઆતો કર્યા કરી.

અત્યાર સુધી અત્યંત સ્વસ્થ અને શાંત ચિત્તે બધું સાંભળી રહેલા સ્વામીશ્રીએ હવે ચર્ચાનો દોર પોતાના હાથમાં લઈ લીધો. અઢી કલાક સુધી એકધારી ધારદાર તર્કસંગત દલીલો કરી, એક પછી એક સામા પક્ષે ઉઠાવેલા તમામ પ્રશ્નોના કાયદાકીય પાસાંઓના ખુલાસા કરતા ગયા, તારીખ-વાર સાથે ભૂતકાળમાં શું બનેલું ? વાસ્તવિકતા શું હતી ? કાયદાકીય રીતે સત્ય શું હતું ? - એવું વિષદ્ વિશ્લેષણ કર્યું, વૈધાનિક ગૂંચોને ઉકેલી નાખીને તેઓ સમક્ષ એવી રીતે મૂકી કે આખું ટ્રસ્ટી બૉર્ડ દંગ રહી ગયું ! સૌ મોંમાં આંગળાં નાખી ગયા !! કોઈને કશું કહેવાનું રહ્યું નહીં. સામા પક્ષના તમામ સભ્યો જાણે સ્વામીશ્રીના શબ્દે શબ્દને મૂક સંમતિ આપી રહ્યા હતા.

અગાઉ નક્કી કર્યા મુજબ શ્રી સિદ્ધાર્થભાઈએ સૌની અલ્પાહારની વ્યવસ્થા કરી સ્મૃતિભેટ અર્પણ કરી. મિટિંગ આમ પૂરી થઈ.

મિટિંગમાંથી બહાર નીકળતા સામા પક્ષના એક ભાઈ બોલી ઊઠ્યા કે 'પ્રમુખસ્વામી ઉચ્ચ આધ્યાત્મિક સ્થાને તો બિરાજ્યા છે. પણ આવા 'પ્રમુખ' છે તે પહેલી વાર જાણ્યું !' વળી કોઈકે કહ્યું : 'કેટલી Sharpness !' (કેટલી તીક્ષ્ણ બુદ્ધિ)

૬.૪.૨

૧૯૮૭ અને ૧૯૮૮ની અછતની ગંભીર પરિસ્થિતિ વખતે સ્વામીશ્રી

સારંગપુરમાં વિરાજતા હતા. ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી અમરસિંહ ચૌધરી સ્વામીશ્રીને પરિસ્થિતિની ગંભીરતાથી વાકેફ કરી, રાહત યોજના શરૂ કરવા માટે વિનંતી કરવા આવ્યા હતા.

ત્યારબાદ આ બાબતે ચર્ચા કરવા ટ્રસ્ટની એક મિટિંગ સ્વામીશ્રીએ યોજેલી. જેમાં શ્રી હરીશભાઈ દવે પણ હાજર હતા. ટ્રસ્ટના વડીલ સભ્યો વચ્ચે વચ્ચે પ્રશ્નો ઊભા કરે અને તેઓ હરીશભાઈને બધું પૂછે. સ્વામીશ્રી એ બધા પ્રશ્નોના ઉત્તર પોતે આપે. મિટિંગમાં અધ્યક્ષ તરીકે, કોઈ સભ્ય સેક્રેટરી ઉપર દલીલોનો મારો નથી કરતાને, તેની સતત સાવધાની રાખે.

કોઈપણ મિટિંગની શરૂઆત કરતાં પહેલાં સ્વામીશ્રી અગાઉની મિટિંગની સમીક્ષા કરી લેતા હોય છે. અગાઉની મિટિંગના એજન્ડા પરનાં કેટલાં કામો પત્યાં ? ન પત્યાં, તો કયા કારણથી ? ત્યાર પછી જ આજની મિટિંગના એજન્ડા પરથી બાબતોની ચર્ચા શરૂ કરે. તેમાં પણ આટલી બાબતો વિષે અવશ્ય પૂછે - કાયદાકીય, હિસાબી, વહીવટી, બાંધકામ અને આયોજનને લગતી બાબતો.

### ૬.૪.૩. એમને સમજો

જુદાં જુદાં મંદિરોના કોઠારી સ્વામીઓની જ્યારે મિટિંગ થાય ત્યારે સ્વામીશ્રી સૂક્ષ્માતિસૂક્ષ્મ બાબતોની પૃચ્છા કરતા હોય છે; આ બધી મિટિંગોમાં જનરલ સેક્રેટરી હાજર હોય જ. જો કોઈ મંદિરના કોઠારી સ્વામી સેક્રેટરીને સીધો કોઈ પ્રશ્ન કરે તો, મોટે ભાગે સ્વામીશ્રી વાતનો દોર પોતે લઈ તેમના વતી પોતે જવાબ આપતા હોય છે. કોઈક વખત આકળા થતા પણ દેખાય; પરંતુ મિટિંગ પૂરી થયે 'કેમ દાજી ?' કહીને એવા હેતથી બોલાવે કે કડવાશનો કોઈ અંશ રહે નહીં. આખું વાતાવરણ કૌટુંબિક બની જાય.

હિસાબ-કિતાબને લગતી કેટલીક ઝીણી વિગતો જનરલ સેક્રેટરીએ કોઠારી સ્વામીઓ પાસે માંગી હોય અને મિટિંગમાં જો તેઓ તે માહિતીથી સજ્જ ન હોય તો અધ્યક્ષસ્થાને વિરાજેલા સ્વામીશ્રી, કોઠારી સ્વામીઓને સંબોધીને કહે : 'એમને સમજો.'

આ બધું એવી કુશળતાથી સંભાળે કે ન તો મિટિંગમાં કાર્યવાહીને હાનિ પહોંચે, ન કોઈનો માનભંગ થાય; ઊલટાનું તેમના આદેશો સૌ ઊલટભેર સ્વીકારે !!

૬.૪.૪

શ્રી હરીશભાઈ દવેને એક એવી મિટિંગનું સ્મરણ છે કે જેમાં એજન્ડા પર કેટલીય બાબતો હતી ! ટ્રસ્ટીઓમાંથી ઘણા સભ્યો પ્રશ્નો - પેટા પ્રશ્નો - પ્રતિપ્રશ્નો ઊભા કરતા હતા. પરંતુ સ્વામીશ્રીએ એક જ મિટિંગમાં, તમામ બાબતોના જાતે જ ખુલાસા આપ્યા હતા !!

# ૭. નેતા એક અવ્વલ સલાહ સૂચનકાર

## (COUNSELLOR)

૭.૧

પૃથ્વીના પટ પર ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે જેને કોઈ પ્રશ્ન ન હોય ! પ્રશ્ન પણ એક-બે નહિ, પ્રશ્નોની પરંપરા. સાંપ્રત સમાજ એટલે પ્રશ્નોનું અડાબીડ, અભેદ્ય જંગલ. સમાજમાં રહેતી દરેક વ્યક્તિ એમાં ફસાઈ છે, ભૂલી પડી છે, તેને કોઈ માર્ગ સૂઝતો નથી.

સામાન્ય રીતે જે પ્રશ્નોનો સામનો કરવાનો થાય છે, તેને બે બૃહદ્ વિભાગોમાં વહેંચી શકાય - હકીકતો(Facts)ના સ્વરૂપે પ્રશ્નો અને લાગણીઓ(Feelings)ના પ્રશ્નો. હકીકતોને લગતા પ્રશ્નોનું કદાચ નિરાકરણ મળી રહે, પરંતુ લાગણીના પ્રશ્નો તો જ્યાં સમજવા જ કઠિન હોય, ત્યાં નિરાકરણની વાત જ ક્યાં ? Feelingsના પ્રશ્નોથી પીડાતી વ્યક્તિઓ કદાચ શરીરે હૃષ્ટપુષ્ટ હોય, પરંતુ તેમને મનની ગંભીર બીમારી લાગુ પડી હોય છે. તેમનાં તન સાજાં, પરંતુ મન માંદાં. આ માંદા મનની માવજત કરવા માટે જરૂર પડે છે કોઈ નિષ્ણાત, અવ્વલ માર્ગદર્શક(Counsellor)ની જેનાં સલાહ-સૂચનથી સામેની વ્યક્તિ પ્રશ્નોમાંથી રાહત અનુભવે - શાંતિ અનુભવે; જેની સાથેની મસલત-મુલાકાતથી સામેની વ્યક્તિના મનના ઘા રુઝાય.

માનવ વર્તણૂંકના પ્રખર અભ્યાસી એવા, અમેરિકાની એરીઝોના સ્ટેટ યુનિવર્સિટીના, બિઝનેસ એડમીનીસ્ટ્રેશન વિભાગના પ્રૉ. કીથ ડેવીસ [5] ના મત મુજબ Counselling માં નીચેના ઘટકોનો સમાવેશ થયેલો હોવો જોઈએ.

૧) સલાહ

૨) વિશ્વાસનું પુનઃસ્થાપન

૩) પ્રત્યાયન

૪) લાગણીજન્ય તાણમાંથી મુક્તિ

૫) સુસ્પષ્ટ વિચાર પ્રક્રિયા

૬) હેતુ અને મૂલ્યો તરફ પુનઃ અભિમુખ કરવા માટે પ્રોત્સાહન

Counselling ના પણ ત્રણ પ્રકાર છે :

૧) સલાહને પ્રાધાન્ય આપતું એવું Directive Counselling

૨) વ્યક્તિની લાગણીઓની સ્વીકૃતિને પ્રાધાન્ય આપતું Non-directive Counselling

૩) આ બન્નેનું સંતુલન કરતું એવું Co-operative Counselling.

દુનિયામાં સલાહકારોનો તોટો નથી, કારણ કે સલાહ આપવાનું કામ સૌથી સરળ છે. ઉપર જણાવેલ પ્રથમ પ્રકારના Directive Counsellor સલાહ આપતા હોય છે. પરંતુ સામેની વ્યક્તિના પ્રશ્નોને તેઓ ખરેખર સમજે છે ખરા ? કદાચ પોતાની નિર્ણયશક્તિનો ઉપયોગ કરી, જુદા જુદા વિકલ્પોમાંથી શ્રેષ્ઠ વિકલ્પ સૂચવે, પરંતુ આ વિકલ્પ સામેની વ્યક્તિને કેટલો સ્વીકાર્ય કે અસરકર્તા બનશે તે જોવાતું નથી.

બીજા પ્રકારના Non-directive Counsellor પ્રથમ તો, જે તે વ્યક્તિને શાંતિથી સાંભળી, તેની લાગણીઓને પૂર્ણતયા પીછાણવા કોશિષ કરે છે. તેઓ બરાબર જાણે છે કે લાગણીઓ એ હિમશીલા (Iceberg) જેવી હોય છે; જેનો સપાટી પર દેખાય તે કરતાં અનેક ગણો મોટો ભાગ પાણીની નીચે છુપાયેલો હોય છે, સામેની વ્યક્તિના પ્રત્યાયનસ્તર (Communication level) નીચે તો લાગણીની મોટીમસ શિલા, પ્રચ્છન્ન તરતી જ રહે છે. આ પ્રકારના Counsellor અત્યંત સંભાળપૂર્વક, સામેની વ્યક્તિમાં નિઃસ્વાર્થપણે ઊંડો રસ લઈને તેની લાગણીઓને યથાર્થ સ્વરૂપે પીછાણી, પછી ઉપરોક્ત ઘટકો - વિશ્વાસનું પુનઃસ્થાપન, પ્રત્યાયન ઈત્યાદિ કામે લગાડે છે. સમસ્યાના નિરાકરણની સીધી સલાહ આપવાને બદલે, સામેની વ્યક્તિને તેનો પ્રશ્ન સમજવામાં અને હલ કરવામાં તે મદદકર્તા થાય છે.

ત્રીજું, બન્નેના પારસ્પારિક સંબંધ, સહકાર અને પ્રેમમાંથી નીપજતું - Co-operative Counselling. તેમાં વિશ્વાસનું પુનઃસ્થાપન, પ્રત્યાયન, લાગણીજનક તાણમાંથી મુક્તિ, સુસ્પષ્ટ વિચાર પ્રક્રિયા ઈત્યાદિ મહત્ત્વ ધરાવતાં ઘટકો હોય છે - માત્ર એકલી સલાહ નહિ.

૭.૨

પ્રમુખસ્વામી મહારાજ, આ અર્થમાં એક મહાન Non-directive અને Co-operative Counsellor છે. ઉપરનાં તમામ ઘટકોનું તેઓશ્રી એવું તો અદ્‌ભુત સંકલન કરે છે કે સમસ્યાના ભીષણ ભંવરોમાં ફસાયેલી વ્યક્તિ હેમખેમ બહાર આવી, હળવી ફૂલ થઈ, નિરંતર આનંદની અનુભૂતિની, જાણે તેમની પાસેથી ખાતરી લઈને ઊભી થાય છે.

આમ તો સ્વામીશ્રીની સાથે સત્સંગ તથા સત્સંગેતર સમાજની સેંકડો વ્યક્તિઓની રૂબરૂ મુલાકાતો એ તો રોજિંદો ક્રમ છે. આ એક એક અંગત મુલાકાત એટલે સ્વામીશ્રીનું એક એક Counselling Session ! અગાઉનાં પ્રકરણોમાં ટાંકેલા કેટલાક પ્રસંગોમાં પણ Counsellingમાં પ્રત્યાયન જેવાં ઘટકોનો સમાવેશ થયેલો જ છે. સંસ્થાનાં અન્ય પ્રકાશનોમાં પણ એવા ઘણા પ્રસંગો નિરૂપાયા છે જેમાં સ્વામીશ્રીએ એક અવ્વલ સલાહ - સૂચનકારની ભૂમિકા નિભાવી હોય. તેથી પુનરાવર્તન ન થાય એ લક્ષ્યમાં લઈ કેટલાક, ચૂંટેલા પ્રસંગો જ હવે આપણે જોઈશું.

**૭.૩. એક વાત કહું ? મનાશે ?**

ભાઈલાલભાઈ કાનજીભાઈ ઠક્કર, ઈ. સ. ૧૯૭૫માં સંપ્રદાયની એક અન્ય શાખા છોડીને સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવી આ સંસ્થામાં નિષ્ઠાપૂર્વક અને સમજણથી જોડાયા. બન્યું એવું કે એક માસ બાદ જ, અમદાવાદમાં ચાલતા તેમના વેપારમાં ૨ લાખ રૂપિયાની ખોટ ગઈ, તેઓ લગભગ હાથેપગે થઈ ગયા. સ્વામીશ્રીને મળીને વાત કરી; સ્વામીશ્રીને સાંભળીને દુઃખ થયું.

સ્વામીશ્રી કહે, 'એક વાત કહું ? મનાશે ? વિશ્વાસ આવશે ?'

'હવે તો આપ જ છો.' ભાઈલાલભાઈએ કહ્યું : 'શિક્ષાપત્રીની આજ્ઞા છે તે પ્રમાણે તમે દેશ (સ્થળ) બદલી નાખો, ધંધો બદલી નાખો, બીજે અનુકૂળતા હોય ત્યાં સેટ થઈ જાવ, ને પછી મને કાગળ લખજો.'

સ્વામીશ્રીના શબ્દો પર અટલ વિશ્વાસ મૂકી ભાઈલાલભાઈએ તારાપુર સ્થળાંતર કરી, ત્યાં કાપડનો ધંધો શરૂ કર્યો. ચાર જ વર્ષના ગાળામાં ધીકતો ધંધો ચાલવા માંડ્યો. અત્યારે ત્યાંના કાપડના વેપારીઓમાં તેઓ મોખરે છે. ૧૯૭૯માં જ્યારે સ્વામીશ્રી ત્યાં આવ્યા, ત્યારે પોતાને ઘરે પધરામણી કરાવી આશીર્વાદ મેળવ્યા.

૭.૪

ઈ.સ. ૧૯૯૧ના ફેબ્રુઆરી માસમાં સ્વામીશ્રી ખેડા જિલ્લાના એક ગામે પધારેલા, ત્યાંના એક સત્સંગી બંધુને ત્યાં સ્વામીશ્રી પધરામણીએ આવ્યા. ઘરમાં પ્રવેશતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું, 'શું દીકરી-જમાઈને બોલાવ્યાં કે નહિ? શું કર્યું ?'

વાત એમ હતી કે તેમની દીકરીએ બે વર્ષ પહેલાં, તેમની મરજી વિરુદ્ધ એક યુવક સાથે લગ્ન કરી દીધેલાં, ત્યારથી તેમણે દીકરી - જમાઈ સાથે સંબંધ તોડી નાખેલો. આ વાત સંતો દ્વારા સ્વામીશ્રી પાસે પહોંચેલી. એ અરસામાં સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. ત્યાં આ હરિભક્ત પણ ફરસાણ-મીઠાઈ બનાવવાની સેવા માટે આવેલા. સ્વામીશ્રીએ ત્યારે તેમને બોલાવીને કહેલું કે 'આપણે બોલાવી લેવા. સમાજમાં આવું જ ચાલે છે. આમાં કાંઈ નવું નથી, સમાધાન કરી લેવું.'

ત્યારે તેમણે કહેલું કે 'સ્વામી, પ્રસંગ ઊભો કરવો પડે. તમો પધારો તો બધું કરીએ.' અને સ્વામીશ્રીએ કોલ આપેલો કે 'હા, જાવ, અમો આવીશું. પરંતુ દીકરી - જમાઈને બોલાવી લેજો તો આવીશું.'

એ કોલ મુજબ સ્વામીશ્રીએ આજે તેમને ઘેર પધારી, ઘરમાં પ્રવેશતાં જ, દીકરી - જમાઈ વિષે પૂછ્યું. તેમણે અગાઉથી જ તેમનાં દીકરી અને જમાઈને તેડાવી લીધેલાં. સ્વામીશ્રીએ તેમના જમાઈને પણ સાથે બેસાડી સૌ વચ્ચે સુમેળ કરાવી દીધો !

## ૭.૫. લાખ ડૉલરની વિષ્ટિ !

ભાવનગર પાસે આવેલાં બે નાનાં ગામ - કૂકડ અને ઓદરકા વચ્ચે આવેલી નાનકડી ચરિયાણ જમીનના ૨૦૦ વર્ષ જૂના સીમાવિવાદે, બંને ગામના શૂરવીર ગરાસિયાઓ એવા તો મમતે ચઢેલા કે આ મુદા પર

અનેકવાર ધીંગાણાં ખેલાયેલાં અને તેમના વડવાઓ ખપી ગયેલા. વેરનો અનલ, જ્વાળાઓ ઓકતો, કેટલાય દાયકાઓઓથી ભભૂકતો જ રહ્યો. એક બીજાના ગામનાં પાણી પણ ગ્રહણ ન કરવાના ૨૦૦ વર્ષ પહેલાં 'અપૈયા' (પાણીયે ન પીવાની પ્રતિજ્ઞા) લીધેલા. આજથી ૭-૮ વર્ષ પહેલાં ઘોઘા પંથકના રામસંગબાપુજીને સત્સંગ થયો અને તેઓ સ્વામીશ્રીના સંપર્કમાં આવ્યા. રામસંગબાપુજીના કોમળ ભક્ત હૃદયને આ વેર ડંખવા લાગ્યાં. તેમના સજ્જન મિત્રોને લઈને તેઓએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આપ અપૈયા ભાંગવા અમારે ત્યાં પધારશો.'

આ અગાઉ ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ અને બીજા અનેક મહાનુભાવોએ સમાધાનના પ્રયાસો કરેલા, પરંતુ સફળતા મળેલી નહીં.

૧૨મી એપ્રિલ, ૧૯૯૦નો એ દિવસ- સ્વામીશ્રી સંતમંડળ સાથે ઓદરકા પધાર્યા. પેલી વાંધાળી જમીન પર પહોંચ્યા. અગાઉ ધીંગાણામાં ખપી ગયેલા વડવાઓના પાળિયા ત્યાં હાલ મોજુદ છે. તેમની બાજુમાં મંડપ બંધાયો. સ્વામીશ્રીએ બંને ગામના પ્રતિનિધિ દરબારોને મહાપૂજામાં બેસાડ્યા. મહાપૂજામાં, કૂકડનાં પાંચેય ગામોનાં કૂવાઓનાં જળ અને ઓદરકાના કૂવાનાં જળ મિશ્રિત કરીને કળશ ભર્યા હતા. સ્વામીશ્રીએ એ દરેકનું પૂજન કરી, તેમાં ઠાકોરજીની પ્રસાદીનું જળ ઉમેર્યું. એક કલાક સુધી શ્લોકગાન સહિત મહાપૂજા વિધિ ચાલી. પિતૃમોક્ષ અને અપૈયાવ્રતની સમાપ્તિનાં સંકલ્પો કરાવ્યાં.

સ્વામીશ્રીએ જાતે ઊઠીને, દરેક પાળિયાને પંચામૃત વડે સ્નાન કરાવ્યું. પેલા પાંચેય ગામોનાં જળથી દરેક પાળિયા પર અભિષેક કર્યો. દરબારોને વ્યક્તિગત, તેમના પિતૃઓને સ્નાન કરાવવાની તક આપી. પછી આરતી ઉતારી. આ વિસ્તારના ધારાસભ્ય શ્રી નાનાભાઈ રોયલા, ભાવનગરના ધારાસભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલ, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયાતના પ્રમુખો સૌ આ પ્રસંગે હાજર રહ્યા.

અને અંતે સ્ટેજની આગળ, અમૃતકળશ અને એક એક ગ્લાસ મૂકવામાં આવ્યા. જાહેરાત કરવામાં આવી કે 'ઓદરકા અને કૂકડના પાંચ ગામોનાં ભેગાં કરેલાં પાણી હવે બેય પક્ષોના પ્રતિનિધિઓ એકબીજાને પાશે.'

જાહેરાત થતાંની સાથે જ સ્વામીશ્રી ત્યાં આવી બેસી ગયા અને બંને ગામના પ્રતિનિધિ દરબારોને જાતે જ અમૃતજળ પાયાં. ૨૦૦ વર્ષથી

ભભૂકતો વૈરાગ્નિ પલવારમાં જ શમી ગયો !! એટલું જ નહીં ત્યાં પરસ્પર પ્રીતની સરવાણીઓ ફૂટી નીકળી ! આખી સભામાં પ્રસાદીરૂપ પાણી વહેંચાયું. ચારે તરફ ઉમંગ ઉમંગ વ્યાપી ગયો.

સૌ ઉપર આશીર્વર્ષા કરતાં અજાતશત્રુ સ્વામીશ્રીએ કહ્યું, 'આજે ખૂબ જ આનંદ થયો છે. આજે બધાએ ભેગા થઈને વર્ષોનું જૂનું બંધન તોડ્યું. બહુ જ ઉદારદિલથી, મુક્ત મનથી, આજે પેલા વેરનું નિરાકરણ થાય છે. ખૂબ આનંદ થયો. ભગવાન સ્વામિનારાયણની દૃષ્ટિ આ ગામો પર છે- વેરઝેર મૂકવાં એ મહાવસ્તુ છે. ભગવાન અને સંતનું કાર્ય એકબીજાને નજીક લાવવાનું છે- વેરઝેર ભૂલીશું તો જ વિકાસ થશે. આ અપૈયા તોડ્યા છે પણ એક અપૈયા રાખવાના છે; દારૂના અપૈયા કરજો; બીડીના અપૈયા કરજો; એ વ્યસન નીકળશે તો શાંતિ થશે. આપણે સૌ દરેકને ઉપયોગી બની, દરેકની સેવા કરી, ભક્તિ કરીને મોક્ષ કરી શરીરને સફળ બનાવીએ એ પ્રાર્થના.'

પ્રકરણના પ્રારંભે દર્શાવેલ, છ એ છ ઘટકોરૂપી દીવડાઓથી દેદીપ્યમાન એવું આ છે સ્વામીશ્રીનું અણમોલ Counselling ! A million dollar counselling !!

# ૮. સમષ્ટિલક્ષી નેતૃત્વ

૮.૧

પ્રમુખસ્વામી મહારાજે અનેક પ્રસંગોએ તેમના સંપર્કમાં આવતી હજારો વ્યક્તિઓને સ્વહિતને દબાવી, ગૌણ કરી; અન્યનું હિત, સમાજનું હિત જોવાની વિશાળ દૃષ્ટિ કેળવાય તેવી પ્રેરણા આપી છે; કારણ કે સ્વામીશ્રી સ્વયં, પળે પળે અન્યની, સમાજની, દેશની, સતત ચિંતા સેવતા આવ્યા છે. 'બીજાના ભલામાં આપણું ભલું' એ એમનો જીવનમંત્ર છે.

સમાજ પર જ્યારે જ્યારે વિપત્તિઓનાં વાદળો ઘેરાયાં છે ત્યારે ત્યારે સ્વામીશ્રીએ તેમના સંતો અને તેમના હજારો કાર્યકરોને, બીજું બધું જ પડતું મૂકી, રાહત કાર્યોમાં અને સેવાકાર્યમાં જોડાઈ જવા આદેશ આપ્યા છે - પછી તે મોરબીનો જલપ્રલય હોય કે સૌરાષ્ટ્રનો દારૂણ દુષ્કાળ; મહારાષ્ટ્રનો ભીષણ ભૂકંપ હોય કે સમાજની જુદી જુદી કોમો વચ્ચે ભડકી ઊઠેલો કોમી દાવાનલ.

સ્વામીશ્રીની સમષ્ટિલક્ષી દૃષ્ટિ - વિશાળતાની સામેની વ્યક્તિ ઉપર જાદુઈ અસર થાય છે. જેને સ્વપ્નમાં ય કદી કોઈના અહિતનો વિચાર નથી આવ્યો એવા અહંશૂન્ય, સૌમાં સદાય આત્મભાવે જોતા, પ્રમુખસ્વામી મહારાજ સાથેની બે-પાંચ મિનિટની ટૂંકી મુલાકાત પણ, વ્યક્તિના જીવનમાં આમૂલ પરિવર્તન લાવી દે છે !! સાંપ્રત સમાજમાં જ્યારે યુવાની બહેકી ઊઠી છે અને ચોતરફ આગ લાગેલી છે; તેમાં સ્વામીશ્રી ચારિત્ર્યથી ચમકતી, શીલની સોડમ પ્રસરાવતી લાખ્ખો યુવાનોની એક શિસ્તબદ્ધ સેના ઊભી કરી શક્યા છે !! ૧૯૯૨ની ૧લી નવેમ્બર, ગાંધીનગર ખાતે યોજાયેલી 'માનવીય એકતા પરિષદ્'ના ઉદ્ઘાટન પ્રસંગે, ગુજરાત રાજ્યના

ગવર્નર માનનીય ડૉક્ટર સરૂપસિંહજીએ, એટલે તો યથાર્થ જ કહ્યું કે 'સ્વામીજી, આપ જે કાર્ય કરી રહ્યા છો, અહીંની જે નવી દુનિયા સર્જી છે, તેના પરથી પ્રતીતિ આવે છે કે જો સંસારને પણ બદલવો હોય તો આપ બદલી શકો તેમ છો !'

## ૮.૨. સમાજનું પણ જોવાનું છે

ઈ. સ. ૧૯૯૧માં સ્વામીશ્રી કપડવંજ પધારેલા. ત્યાંના નિર્દેશક શ્રી ઘનશ્યામભાઈ ભગત સાથે ત્યાં આવેલા. સ્વામિનારાયણ મંદિરની આજુબાજુની વધારાની જમીન લેવાની વાત નીકળી.

સ્વામીશ્રીએ પૂછ્યું, 'આજુબાજુ શું આવેલું છે ?'

ઘનશ્યામભાઈ કહે : 'આ બાજુ નેરોગેજ રેલવે છે તે બ્રોડગેજ થવાની છે, ને એની સાથે એની ઘણી જમીન જશે. આપણને પછી વધારે જમીન નહીં મળે. આ લોકો રેલવેને બ્રોડગેજમાં ન ફેરવે તો સારું.'

તરત જ સ્વામીશ્રી કહે : 'અલ્યા, આપણું એકલાનું નથી જોવાનું. સમાજનું પણ જોવાનું છે. લોકોને કેટલી તકલીફ પડતી હશે, ત્યારે આ નિર્ણય લેવાયો હશે; તે તો ચાલુ કરવી જ પડે. બંધ છે તે જલદી ચાલુ થઈ જાય તેવી પ્રાંના કરવી.'

## ૮.૩

ઈ.સ. ૧૯૮૭ના કારમા દુષ્કાળનું એ વર્ષ હતું. ખેડૂતોની દશા અત્યંત દયનીય હતી. અને ઢોરોની દશા તો તેથી ય બદતર હતી. સ્વામીશ્રીએ ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં ચાર કેટલ કૅમ્પોનું આયોજન કરીને, સંતો - હરિભક્તો - કાર્યકરોને તેમની તમામ પ્રવૃત્તિ અટકાવી. આ સેવાકાર્યમાં જોડી દીધા હતા.

સ્વામીશ્રી કરચકા કેટલકૅમ્પમાં મુલાકાતે પધાર્યા હતા. સૌરાષ્ટ્રના ખૂણે ખૂણેથી આવેલા ખેડૂતો, હરિભક્તો અને યુવા કાર્યકરોની એક સભાનું આયોજન થયું હતું. સ્વામીશ્રી આશીર્વાદ આપતાં કહે : 'અહીં બળદની સેવા કરશે, ખવરાવશે, પીવરાવશે તે ભગવાનને થાળ કર્યા બરાબર છે. એને જમાડ્યા તે ભગવાનને જમાડ્યા બરાબર ફળ મળશે; ને ઘેર બધાને સારું જ છે. કોઈ વહેવારની ઉપાધિ કરશો નહીં. મહારાજ સૌનું સારું કરશે.'

૮.૪

સને ૧૯૮૦નો પ્રસંગ છે. લંડન સ્થિત કનુભાઈ પટેલ અન્યની કપોળ કલ્પિત વાતોથી, સ્વામીશ્રી પ્રત્યે ઘણો અણગમો ધરાવતા હતા. તેઓ વિદ્યાનગરવાળા નટુભાઈ પટેલને ત્યાં આવેલા. નટુભાઈ અને કનુભાઈને પહેલેથી પરિચય. ક્યાંક વાત નીકળી તો કનુભાઈ સ્વામીશ્રી માટે અણછાજતા શબ્દો બોલે. નટુભાઈ તેમને કહે : 'કનુભાઈ, તમે જે વાતો કરો છો તો કોઈકનું સાંભળીને કરો છો. કદી તમે સ્વામીશ્રીને જોયા છે ? તેમના મુખેથી વાણી સાંભળી છે ? ચાલો, હું તમે સ્વામીશ્રી પાસે લઈ જઉં.' પહેલા તો ઇન્કાર કર્યો પરંતુ નટુભાઈએ ખૂબ આગ્રહ કર્યો એટલે તૈયાર થયા. તે વખતે સ્વામીશ્રી બોચાસણમાં વિરાજતા હતા. આ બંને મિત્રો બોચાસણ આવ્યા અને સ્વામીશ્રીના ઉતારે ગયા.

સ્વામીશ્રીને જાણે કનુભાઈ સાથે વર્ષોનો પરિચય હોય તેમ પ્રેમથી બોલાવ્યા, નજીક બેસાડ્યા અને હેતથી વાતો કરવા લાગ્યા. પછી તો પોતાની સાથે જમવા બેસાડ્યા. ઠાકોરજીના થાળમાંથી પ્રસાદી આપી અને અત્યંત નિખાલસતાથી અને વહાલપથી તેમની સાથે વાતો પણ કરતા જાય. કનુભાઈ વાત્સલ્યની આ વર્ષાથી એવા ભીંજાયા કે સ્વામીશ્રીને ચરણે પડી ગયા !

બહાર આવી નટુભાઈને કહે, 'આ તો એક અલૌકિક, પ્રતાપી પુરુષ છે. સાંભળેલી વાતો અને પ્રત્યક્ષ દર્શનમાં આભ જમીનનો ફેર છે.'

સૌના સ્વજન એવા આ વિરલ નેતા સાથેની નાનકડી મુલાકાત અને કનુભાઈનાં મન અને મસ્તિષ્ક ફરી ગયા ! એક નિષ્ઠાવાન સત્સંગી બની ગયા !

૮.૫

થોડાં વર્ષો પહેલાં પારાયણ નિમિત્તે સ્વામીશ્રી ગજેરા ગામે પધારેલા. પારાયણના અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. જેવાં આશીર્વચન પૂરાં થયાં, ત્યાં એક ભાઈ દોડતાં સ્ટેજ પર આવી, સ્વામીશ્રીના પગ પકડીને એકદમ રડી પડ્યા !

સ્વામીશ્રી કહે : 'કોણ છો ? કેમ રડો છો ?'

તે કહે, 'બાપુ, મારું નામ ડાહ્યો; ગામમાં ઘંટી છે; હું બધી વાતે પૂરો

છું... ' એમ કહી તેમણે દારૂ, માંસ, વ્યભિચાર અને જુગારનાં પોતાનાં દૂષણોની વાત સ્વામીશ્રીને દિલ ખોલીને કરી. વળી તે ભાઈ કહે, 'પારાયણ શરૂ થઈ ત્યારથી આપનાં દર્શને આવવું હતું પણ હિંમત ચાલતી નહોતી; ને કાલે તો આપ જવાના એટલે આવ્યો છું. મને માફ કરો, મને હરિભક્ત બનાવો.'

સર્વજનહિતાય વિચરતા સ્વામીશ્રીનાં દર્શન માત્રથી ડાહ્યાભાઈના હૃદયમાં પસ્તાવાનું વિપુલ ઝરણું ફૂટ્યું. જાણે તેમાં ખોળિયું ઝબોળી, તેઓ સાચા અર્થમાં 'ડાહ્યા' બની ગયા.

૮.૬

મહેસાણા મંદિરની જમીન પર કેટલાક રબારીઓએ ઝૂંપડાં બાંધી, અતિક્રમણ કરેલું. જ્યાં પોલીસ જતાં વિચાર કરે, ત્યાં સ્થાનિક સત્સંગીઓની તો પૂછવા જવાનીય હિંમત ક્યાંથી ચાલે ?

એક વખત સ્વામીશ્રી ત્યાં પધાર્યા. તેમને આ વાત કરી. તરત જ સ્વામીશ્રીએ રબારીઓના અગ્રણી સેંધાભાઈ તથા તેમના સાથીદારોને બોલાવડાવ્યા.

સ્વામીશ્રીએ તેઓ સૌને પ્રેમથી એવા સમજાવ્યા કે એક જ મુલાકાતમાં સૌ પીગળી ગયા, અને કહે : 'બાપા, આપ કહો તેમ કરીશું.'

પછી તો બીજે જ દિવસે ઝૂંપડાં હઠાવી લીધાં, જમીન સોંપી દીધી. આજે તો એ જમીન પર એક ભવ્ય મંદિરનું નિર્માણ થયું છે. પેલા રબારીઓ પણ સત્સંગી થઈ ગયા છે.

# ૯. સર્વેક્ષણ આધારિત એક નેતૃત્વ મોડેલ

૯.૧

લંડન સ્કૂલ ઑફ ઈકોનોમીક્સ દ્વારા પ્રસિદ્ધ થતા, એક સામયિકનું નામ છે : 'Non profit management and leadership'- સામાયિકમાં નફો કે આર્થિક લાભનો કોઈ હેતુ જ ન હોય એવી, જનસાધારણના શ્રેય-પ્રેયને વરેલી સંસ્થાઓનું સંચાલન અને નેતૃત્વ કેમ કરવું તે વિષેના અભ્યાસ લેખો પ્રસિદ્ધ થાય છે. આ સામયિકના ૧૯૯૪ના અંક નં. ૪ [6]માં ડેવિડ નાઈગ્રેન, મિરીઅમ યુકેસીટીસ, મેકલેલેન્ડ અને હિકમા નામના ચાર વિદ્વાન્ લેખકોએ 'Study of Non-profit Leaders'ના શીર્ષક હેઠળ એક અભ્યાસલેખ પ્રસિદ્ધ કર્યો હતો. તેમાં તેમણે અમેરિકાનાં જુદાં જુદાં ખ્રિસ્તી દેવળોના મુખ્ય પાદરીઓની રૂબરૂ મુલાકાત લઈ, પ્રશ્નાવલિ પદ્ધતિથી માહિતી એકત્ર કરેલી.


જેની તેમણે રૂબરૂ મુલાકાત લીધી તે પાદરીઓ કોઈ ઔદ્યોગિક સંસ્થાના મુખ્ય વહીવટી વડા - Chief Executive Officer (CEO)ને સમકક્ષ ગણાય એવા હોદ્દા ધરાવતા હતા. તેમની અનેકવિધ કામગીરીઓમાં યોગ્ય વ્યક્તિઓની નિમણૂક, હિસાબ-કિતાબ, ઉપલબ્ધ સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ, તાલીમ, આયોજન ઈત્યાદિનો સમાવેશ થતો હતો.

આ રીતે સુસંગત માહિતી એકત્ર કરી, તેનું પૃથક્કરણ કરી, તેઓ જે તારણો પર આવ્યા, તેમાંનાં મુખ્ય તારણો નીચે મુજબ હતાં :

- આ તમામ પાદરીઓ તેમનું કામ સર્વોત્કૃષ્ટ બને તે માટે સતત પ્રયત્નશીલ રહેતા.
- ધ્યેયો નક્કી કરી, તેને પ્રાપ્ત કરવા યત્નશીલ રહેતા.
- સતત અન્વેષણ કરતી દૃષ્ટિ ધરાવતા અને નવા નવા અભિગમોથી કામમાં પૂર્ણતા આવે તેની કોશિશ કરતા.
- ભગવાન સર્વત્ર છે - હાજરાહજૂર છે; એનું સતત જાણપણું રાખતા, ઈશ્વરનું સતત સાન્નિધ્ય અનુભવતા અને દરેક કાર્ય ઈશ્વર જ પરિપૂર્ણ કરે છે એવી દૃઢ શ્રદ્ધા ધરાવતા.

૯.૨

ઉપરોક્ત અભ્યાસલેખમાં, તેના લેખકો એક 'સોપાન મોડેલ'થી એમ સમજાવે છે કે આ પ્રકારના નેતામાં, જીવનના પ્રૉમિક તબક્કાઓથી જ આવી ક્ષમતાઓ (Threshould competencies) રહેલી હોય છે. તેમનું આ ત્રણ પગથિયાંનું મોડેલ નીચે મુજબ છે.




અર્થાત્ આવા નેતા તેમના જીવનના પ્રારંભિક તબક્કાઓથી જ કાર્યનિષ્ઠા, વહીવટી કુશળતા અને સુસંગત માહિતીથી સદા વાકેફ રહેવાનાં લક્ષણો ધરાવતા હોય છે.

ત્યાર પછીના તેમના જીવનકાળ દરમિયાન તેમના નાવીન્યભર્યા ચિંતનમાંથી નવી નવી વિભાવનાઓ જન્મે છે - જે વ્યક્તિ, સમાજ, દેશ

અને દુનિયા માટે ચિરંતનકાળ સુધી ઉપકારક બની રહે છે. તેમનો અભિગમ માહિતીનું - પરિસ્થિતિનું વિશ્લેષણ કરી નિર્ણયો તારવવાનો હોય છે.

પરંતુ તેમના સતત કાર્યશીલ, કર્મઠ જીવનની એક પણ પળ માટે તેમના લક્ષ્યને તેઓ નજર બહાર કરતા નથી; બલ્કે લક્ષ્યપ્રાપ્તિ એ તેમના જીવનનો હેતુ બની જાય છે. આ લક્ષ્ય તરફ ઊર્ધ્વગતિ કરતી તેમની આ જીવનસીડીમાં બે બાબતોને ટેકારૂપ માને છે, તે છે સુધારણા માટેની સતત ચીવટ અને આત્મવિશ્વાસ.

૯.૩

સ્વામીશ્રીના જીવનમાં, ઉપરોક્ત અભ્યાસલેખનાં ચારેય તારણો પ્રતિબિંબિત થયેલાં દેખાય છે. અગાઉનાં પ્રકરણોમાંના ઘણા પ્રસંગો, આ ચારેય તારણોની પરિપુષ્ટિ કરે છે.

ભગવાનનું સર્વકર્તાપણું તો તેમનાં પ્રત્યેક વચનમાંથી પ્રગટતું જ રહે છે. ભગવાન (હરિ) તેમની ઢૂંકડા છે તે તો ખરું જ, પણ તેઓ હરિ સાથે, અહોનિશ ઓતપ્રોત જ છે અને એટલે તો, પેલા 'હું'ને, ક્યારેય કદીય ત્યાં ડોકિયું કરવાની તક મળે જ ક્યાંથી ?

સ્વામીશ્રીની જીવનયાત્રાનો પ્રત્યેક તબક્કો એટલે જાણે ઉપરોક્ત મોડેલનું પ્રત્યેક સોપાન !

૨૮ વર્ષની યુવાન વયે, તેમની આ મહાન સંસ્થાના પ્રમુખ તરીકે વરણી થઈ ત્યારથી માંડીને, ૧૯૭૧ સુધીના માત્ર ૨૦-૨૧ વર્ષના ગાળા દરમ્યાનની તેમની કર્મઠ કાર્યશૈલી પર નજર નાખીએ તો પણ તેમના બેમિસાલ નેતૃત્વને મૂલવવા માટે તે પૂરતું થઈ પડે. એ એવો સમયગાળો હતો, જ્યારે બ્ર.સ્વ. યોગીજી મહારાજ ગાદીએ વિરાજમાન હતા અને પ્રમુખસ્વામી તો એમના અનન્ય સેવક હતા. ત્યાર પછીના તેમના જીવનકાળમાં, તેમની કાર્યનિષ્ઠા, વહીવટી કુશળતા, કર્મઠતાની ઝાંખી કરાવતા અનેક પ્રસંગો આપણે અગાઉનાં પ્રકરણોમાં જોયાં.

તેમનું નાવીન્યસભર ચિંતન અને તેમાંથી ઉદ્‌ભવેલી તેમની વિભાવનાઓ તો જુઓ- સંતાપોથી પીડિત, વ્યથિત, માનસિક - શારીરિક વેદનાઓથી કણસતા આ સાંપ્રત વિશ્વને; તેમની એક એક વિભાવના એટલે

જાણે એક એક વરદાન !!

ચારિત્ર્યવાન સમાજ, વ્યસનમુક્ત વિશ્વ, અન્યના સુખમાં પોતાનું સુખ જોવાની દૃષ્ટિ, દૃષ્ટિમાં ગુણગ્રાહિતા, પરસ્પર હેત-પ્રીત એ જ ધર્મ, નિત્યપૂજા, ઘરસભા; જેવી અમૂલ્ય વિભાવનાઓ, આ મહાન નેતાની, સમગ્ર વિશ્વને ૨૦મી સદીની દેણ છે ! એમની 'ઘરસભા'ની એક માત્ર વિભાવના જો સૌ પૂરી નિષ્ઠાથી અમલમાં મૂકે તો, વિશ્વશાંતિનાં પારેવાં ઘરે ઘરે પોતાના માળા બાંધે !

પોતે સદૈવ કાર્યરત રહેતા, અન્યને કાર્યોમાં પ્રેરતા, સત્સંગ અને વ્યવહારમાં પૂર્ણતાનો દૃઢ આગ્રહ રાખતા, આ અજોડ નેતાની નજર, અહોનિશ લક્ષ્ય પર જ મંડાયેલી હોય છે- પોતે તો એ લક્ષ્ય સાથે એકાકાર છે. પરંતુ જે કોઈ તેમના સંપર્કમાં આવે તેને તેઓ આ લક્ષ્યમાં સ્થિર કરી મૂકે છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની અનન્ય ભક્તિ કરવી અને તે માટેની યોગ્યતા કેળવવા તેમના શ્રેષ્ઠતમ શિષ્ય - ગુણાતીતાનંદ સ્વામી કે એવા પ્રત્યક્ષ, પ્રગટ ગુણાતીત સંતને આદર્શ માની તેમને વળગી રહેવું.

*

૯.૪

આવા લક્ષ્યની પરિપુષ્ટિ કરતા કોઈપણ વાજબી કાર્યમાં - પછી તે ભલે કોઈ વિરોધી - દ્વેષી સંસ્થા કે વ્યક્તિ દ્વારા આરંભાયું હોય, સ્વામીશ્રીનું અનુમોદન મળી જ રહે છે. પરંતુ અનુમોદનમાં ય સતત સાવધાની રાખે કે ક્યાંય કોઈનું ચારિત્ર્યખંડન નથી થતું ને ! એકાદ પ્રસંગ દ્વારા આ વાતને સમજીએ.

*

૯.૪.૧

૧૯૮૬ના ઑક્ટોબર - ડિસેમ્બરના 'અર્થાત્' નામના ત્રિમાસિકના અંકમાં, પ્રૉ. મકરંદ મહેતાનો 'સાંપ્રદાયિક સાહિત્ય અને સામાજિક ચેતના : સ્વામિનારાયણ સંપ્રદાયનો અભ્યાસ' એ શીર્ષક હેઠળનો એક લેખ પ્રગટ થયેલો. તેમાં લેખકે ભગવાન સ્વામિનારાયણ માટે એક ધંધાદારી પ્રયોજક,

ઠાઠમોહિની કરનાર, પોતાને ઈશ્વરમાં ખપાવનાર, એવાં વગોવણીભર્યાં વિશેષણો વાપરી, ધર્મનિંદા - દેવનિંદા કરવાનો વિકૃત પ્રયાસ કરેલો.

વડતાલ સ્વામિનારાયણ સંસ્થાને આની જાણ થતાં તેમણે વડોદરાની ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ નોંધાવી. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સંતોને પણ આ વાતની જાણ મળતાં, સ્વામીશ્રીને આ બાબતે વાકેફ કર્યા. સ્વામીશ્રીએ મુંબઈ સ્થિત બે સત્સંગી બંધુઓ પ્રૉ. રમેશભાઈ દવે અને પ્રૉ. કિશોરભાઈ દવેને પ્રૉ. મહેતાએ ઊભા કરેલા વિવાદી મુદ્દાઓના તર્કસંગત, પદ્ધતિસર ઉત્તરો તૈયાર કરી, પુસ્તિકા સ્વરૂપે પ્રસિદ્ધ કરવા આજ્ઞા કરી. આ વિદ્વાન્ બાંધવબેલડીએ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર 'ભગવાન સ્વામિનારાયણે પ્રગટાવેલ સામાજિક ચેતના' નામની પુસ્તિકા તૈયાર કરી. આ પુસ્તિકાનો અંગ્રેજી અનુવાદ કરવાનું કામ, મુંબઈ હાઈકોર્ટના ભૂતપૂર્વ વકીલ શ્રી સી. સી. અનાજવાલાને સોંપવામાં આવ્યું. આ અનુવાદનું કામ સત્વરે અને સુંદર થાય એના આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ અનાજવાલાને પત્રમાં લખ્યું કે :

'ચાલુ કેસમાં વડતાલ તરફે રોકાયેલા વકીલોને તથા અન્ય તેવા કાયદાના અનુભવી ભાઈઓને ખૂબ ખૂબ ઉપયોગી થાય; જજ સાહેબોને પણ તે પુસ્તક દ્વારા સાચી વાતની જાણ થાય, જેથી કેસ મજબૂત બને, ભગવાન સ્વામિનારાયણના પ્રતાપ અને કાર્યનો સર્વેને સાચો ખ્યાલ આવે, પ્રૉ. મહેતાએ લખેલાં વિધાનો ખોટાં ઠરે; તો તે મહાન સેવા થશે; અને તે માટે ભગવાન સ્વામિનારાયણ અને સ્વામીના, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ તથા સંપ્રદાયના તમામ સંતો-હરિભક્તોના આશીર્વાદ મળશે; તો તે કાર્ય આપ કરો છો, જે સારું અને વહેલી તકે થાય તે આશીર્વાદ છે.'

# ૧૦. નેતૃત્વ : મહાનતાનો ચતુર્વિધ આવિર્ભાવ


૧૦.૧

પીટર કોએસ્ટેનબામ (Peter Koestenbaum)ના 'Ledership - The Inner Side of Greatness [7]' પુસ્તકમાં નેતાની મહાનતા જુદી જુદી ચાર રીતે પ્રગટ થતી બતાવી છે- તેમની દૃષ્ટિમાં (Vision), તેમના વાસ્તવદર્શી વલણમાં (Reality), તેમની હિંમતમાં (courage) અને તેમના સદાચારી ગુણોમાં (Ethics) મહાનતાનું પુષ્પ, આ ચારેય પુષ્પદલોથી મહેંકી ઊઠે છે. એમાં એક પણ દલ ખંડિત હોય અથવા ખરી પડ્યું હોય તો એવું નેતૃત્વ સત્તાના નશામાં ચૂર, આપખુદ, દમનકારી અને ક્રૂર બનવા પણ સંભવ છે. હિટલરમાં દૃષ્ટિ હતી, વાસ્તવદર્શી વલણ હતું, હિંમત પણ હતી પરંતુ પેલા સદાચારી ગુણોના સદંતર અભાવને કારણે તેણે લાખ્ખો માનવીઓને કેટલી ક્રૂરતાથી રહેંસી નાખ્યા !

૧૦.૨

નેતાની મહાનતાનો ચતુર્વિધ આવિર્ભાવ, નીચેના ચતુષ્કોણીય મોડેલથી વધુ સ્પષ્ટ થાય છે :

પ્રમુખસ્વામી મહારાજની મહાનતાની મહેંક, તેમના સાન્નિધ્યની સોડમ, તેમના પ્રસન્ન પ્રાગટ્યની પરિમલ આ બધું પ્રસરે છે - તેમની દૃષ્ટિમાંથી,




તેમના વાસ્તવદર્શી વલણમાંથી, તેમના સદાચારી - કલ્યાણકારી ગુણોમાંથી અને તેમની અદમ્ય હિંમતમાંથી. અગાઉનાં પ્રકરણોમાં વર્ણવેલા ઘણા પ્રસંગોમાં તેમનાં આ લક્ષણોનાં આપણે દર્શન કર્યાં છે.

સ્વામીશ્રીએ તેમની દૃષ્ટિ - આર્ષદૃષ્ટિ - એક સર્જકની દૃષ્ટિ અને હિંમતનાં, સીમાચિહ્નરૂપ બનેલા એવા કેટલાક પ્રસંગોએ, કેવાં અદ્‌ભુત દર્શન કરાવ્યાં છે હવે જોઈએ.

**૧૦.૩. 'અક્ષરધામ'ના પાયાના બે અદૃષ્ટ સ્તંભો.**

અકલ્પ્ય એવી 'અક્ષરધામ'ની ઈમારતમાં આમ તો ગુલાબી પાષાણના અનેક સ્તંભો જોવા મળે છે; પરંતુ તેના પાયાના બે અદૃષ્ટ સ્તંભો એટલે સ્વામીશ્રીની આર્ષદૃષ્ટિ અને તેમની અદમ્ય હિંમત.

આ લક્ષણોને સમજવા, આવો, આ મહાન સંસ્કૃતિ સંકુલની ગરવી સર્જન ગાથાની પાર્શ્વભૂમાં આપણે એક ડોકિયું કરીએ.

પ્રમુખસ્વામીજીએ ભગવાન સ્વામિનારાયણનું કોઈ કાયમી સ્મારક બનાવવું એવો પોતાનો વિચાર અગ્રણી સંતો સમક્ષ રજૂ કરેલો. શરૂઆતમાં જે કેટલાક વિકલ્પો વિચારાયા હતા તે આ પ્રમાણે હતા : એક ગગનચુંબી કીર્તિસ્તંભની રચના કરવી, માણકી ઘોડી પર આરૂઢ મહારાજની મોહક પ્રતિમા રચવી, મહારાજના જીવનનાં દિવ્ય ચરિત્રોને વાચા આપતું એક પ્રદર્શનરૂપે સ્મારક રચવું ઈત્યાદિ. પરંતુ પછી

સ્વામીશ્રીએ જ પુનર્વિચારણા કરી કે -આવા સ્મારકોનું આયુષ્ય કેટલું ? પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનું સ્મારક આવું અલ્પજીવી ? ગમે તેવા પર્યાવરણની ઝીંકો ઝીલે એવું, સૈકાઓ સુધી ટકે એવું કાયમી સ્મારક બનાવવાની સ્વામીશ્રીએ પોતાની રુચિ વ્યક્ત કરી. ત્યારથી જ નિષ્ણાત સ્થપતિઓના સંપર્કની શરૂઆત થઈ. પાષાણમાંથી ભવ્ય સ્મારક બનાવવા કેવો પત્થર ? ક્યાંથી મેળવવો ? વગેરેનું પોતાની આગવી કોઠાસૂઝથી, સ્વામીશ્રીએ માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું.

પરંતુ ગાંધીનગરમાં આ વિશાળ સંકુલ ઊભું કરવા માટે જો ૩૫,૦૦૦ વાર જમીન હોય તો જ ભાવિ આયોજનોના સંદર્ભમાં પર્યાપ્ત બને. સંસ્થા પાસે માત્ર ૯૦૦૦ વાર જમીન. જ્યાં જોઈતી જમીન લેવાનો ખર્ચ ઘણો હતો. તેને કેવી રીતે પહોંચી વળાય ! બધાને વિમાસણ, પણ સ્વામીશ્રી સ્વસ્થ. જમીન ખરીદીના નિર્ણય માટે એક સીમાચિહ્નરૂપ, હિંમતભર્યો નિર્ણય સ્વામીશ્રીએ લીધો, 'જમીન લઈ લો, બધું થઈ રહેશે.'

પોતાના નિર્ણયમાં ખડક સમા અટલ સ્વામીશ્રીને જોઈ, સર્વમાં નવું જોમ સ્ફુર્યું. મહાન દૃષ્ટા સ્વામીશ્રી કહે, 'અક્ષરધામ કરવું જ છે અને અહીં જ કરવું છે.'

ત્યારબાદ મહંતસ્વામી અને ઈશ્વરચરણ સ્વામી સાથે સંતવૃન્દને સ્વામીશ્રીએ વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિઓ, શ્રેષ્ઠતમ સ્થાપત્યો, સર્વોત્કૃષ્ટ કલાકૃતિઓ, દૃશ્ય-શ્રાવ્યનાં અદ્યતન એવાં વિવિધ માધ્યમો વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરવા મોકલ્યું. આ ટીમમાં આત્મસ્વરૂપ સ્વામી, આનંદસ્વરૂપ સ્વામી, અક્ષયમુનિ સ્વામી, શ્રીજીસ્વરૂપ સ્વામી, વિશ્વવિહારી સ્વામી તથા બ્રહ્મવિહારી સ્વામી વગેરે સંતો પણ હતા. સંતોની આ ટીમને વળાવતાં સ્વામીશ્રી કહે, 'હવે તમે કરી બતાવશો, તો ખબર પડશે.'

તેમના આ પાંચ-સાત શબ્દોમાં કેટકેટલા અર્થ ભર્યા હતા !! પોતે કેળવેલા પોતાના આ શિષ્યોની જાણે કે એક પડકાર ફેંકી કસોટી ન કરતા હોય !

વળી આ શબ્દો દ્વારા પોતાના વિદ્વાન્ સંતમંડળને, આ સદીના એક અત્યંત ઉમદા કાર્યમાં જોડી, તેમનામાં અદ્ભુત સામર્થ્યનો સંચાર (Empowering) કરી રહ્યા હતા ! સાચા નેતૃત્વમાંથી પ્રાપ્ત થતું

Empowering(E) એ ત્રણ પરિબળોની ગુણક અસર છે - દિશાસૂચન (Direction), અનુમોદન (Support) અને સ્વાયત્તતા (Autonomy).

E = D x S x A.

વિશ્વપ્રવાસ ખેડી અત્યંત કાર્યનિષ્ઠ આ ટીમ, સ્થાપત્યકલા અને અદ્યતન ટેક્નોલોજીના જ્ઞાનનો ખજાનો લઈ પરત થઈ. પરંતુ આ સઘળું જ્ઞાન, અત્રે સાંગોપાંગ મૂર્તિમંત કરવા - કંડારવા માટેના ખર્ચની જે મોટી રકમની સ્વામીશ્રી સામે વાત મૂકી. અસંમતિનો એક હરફ ઉચ્ચાર્યા સિવાય સ્વામીશ્રી કહે, 'બરાબર છે, હવે આગળનું આયોજન વિચારો.'

સંતમંડળ પોતાનો આ અજોડ નેતાની અદમ્ય હિંમત, અટલ વિશ્વાસ અને અસીમ શ્રદ્ધા પર વારી ગયું !

ત્યાં તો વળી સ્વામીશ્રી કહે, 'પરંતુ યાદ રાખો, યોગી શતાબ્દીએ અક્ષરધામ તૈયાર થઈ જવું જોઈએ.'

બધાએ એકમેકની સામું જોઈ મનોમન પ્રતિજ્ઞા લીધી. જાણે સૌએ પોતપોતાની શિખાની ગાંઠવાળી કે ફના થઈ જઈશું, આવા અદ્વિતીય નેતાની - ગુરુની આજ્ઞા ઉપર !!

અને ત્યાર પછીનો ઈતિહાસ તો સર્વવિદિત છે. એવી તો અજબ ચેતનાનો સંચાર થયો - સંતો, હરિભક્તો, કાર્યકરો, માર્ગદર્શન આપતા ઈજનેરો, સ્થપતિઓ, કારીગરોમાં અને આયોજનબદ્ધ કાર્યક્રમ હાથ ધરી, સહિયારા પુરુષાર્થથી, નિર્દિષ્ટ સમય મર્યાદામાં, અક્ષરધામનું નિર્માણ કરી, યોગી શતાબ્દી મહોત્સવે, સ્વામીશ્રીનાં ચરણોમાં ધરી દીધું !!

અસંભવ સંભવ બની ગયું - સ્વામીશ્રીની હિંમત અને આર્ષદૃષ્ટિથી !

૧૦.૪

ભગવાન સ્વામિનારાયણની બેઠેલી મૂર્તિ અને તેમના અનન્ય ભક્ત મૂળ અક્ષરમૂર્તિ સ્વામીશ્રી ગુણાતીતાનંદ તેમજ મહામુક્ત સ્વામીશ્રી ગોપાલાનંદની મૂર્તિઓ આ મુખ્ય સંકુલમાં પ્રતિષ્ઠિત કરતા પહેલાં, તેમનાં કદ, ઘાટ, તેમાંથી ઉપસતી ભાવરેખાઓ વગેરેમાં પૂર્ણતા લાવવા, તેનાં વિવિધ મોડેલો રચી, નિષ્ણાત સ્થપતિઓનાં પરીક્ષણોમાંથી પસાર કરવામાં આવેલાં.. છેલ્લે જ્યારે, સ્થાપત્ય અને કલાના નિર્દિષ્ટ ધોરણોથી પ્રમાણિત

થયેલ એવું એક આબેહૂબ મોડેલ તૈયાર થઈ ગયું ત્યારે, સ્વામીશ્રીના આખરી અનુમોદન અર્થે તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યું. સ્વામીશ્રીએ તેની આરતી ઉતારી, પછી કહે, ''મહારાજની બેઠેલી મૂર્તિના સૂરવાલમાં કરચલીઓ હોવી જોઈએ, ચક્ષુમાં પણ ઊંડાણ વધારે હોવું જોઈએ.''

## ૧૦.૫. એ કોઈ દૃષ્ટા હોવા જોઈએ

'અક્ષરધામ સંકુલ'નું નિર્માણકાર્ય તેના છેલ્લા તબક્કામાં હતું ત્યારનો આ પ્રસંગ છે. તેમાં સેવા આપી રહેલ નિષ્ણાત સ્થપતિઓને અને સંતોને એક જટિલ પ્રશ્ન કઠી રહ્યો હતો કે અક્ષરધામ સ્મારકને ફરતી જે પરિક્રમા છે તેનો અંતિમ છેડો (End) કેવી રીતે મૂકવો ? ઘણાં મંથન પછી પણ આ લોકો કોઈ નિર્ણય પર આવી શક્યા નહોતા. એવામાં સ્વામીશ્રી ત્યાં પધારેલા. શ્રી ગોરધનભાઈ પટેલને ત્યાં તેમનો ઉતારો હતો. સંતો, સ્થપતિઓ તે રાત્રે સ્વામીશ્રીને મળી તેમની આ મૂંઝવણ રજૂ કરી. સ્વામીશ્રીએ સૌને શાંતિથી સાંભળી જ રહ્યા. સાડા દસેક વાગ્યા અને સ્વામીશ્રી તો પોઢવા ઊઠ્યા.

બીજે દિવસે સવારે સમગ્ર સંકુલના નિરીક્ષકો નીકળ્યા; ત્યાં આ સંતો અને માર્ગદર્શક સ્થપતિઓ પણ હાજર હતા. અક્ષરધામના ફુવારાની આગળ (સહજાનંદ વનની દિશામાં) અત્યારે જ્યાં પ્લૅટફૉર્મ છે, ત્યાં તે વખતે ઝાંખરાંવાળી ખુલ્લી જમીન જ હતી, સ્વામીશ્રી ચાલતાં ચાલતાં બરાબર એ જગ્યાએ આવીને જ થંભી ગયા. અને કહે, 'ગઈકાલે તમે પૂછ્યું. સૂતાં સૂતાં વિચાર આવ્યો. જો ઠીક લાગે તો તમે એ પ્રમાણે કરજો. આ જ જગ્યાએ (જ્યાં પોતે ઊભા હતા) પ્લૅટફૉર્મ બનાવો. બાજુમાં બે land post મૂકજો પરિક્રમા જેટલી ઊંચાઈ રાખજો અને દરવાજો નહિ બનાવતા.'

ત્યાં ઉપસ્થિત સંતો - સ્થપતિઓ સૌ જાણે નચિંત થઈ ગયા ! પ્રસન્ન વદને, પૂર્ણ સંતોષથી સ્વામીશ્રીના આ સૂચનના અમલમાં પરોવાઈ ગયા.

અક્ષરધામની મુલાકાતે આવતા ખ્યાતનામ દેશી-વિદેશી સ્થપતિઓ અને નિર્માણકાર્યના વિશ્વસ્તરના તજ્જ્ઞો આજેય પૂછે છે કે અહીં દરવાજો નહિ મૂકવાનો આ મૂળ વિચાર કોણે આપ્યો ? ચોક્કસ એ કોઈ Visionary

(દૃષ્ટા) હોવા જોઈએ !

૧૦.૬

૧૯૯૦ની વિદેશયાત્રા દરમ્યાન પૂ. સ્વામીશ્રી લંડન મુકામે વિરાજતા હતા. પૂ. જ્ઞાનેશ્વર સ્વામી, પૂ. સ્વામીશ્રીને મીડલેન્ડ્ઝના વિચરણના ફોટોગ્રાફસ્ બતાવી રહ્યા હતા. લીડ્ઝના મેયરનો ફોટો જોતાં સ્વામીશ્રીએ પૂછ્યું,

"આ કોણ ?"

"લીડ્ઝના મેયર" પૂ. જ્ઞાનેશ્વર સ્વામીએ જવાબ આપ્યો.

"કોટનો રંગ જુદો છે !" સ્વામીશ્રીએ કહ્યું.

અને ખરેખર એમ જ હતું. આ ફોટાની પ્રિન્ટ કાઢતી વખતે તેનો રંગ બદલાઈ ગયો હતો !

૧૦.૭

અક્ષરધામના મુખ્ય સ્મારકમાં હાલ જેનાં દર્શન થાય છે તે ભગવાન સ્વામિનારાયણની બેઠી મૂર્તિની ઊંચાઈ, તેમની જમણા હાથની અભયમુદ્રા, એ મૂર્તિના ભાવ ઉપસાવવા, ઇત્યાદિ સૂક્ષ્માતિસૂક્ષ્મ સૂચનો પણ સ્વામીશ્રીએ કરેલાં.

વળી આ મૂર્તિના પેડેસ્ટલની ઊંચાઈ ૧૨ફીટ રાખવી, પ્રદક્ષિણાના થાંભલાઓની પહોળાઈ ૧૦ફીટ થી ૧૨ફીટ રાખવી (ઇજનેરોએ ૧૮ફીટ સૂચવેલી) આના જેવી માપ-કદને લગતી ઝીણી ઝીણી બાબતોનાં સૂચન પણ સ્વામીશ્રીએ કરેલાં. આ મૂળ સ્મારકનો ઘૂમ્મટ સ્થપતિઓએ ચોરસ આકારે કરવો એમ સૂચવેલું. સ્વામીશ્રીએ તે અષ્ટકોણીય બનાવવાનું સૂચન કર્યું !

*

આ રીતે આ યુગના વિરલ નેતા પ્રમુખસ્વામી મહારાજની મહાનતાના, આ ચતુર્લક્ષણીય આવિર્ભાવને સમજવાની જેટલી દૃષ્ટિ કેળવાય, તેટલું તેમનું નિરાળું નેતૃત્વ સમજાય, અને જેટલું તેમનું નેતૃત્વ સમજાય તેટલું તેમની પ્રત્યેનું આપણું દાસત્વ દીપી ઊઠે !

આ નિરાળું નેતૃત્વ સકળ વિશ્વને, ચિરંતનકાળ સુધી સાંપડે અને વિશ્વ એક વસવા યોગ્ય શાંતિસદન બની જાય એવી એમના જ દિવ્ય ચરણકમળમાં પ્રાર્થના સહ વિરમીએ. અસ્તુ !

# સંદર્ભસૂચિ


1. 'Developing Leaders' by John Adair, - McGraw Hill.
2. 'Leadership' by Safore and Leonard Saffire
3. 'Stogdill's Handbook of Leadership'
   by Barnard M. Brass
4. 'Motivational Approach to Management Development' (Harvard Business Review, July-August, 1959), by Rensis Likert.
5. 'Human Behavior at Work' - Organisational Behavior by Keith Davis, McGraw Hill
6. 'Study of Non-Profit Leaders' Non-Profit Management and Leadership Vol. 4, No. 4, Summer 1994.
   by David J. Nygren, Miriam D. Ukesitis, Macclleland, Hickma.
7. 'Leadership - The Inner Side of Greatners'
   by Peter Koestenbaum.

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ
## અમૃત મહોત્સવના ઉપક્રમે
## તેઓને ભાવપુષ્પ અર્પણ કરતા પ્રકાશનોની અદ્‌ભુત શ્રેણી

૧. પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ.
(સંક્ષિપ્ત જીવનચરિત્ર)
લે. મોહનભાઈ પટેલ.

૨. ગુરુભક્તિ
લે. કોઠારી ભક્તિપ્રિય સ્વામી

૩. એવા સંતને નામું હું શીશ
લે. સાધુ ઈશ્વરચરણદાસ

૪. અમૃત સરિતા
લે. સાધુ વિવેકસાગરદાસ

૫. પૂર્ણ દિવ્યતા
લે. સાધુ આનંદસ્વરૂપદાસ

૬. અક્ષરના હસ્તાક્ષર
લે. સાધુ પ્રિયદર્શનદાસ

૭. પરાભક્તિ
લે. સાધુ અક્ષરજીવનદાસ

૮. યૌવનના સુહૃદ
લે. સાધુ વિવેકપ્રિયદાસ

૯. પ્રેરક વ્રત નિયમના
લે. સાધુ આદર્શજીવનદાસ

૧૦. પ્રશ્નોત્તરી
સં. સાધુ પરમાનંદદાસ

૧૧. નિરાળું નેતૃત્વ
ડૉ. એ.સી. બ્રહ્મભટ્ટ

૧૨. જેવા મેં નીરખિયા રે...
ભાગ-૧ (મુદ્રણમાં)

૧૩. જેવા મેં નીરખિયા રે...
ભાગ-૨ (મુદ્રણમાં)

૧૪. જેવા મેં નીરખિયા રે...
ભાગ-૩ (મુદ્રણમાં)

૧૫. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી
મહારાજ
(પરિચય પુસ્તિકા)
લે. સાધુ પ્રિયદર્શનદાસ

**સદ્‌ગુણોના મહાસાગર સમા**
**પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના**
**દિવ્ય જીવન-કાર્યને રજૂ કરતી અદ્‌ભુત પ્રેરણાપ્રદ પ્રકાશન શ્રેણી**

---

**આપ જરૂર વાંચો અને બીજાને વાંચવા પ્રેરણા આપો.**

---



'આપણે ક્યાં નેતા છીએ ? આપણે તો સેવક છીએ.'
આ સાહજિક ઉદ્‌ગારો કહેતા પ્રમુખસ્વામી મહારાજે
સમાજને અને લાખ્ખો અનુયાયીઓને જે નેતૃત્વ પૂરું પાડ્યું છે
તેની તુલનામાં રાજકીય, સામાજિક, શૈક્ષણિક કે અન્ય
કોઈ ક્ષેત્રનું નેતૃત્વ વામણું લાગે !
સ્વામીશ્રી એક એવા નેતા છે કે જેણે અન્યની
સતત ચિંતા જ કર્યા કરી છે. તેમના દુઃખના ભાગીદાર બન્યા છે.
તેમની આપત્તિની પળોમાં હૂંફ અને સથવારો પૂરાં પાડ્યાં છે.
મૃતપ્રાયઃ બની, ભાંગી પડવાની અણી પર હોય એવા
સેંકડો હૃદયોને આશ્વાસન, સાંત્વન અને સમજણની સંજીવની સૂંઘાડી
ઉગારી લીધા છે. તેમની આ મહાન સંસ્થાના પ્રમુખ તરીકે
વરણી થઈ ત્યારથી માંડીને, આજ પર્યંતની
તેમની કર્મઠ કાર્યશૈલી પર નજર નાખીએ તો પણ
તેમના બેમિસાલ નેતૃત્વને મૂલવવા માટે તે પૂરતું થઈ પડે.
આ યુગના વિરલ નેતા પ્રમુખસ્વામી મહારાજની મહાનતાના,
આવિર્ભાવને સમજવાની જેટલી દૃષ્ટિ કેળવાય, તેટલું
તેમનું નિરાળું નેતૃત્વ સમજાય.
આ નિરાળું નેતૃત્વ સકળ વિશ્વને, ચિરંતનકાળ સુધી સાંપડે
વિશ્વ એક વસવા યોગ્ય શાંતિસદન બની જાય !

अमृत
महोत्सव
૯૫